Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
Serving at 2 locations GTA East / GTA West
ON LIC # 10530
Investment I Insurance I Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

Happy New Year
2021
સ્વદેશ
પરિવાર તરફથી વાચકો અને વિજ્ઞાપનદાતાઓને
નવા વર્ષની હાર્દિક શુભેચ્છા

FRIDAY, 01 JANUARY, 2021 Vol. 17, No. 01 Pages 24 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## દુનિયાના કોરોના પ્રભાવિત દેશોમાં અમેરિકા, ભારત બાદ હવે બ્રાઝિલ પણ સામેલ

# જર્મનીમાં કોરોનાનો કેરઃ ૨૪ કલાકમાં ૧૦૦૦નાં મોત

## બ્રાઝિલમાં પણ કોરોનાએ એક દિવસમાં ૧૧૦૦થી વધુનો ભોગ લેતાં ખળભળાટ

રોમ, બ્રાસીલિયા : છેલ્લા એક વર્ષથી કોરોના મહામારી સામે દુનિયા લડી રહી છે. દરરોજ લાખોની સંખ્યામાં કેસ આવી રહ્યા છે. તો સામે હજારો લોકોના મોત પણ થઈ રહ્યા છે. જર્મનીમાં પણ કોરોનાનો કહેર શરુ થયો છે. બુધવારે અહીં પહેલીવાર સૌથી વધુ મોત નોંધાયા હતા.

જર્મનીના રાષ્ટ્રીય રોગ નિયંત્રણ કેન્દ્ર દ્વારા બુધવારે જણાવવામાં આવ્યું હતું કે ગત ૨૪ કલાકની અંદર જર્મનીમાં કોરોનાના કારણે ૧૧૨૯ દર્દીઓના મોત થયા છે. આ પહેલા સૌથી વધારે મૃત્યુ એક અઠવાડિયા પહેલા નોંધાયા હતા. ત્યારે એક દિવસમાં ૯૬૨ લોકોના મોત થયા હતા. ૧૧૨૯ લોકોના મોત સાથે જ જર્મનીમાં કોરોનાનો કુલ મૃત્યુઆંક ૩૨૧૦૭ થયો છે.તો અત્યાર સુધી કોરોનાના કુલ ૧૬.૯ લાખ કેસ નોંધાયા છે. જર્મનીમાં જ્યારે કોરોનાની પહેલી લહેર હતી ત્યારે દુનિયાના અન્ય દેશોની સરખામણીમાં ત્યાં મૃત્યુદર ઘણો વનીચો હતો. જ્યારે હવે બીજી લહેરમાં મૃત્યુદર સતત નવા રેકોર્ડ બનાવી રહ્યો છે.

કોરોનાની બીજી લહેર અને વાયરસના નવા સ્ટ્રેનના કારણે ત્યાં ફરી વખત કડક પ્રતિબંધો લાગુ કરવામાં આવ્યા છે. આ પ્રતિબંધો ૧૦ જાન્યુઆરી સુધી લગાવવામાં આવ્યા છે. ૧૦ જાન્યુઆરી બાદ પણ જો સ્થિતિ કાબૂમાં ના આવી તો આ પ્રતિબંધોને વધારવામાં આવશે.



કોરોના મહામારીના કારણે દુનિયામાં સૌથી વધારે પ્રભાવિત દેશોના યાદીમાં બ્રીઝિલ ત્રીજા નંબર ઉપર વે છે. બ્રાઝિલમાં ફરી એક વખત કોરોના મહામારીએ કહેર વર્તાવવાનું શરુ કર્યુ છે. દેશની અંદર છેલ્લા ૨૪ કલાકની અંદર ૧૧૦૦ કરતા પણ વધારે લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે. બ્રાઝિલમાં ઓક્ટોબર મહિના બાદ પહેલી વખત આટલી મોટી સંખ્યામાં મોત નોંધાયા છે.

બીજીતરફ બ્રાઝિલના સ્વાસ્થ્ય વિભાગના જણાવ્યા પ્રમાણે દેશમાં છેલ્લા ૨૪ કલાકના અંદર કોરોનાના કારણે ૧૧૧૧ લોકોના મોત થયા છે. આ પહેલા ૩ ઓક્ટોબરની અંદર ૧૩૦૭ લોકોના મોત થયા હતા. ત્યારબાદ ગત ૨૪ કલાકમાં સૌથી વધારે મૃત્યુઆંક નોંધાયો છે. જેની સાથે જ બ્રાઝિલમાં કોરોનાના કારણે મોતનો કુલ આંકડો ૧, ૯૮,૬૮૧ પર પહોંચ્યો છે. જ્યાં અત્યાર સુધીમાં કોરોનાના ૧૪ લાખ કરતા પણ વઘારે કેસ નોંધાયા છે. તો કોરોનાના કારણે મૃત્યુ પામનાર લોકોની સંખ્યા પમ ૪૬ હજાર કરતા વધારે છે. દુનિયામાં કોરોના વાયરસથી સૌથી વધારે પ્રભાવિત દેશોની વાત કરીએ તો પહેલા સ્થાન ઉપર અમેરિકા છે. ત્યારબાદ બીજો ક્રમ ભારતનો આવે છ અને ત્રીજા ક્રમ ઉપર બ્રાઝિલ છે.

# કૃષિ બિલ વિવાદ : આખરે બે મુદ્દા ઉપર સહમતિ

નવી દિલ્હીઃ નવા કૃષિ કાયદાનો એક મહિના કરતા પણ વધારે સમયથી વિરોધ કરી રહેલા ખેડૂતો પાછળ હટવાનું નામ નથી લઈ રહ્યા. દરમિયાન બુધવારે સાતમી વખત ખેડૂત સંગઠનો અને સરકાર વચ્ચે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પણ સંપૂર્ણ સામાધાન તો નથી થયું પરંતુ આંશિક સામાધાન થયું છે તેમ કહી શકાય.

બેઠક પૂર્ણ થયા બાદ સરકારને ખેડૂતોએ જણાવ્યું કે ચારમાંથી બે મુદ્દાઓ ઉપર સહમતિ સધાઈ છે, જ્યારે બે મુદ્દાનો ઉકેલ આવ્યો નથી. માટે હવે આગામી બેઠક માટે ૪ જાન્યુઆરીની તારીખ નક્કી કરવામાં આવી છે. દિલ્હીના વિજ્ઞાન ભવનમાં સરકાર અને ૪૦ ખેડૂત સંગઠનો સાથે બેઠક યોજાઈ હતી. જેમાં ખેડૂતોએ રજુ કરેલા ચાર મુદ્દામાંથી બે મુદ્દાનો સરકારે સ્વીકાર કર્યો છે. સરકાર તરફથી કૃષિમંત્રી નરેન્દ્ર સિંહ તોમર ને રેલમંત્રી પિયુષ ગોયલે આ બેઠકમાં ભાગ લીધો હતો.

બેઠક બાદ કૃષિમંત્રી નરેન્દ્ર સિંહ તોમરે જણાવ્યું કે પર્યાવરણ સાથે જોડાયેલા અધ્યાદેશમાંથી ખેડૂતોને બાદ કરવા અને નવા વિજળી કાયદામાં પણ ખેડૂતોને રાહત આપવાના બે મુદ્દાઓ ઉપર ખેડૂતો સાથે સહમતિ થઈ છે. જ્યારે કૃષિ કાયદાને પરત લેવાની માંગ અને એમએસપી ઉપર હજુ સહમતિ બની નથી. જેના માટે ૪ જાન્યુઆરીએ આગામી બેઠક મળશે.

કોરોના અંગેના વધુ અહેવાલ પેજ નં. ૨, ૭, ૧૯ અને ૨૧ ઉપર

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

RUMA LAW OFFICE
Real Estate Law
Family Law (Legal Aid Certificate Accepted)
Wills and Estates
Affidavit and Power of Attorney
Immigration Law
Legal Documentation and Notarization
Tel: 416-299-4815
55 Nugget AVE. Suite 230E, Scarborough, ON M1S 3L1
RUMA DIWANJI
Barrister, Solicitor & Notary Public
rumalawoffice@gmail.com

RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કેનેડામાં ૫૭૦૪ નાગરિકો કોરોના સંક્રમિતઃ ૬૫ના મોત

## સૌથી વધુ ઓન્ટેરિયોમાં ૨૯૨૩ દર્દી સંક્રમિત મળ્યા, ક્યૂબેકમાં સૌથી વધુ ૪૧ દર્દીના મોત નોંધાયા

• દેશમાં એક્ટિવ કેસની સંખ્યા હજી ૭૨૮૮૯, હોસ્પિટલમાં ૭૧૧ દર્દીઓની હાલત નાજૂક

ઓન્ટેરિયો : કોરોનાનો બીજો તબક્કો અપેક્ષા મુજબ કેનેકાના નાગરિકો માટે નુકસાનકારક સાબિત થઈ રહ્યો છે. બુધવારે સાંજે ૮ વાગ્યા સુધીના અંતિમ ૨૪ કલાકમાં દેશમાં નવા ૫૭૦૪ કેસના ઉમેરા સાથે કુલ સંક્રમિતોનો આંકડો ૫૭૧૨૧૦ થઈ ગયો હતો. જયારે આ જ સમયગાળામાં કુલ ૬૫ દર્દીઓએ કોરોનાને કારણે જીવ ગુમાવ્યા હતા. દેશમાં એક્ટિવ કેસની સંખ્યા હજી ૭૨૮૮૯ હોવાનું સુત્રોએ જણાવ્યું હતુ. જે પૈકી ૭૧૧ દર્દીઓની હાલત નાજૂક છે.

મળતી વિગતો મુજબ કેનેડામાં કોરોનાનો કેર જારી રહ્યો હોય તેમ બુધવારે ઓન્ટેરિયોમાં નવા ૨૯૨૩ કેસ નોંધાવા સાથે ૨૪ દર્દીઓના મોત નોંધ્યા હતા. જયારે ક્યૂબેકમાં નવા ૨૫૧૧ દર્દી કોરોના પોઝિટિવ મળવા ઉપરાંત ૪૧ લોકોના મોત નિપજ્યા હતા. એ જ રીતે ન્યુબ્રુન્સવીકમાં નવો એક કેસ નોંધાયો હતો. મોનીટોબામાં લોહીના સેમ્પલ લઈને કરાયેલા ટેસ્ટિંગમાં ૧૩૦ દર્દી કોરોનાથી સંક્રમિત હોવાની પૃષ્ટિ થઈ હતી. અહીં દિવસ દરમિયાન ૨ દર્દીએ જીવ ગુમાવ્યો હતો. આ ઉપરાંત નોવા સ્કોસિયામાં નવા ૩ કેસ અને સાસ્કેચવાનમાં નવા ૧૪૭ કેસ નોંધાયા હતા. સાસ્કેચવાનમાં બુધવારે કોરોનાની સારવાર લઈ રહેલા ૩ દર્દીના મોત થયા હતા.

# દેશમાં વેક્સીનેશનની મંદ ગતિથી લિબરલ સરકાર સામે નારાજગી



### ફાઈઝર તરફથી પુરતો જથ્થો નહીં મળતા વેક્સિનેશનને અસર, દેશમાં કોલ્ડ સ્ટોરેજની તંગી પણ એક કારણ

ટોરોન્ટો : કેનેડામાં કોવિડ-૧૯ની વેકસીનના લાખો ડોઝ મેળવવાનું સુનિશ્ચિત કરી રહ્યું હોવા છતાં રસીકરણની શરૂઆતમાં વિલંબ અને આયોજનમાં ત્રુટીઓને કારણે લોકોમાં અને સમિક્ષકોમાં ટીકા અને રોષ જોવા મળી રહ્યો છે.

ટોરોન્ટો બાયો સ્ટેટીસીયન રેન ઈમ્ગ્રન્ડે મીડિયાને કહ્યું હતું કે, આપણને જેટલી જલ્દી રસી મળવી જોઈએ. એટલી જલ્દી મળી નથી રહી. રાષ્ટ્રીય સ્તરે કુલ વસ્તીના એક પંચમાશથી ઓછા એટલે કે, અંદાજે ૫૬૮૪૫ લોકોને વેકસીન અપાઈ ચુકી છે. જે અમેરિકાની તુલનામાં ટકાવારીની રીતે ઓછી હોવાથી આ વાત ચર્ચાનો વિષય બની છે એમ ઓક્ષફર્ડ યુનિવસીટીના ઓનલાઈન ટુલ' અવર વર્લ્ડ ઈન ડેટા' પરથી જાણવા મળે છે. દર સો વ્યકિતએ અપાયેલી વેકસીનના આધારે ક્રમાંક મુજબ કેનેડામાં ૦.૧૪, અમેરિકામાં ૦.૫૯, યુ.કે.માં ૧.૧૮, બહેરીનમાં ૩.૨૩ તથા ઈઝરાયેલમાં ૩.૩૭ લોકોને વેક્શિન મુકાઈ છે. આ વર્ષના અંત સુધીમાં ૨૦ મિલીયન લોકોને વેકસીન આપવાનો લક્ષ્યાંક હતો. જયારે માત્ર બે મિલીયન લોકોને જ અત્યાર સુધીમાં વેકસીન અપાઈ શકી છે. કેનેડામાં ગતિ મંદ હોવાનું મુખ્ય કારણ ફાઈઝર તરફથી વેકસીનનો જથ્થો પુરતો અપાતો નહીં હોવાનું છે. જે આયોજનની ત્રુટી તરીકે જોવામાં આવી રહી છે. કેટલાક પ્રાંતોમાં વેકસીનને રાખવા માટેના કોલ્ડ સ્ટોરેજની તંગી પણ કારણરૂપ છે. દાખલા તરીકે મેનીટોબામાં ૨૩મી ડિસેમ્બરથી વેકસીન કલીનીક બંધ કરી દેવાયા હતા. ઓન્ટેરિયોને ફાઈઝર વેકસીનના ૯૦ હજાર ડોઝ મળ્યા છે અને નવી મંજુર થયેલી મોડેર્ના વેકસીનના ૫૩ હજાર ડોઝ મળવાની અપેક્ષા હતી પણ મહિનો પુરો થાય ત્યાં સુધીમાં માત્ર ૧૩૨૦૦ વેકસીન સોમવારે સાંજે ૪ વાગ્યા સુધી અપાઈ શકી હતી.

# બીસીમાં બ્રિટન જેવા લક્ષણો ધરાવતો કોવિડનો દર્દી મળ્યો

બ્રિટીશ કોલંબિયાના આરોગ્ય સત્તાવાળાઓએ રવિવારે સત્તાવાર રીતે જાહેર કર્યું હતું કે, કોવિડ-૧૯ના નવા લક્ષણો સાથેનો પહેલો કેસ જોવા મળ્યો છે. જે વ્યકિતમાં આ લક્ષણો જોવા મળ્યા હતા એ યુ.કે.થી એરકેનેડાની ફલાઈટ એસી ૮૫૫માં ૧૫મી ડિસેમ્બરે કેનેડા આવી હતી.




### દર્દી ૧૫મી ડીસેમ્બરે યુ.કે.થી એરકેનેડાની ફ્લાઈટમાં આવ્યો હતો

### ટોરોન્ટોના પૂર્વ વિસ્તારમાં રહેતા દંપત્તીમાં કોરોનાના ગંભીર લક્ષણો દેખાયા

ત્યારબાદ તે આઈલેન્ડ હેલ્થ વિસ્તારમાં રહે છે. દરમિયાન તે વ્યક્તિ ૧૪ દિવસના કવોરન્ટાઈનમાં હતો. આ દરમિયાન કોરોનાના પરિક્ષણ માટે લેવાતા સેમ્પલમાં તેનું લોહી લેવાયું હતુ. જેની ચકાસણી થતાં ૧૯મી ડિસેમ્બરે તે વ્યક્તિનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો હતો. યુનિવસીટી ઓફ બ્રિટીશ કોલંબિયાના ચેપી રોગના નિષ્ણાંત ડો. શ્રીનિવાસ મુર્તિએ કહ્યું હતું કે, નવા લક્ષણો સાથેનો કેસ આપણે ત્યાં મળે એ અપેક્ષિત જ હતું. આવા ઘણાં કેસ હજુ પ્રાંતમાં, કેનેડામાં, અમેરિકામાં અને સમગ્ર વિશ્વમાં હોઈ શકે છે. પડકાર તો એવા કેસોને શોધી કાઢીને એના પ્રસારને અટકાવવાનો જ છે.

કેનેડામાં જો કે, શરૂઆતના દિવસોમાં એની ઓળખ થઈ છે, એટલે એને અટકાવવાની તક પણ મળી છે. એના પ્રસારની સાંકળને તરત જ તોડવાનો પડકાર છે. પણ એ હમણાં જ શરૂ કરવું પણ જરૂરી છે. આ નવા લક્ષણો સાથેનો કેસ મળી આવનાર ઓન્ટેરિયો કેનેડાનો પહેલો પ્રાંત બન્યો છે. બે ગુંચવણભર્યા કેસ ટોરોન્ટોના પૂર્વ વિસ્તાર ડરહામ્ રીજિયનના એક દંપતીમાં જોવા મળ્યા હતા. એમની ટ્રાવેલ હિસ્ટરી જાણીતી નથી. પરંતુ હાઈ રીસ્ક કોન્ટેકટ હોવાની શકયતા હોવાનું ઓન્ટેરિયોના એસોસિયેટ ચીફ મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ ડો.બાર્બરા યાફેએ શનિવારે બહાર પાડેલી અખબારી યાદીમાં જણાવ્યું હતુ. ઓન્ટેરિયોના આરોગ્ય અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે, અન્ય એક કેસ પણ રવિવારે ઓળખાયો છે. જેનો એક કોન્ટેકટ ઓટાવાના એક વ્યકિત સાથે છે. જે તાજેતરમાં જ યુ.કે.થી પાછો ફર્યો છે. આમ કેનેડામાં કુલ ચાર કેસ ઓળખાયા છે. જો કે રવિવારે બ્રિટીશ કોલંબિયાના હેલ્થ ઓફિસર ડો.બોની હેન્રી અને હેલ્થ મિનીસ્ટર એડ્રીયાન ડીક્ષોએ સયુંકત નિવેદનમાં જણાવ્યું હતું કે, કોવિડ-૧૯ના નવા લક્ષણોથી બિમારી વધવા કે ગંભીર થવાની શકયતા ઓછી છે અને મંજુરી સાથેની વેકસીનની અસરકારકતા આ લક્ષણો સામે પણ ઓછી નહીં હોય.


Happy New year & Best Wishes to all.
VISITOR TO CANADA AND NEW IMMIGRANTS INSURANCE
SHIV FINANCIAL SERVICES
Personal Tax - File is Free For New Immigrants.
Full Time Service Provider
Serving Community Since 2009
Supervisa Insurance Monthly Plan Available
• Life Insurance, Critical Illness Insurance & Mortgage Insurance with Money Back Option • Health & Dental Plan • Segregated Fund • Personal Tax-file
* અમે બધી ટોપની ઈન્સ્યુરન્સ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.
* New Life Insurance Advisors are recruited.

જગદીશ સેવક
(Financial Advisor)
Cell: 647-236-7620
::: For Free Quotation & Consultation :::
SHIV FINANCIAL SERVICES
"Proper insurance coverage is Peace of Mind"
Email: sevak_2007@hotmail.com
www.shivfinancialservices.ca
GUARANTEED LOWEST PREMIUM



The North Star Insurance Inc.
For all your Insurance & Investment needs
Start Education Saving Plan for your kid's education
Get up to $7200 Grant (CESG) * Get up to $2000 Grant CLB
Get up to 15% Extra Bonus on your contribution *(Condition Apply)
Start Retirement Saving Plan & Get the benefit of
* Tax Deduction * Tax Free Growth
* Retirement Income * Spousal RRSP
* First home buyers plan * Education costs for you/your spouse
Life Insurance | Critical Illness Insurance | Disability Insurance
Visitors Insurance | Travel Insurance | Super Visa Insurance
Call today for a free no obligation quote
Jagdish Patel (President, insurance Advisor) 647-470-1673 northstar.inc19@gmail.com
Jagruti Patel (Insurance Advisor) 647-831-7045 advisorjpatel@gmail.com
Hiring new & experienced insurance advisor
• Better Commission package • Weekly product training
• One on one basis support • Full flexibility

# કોવિડના નવા લક્ષણોથી પરિસ્થિતિ વધુ ગંભીર બની : વડા પ્રધાન ટ્રુડો



**ક્રિસમસની ઉજવણી માટે પ્રવાસ નહીં ખેડવા ટ્રુડોની અપીલ : નિયમોનું પાલન નહીં કરો તો આકરા દંડની ચેતવણી અપાઈ**

ઓટાવા : કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ કેનેડાના લોકોને ક્રિસમસ દરમિયાન પોતાના ઘરોમાં જ રહેવા અને પ્રવાસ નહીં કરે તેવી વિનંતી કરી હતી. તેમણે બુધવારે પોતાના નિવાસ સ્થાનની બહારથી રાષ્ટ્રજોગ સંબોધનમાં આ વિનંતી કરી હતી. તેમણે કહ્યું હતું કે, એક વાત સ્પષ્ટ છે કે, આ સમય વિદેશમાં વેકેશન ગાળવા માટેનો નથી. ભલેને તમે દર વર્ષે આ મોસમમાં પ્રવાસ કરતા હો.

પણ આ વખતે ફરીથી વિચારી જો જો. કેમ કે, દેશના ઘણાં વિસ્તારોમાં હોસ્પિટલો ઉભરાઈ રહી છે. કોવિડ-૧૯ના નવા કેસોને કાબુમાં લેવા ઘણાં પ્રયાસો કરવા પડી રહ્યા છે. અને આ રોગના બ્રિટીશ લક્ષણોવાળા નવા કેસો પણ જોવા મળી રહ્યા છે. પરિસ્થતિ ઘણી ગંભીર બની રહી છે. એટલે ઘરોમાં રહીને અને જાહેર આરોગ્ય વિભાગના નિયમોનું પાલન કરીને તમે પણ આ સમસ્યાનો ઉકેલ લાવવામાં સહભાગી બની શકો છો. જસ્ટીન ટ્રુડોએ ફ્રેન્ચ ભાષામાં કહ્યું હતુ કે, એરપોર્ટ વ્યસ્ત ન રહેવા જોઈએ. જો તમે બુકીંગ કરાવ્યું હોય તો તમારી ટ્રીપ કેન્સલ કરાવવાનું વિચારો.

કવોરન્ટાઈનના નિયમો હજુ અમલમાં છે. જો તમે પ્રવાસ કરવાનું નક્કી કરશો તો જયારે તમે દેશમાં પાછા ફરશો ત્યારે વધુ કડક નિયમોનું પાલન પણ તમારે ૧૪ દિવસના કવોરન્ટાઈનને પાળીને કરવું પડશે. જો તમે આ નિયમોનું પાલન નહીં કરો તો એના પરિણામો ગંભીર આવી શકે છે. માર્ચ માસમાં નક્કી કરાયેલા દંડમાં ૭૫૦૦૦૦ યુએસ ડોલર સુધીના દંડ અને અથવા છ માસની કેદની જોગવાઈ પણ છે. કેટલાક માટે તો જાનનું જોખમ પણ છે જ, પરંતુ જો તમારા કારણે બીજા કોઈને નુકસાન પહોંચે તો એવા સંજોગોમાં નિષ્કાળજીભર્યા વર્તન અને કાનૂનભંગ બદલ એક મિલીયન યુએસ ડોલરનો દંડ કે ત્રણ વર્ષની કેદ પણ થઈ શકે છે.

અથવા તો બંને થઈ શકે છે. કાલગેરીમાં એરપોર્ટ ઉપર રેપીડ ટેસ્ટીંગ થાય છે અને ફેડરલ સરકારે ઓન્ટેરિયો અને કયુબેકના સત્તાવાળાઓ સાથે ચર્ચા શરૂ કરી છે કે, ઈન્ટરનેશનલ પ્રવાસીઓનું રેપીડ ટેસ્ટીંગ માટેના પ્રોટોકોલનો અમલ કરવો જોઈએ.

તેમણે લોકોને આ વખતનો ઉત્સવ ઘરોમાં રહીને પરિવારની સાથે જ ઉજવવા પણ વિનંતી કરી હતી.






# કોરોના ઈફેક્ટ : કેનેડામાં ટાઈની હોમની માંગમાં વધારો

## મહામારીને કારણે આર્થિક સ્થિતિ નબળી પડતાં લોકો હવે નાના મકાનો પસંદ કરવા માંડ્યા

વાનકુંવર : કોવિડ-૧૯ની મહામારીએ કેનેડિયનોને તેમની જીવનશૈલી અને રહેવા તથા કામ કરવાની ગોઠવણ નવેસરથી કરવા મજબૂર કર્યા છે. બ્રિટીશ કોલંબિયાના સનશાઈન કોસ્ટ પર ગિબ્સન્સમાં ટાઈની હોમ બનાવનારા પામેલા રોબર્ટસન કહે છે કે, એમની પાસે જે રીતે નાના મકાનોની માંગ આવી રહી છે, એની ઈન્કવાયરી નીકળી છે. એના જવાબો આપવા મુશ્કેલ બની રહ્યા છે. કેમ કે, મહામારીને કારણે લોકો હવે નાના મકાનો વધુ પસંદ કરતા થયા છે. બધાને તૈયાર નાના મકાન તરત જ જોઈએ છે અને હું તો ઓર્ડર મુજબના જ નાના મકાનો બનાવું છું.

રોબર્ટસન જે નાના મકાનો બનાવે છે એ વાહનના રૂપમાં હોય છે. એટલે કે, હરતા ફરતા ઘર. જેને કેનેડીયન સ્ટાન્ડડર્સ એસોસિયેશને રીક્રિયેશનલ વ્હીકલ તરીકે માન્યતા આપી છે. જયારે ઘણા લોકો તેમની પાસે તૈયાર ઘરોની માંગણી કરી રહ્યા છે. મારે તેમને



સમજાવવા પડે છે કે, આવા ટાઈની હોમ્સ માટે સ્થાનિક તંત્ર પાસેથી મંજુરી લેવી જરૂરી હોય છે અને એ ગ્રાહકે જ મેળવવાની હોય છે. વળી, એ પ્રક્રિયામાં સમય જાય છે. અત્યારે ઘણા ટાઈની હોમ્સ છે. પણ એમાં રહેનારાઓ સતત ડરમાં રહે છે કે, કોઈ એમને ગમે ત્યારે બહાર કાઢી મુકશે.

બ્રિટીશ કોલંબિયાના ઘણા વિસ્તારોમાં આવા રીક્રિએશન વ્હીકલમાં રહેવાની મંજુરી નક્કી કરેલા પાર્ક માટેની જ છે. આવા મકાનો માટે કોઈ બિલ્ડીંગ કોડ રાષ્ટ્રીય ધોરણે કે પ્રાંતિય સત્તાવાળાઓએ નક્કી કર્યા એટલે હવે એ કોડ બનશે. રોબર્ટસન કહે છે કે, એની કંપની સનશાઈન ટાઈની હોમ્સ આવા કોડ નક્કી કરાવવા મક્કમ છે અને ઈન્ટરનેશનલ રેસીડેન્શીયલ કોડમાં પણ ટાઈની હોમ્સ માટેની જોગવાઈ કરાવી ફેબ્રિકેટેડ હોમ્સને માન્યતા અપાવવા માંગે છે.

વ્હીસલર બ્રિટીશ કોલંબિયાની આરડીસી ફાઈન હોમ્સના પ્રેસીડેન્ટ બોબ ડીકસ કહે છે કે, એ હોમ બિલ્ડર્સ એસોસિયેશનના સભ્ય છે, જે નેશનલ બિલ્ડીંગ કોડ તૈયાર કરવામાં ભાગ લે છે.

## ટેલિફોન કૌભાંડમાં ભારતીય મૂળની વ્યક્તિની ધરપકડ

ટોરન્ટોઃ કેનેડામાં ૨૫ વર્ષીય ભારતીય મૂળની વ્યક્તિની ટ્રાન્સનેશનલ ટેલિફોન સ્કેમમાં તેની કથિત સંડોવણીને કારણે ધરપકડ કરવામાં આવી હતી. બ્રેમ્પટન, ઓન્ટારિઓમાં રહેતા અભિનવ બેક્ટર સામે ૫૦૦૦ ડોલરની છેતરપિંડી અને નાણાંની હેરફેરના આરોપો મૂકવામાં આવ્યા છે, ટેલિફોન સ્કેમ અને અન્ય સંબંધિત છેતરપિંડીઓની તપાસ માટે આરસીએમપી દ્વારા ઓક્ટોબર, ૨૦૧૮માં પ્રોજેક્ટ ઓક્ટાવિઆ હાથ ધરાયો હતો જેના હેઠળ અભિનવની ધરપકડ કરાઈ હતી. વિદેશ તરફથી ઓપરેટ કરાતા આ કૌભાંડીઓ ૨૦૧૪થી કેનેડાના લોકોને લક્ષ્ય બનાવી રહ્યા હતા. ભારતના ગેરકાયદે કોલ સેન્ટર્સ પર પાડવામાં આવેલા દરોડા અને કેનેડામાં કરાયેલી અનેક ધરપકડો બાદ પણ આ કૌભાંડીઓ કેનેડાના લોકોને લક્ષ્ય બનાવી રહ્યા હોવાનું નિવેદનમાં જણાવાયું હતું. અગાઉ ઓક્ટોબરમાં આ સમાન કેસમાં ભારતીય મૂળનો બાવીસ વર્ષીય નમન ગ્રોવરની ધરપકડ કરવામાં આવી હતી.

## ઓન્ટેરિયોમાં આઈસવાઈનના અપૂરતા જથ્થાને કારણે બોટલની માંગ ઉભી થશે

**• આઈસવાઈન માટે નક્કી કરાયેલી દ્રાક્ષનો માત્ર એક હજાર ટન જ પાક ઉતર્યો**

ટોરોન્ટો : ઓન્ટેરિયોની જે દ્રાક્ષ આઈસવાઈન માટે નક્કી કરવામાં આવી છે એનો પાક ઓછો હોવાથી આ વર્ષે ૨૦૨૦ બોટલની માંગ પુરી થવામાં મુશ્કેલી પડવાની શકયતા છે. ઓન્ટેરિયોની વાઈન રેગ્યુલેટર વીકયુએ જણાવ્યું હતું કે, સામાન્ય રીતે ઓન્ટેરિયોમાં દર વર્ષે આઈસવાઈન માટે નક્કી કરાયેલી દ્રાક્ષ આ વર્ષે અંદાજે ૧૦૦૦ ટન પાકી છે. જે ગયા

વર્ષની સરખામણીમાં ૬૦૦૦ ટન ઓછી છે. જેને કારણે આ વર્ષે આઈસવાઈનની ૨૦૨૦ બોટલ તૈયાર નહીં થઈ શકે અને એની માંગ વધશે. છેલ્લા ૨૦ વર્ષથી વીએકયુ ઉચ્ચ ગુણવત્તાવાળા વાઈનનું ઉત્પાદન થાય એનું ધ્યાન રાખે છે. એજન્સીના એક્ઝિક્યુટિવ ડાયરેકટર લોરી મેકડોનાલ્ડે આ જાણકારી આપી હતી. જો કે, ૨૦૨૦ ટેબલ વાઈન્સ રીલીઝ થઈ ચુકી છે. બાકીની બોટલ ૨૦૨૧ના મધ્યમાં ઉપલબ્ધ થઈ શકશે એમ પણ તેમણે જણાવ્યું હતું. જો કે, ૨૦૨૦ આઈસવાઈન્સ માટેની દ્રાક્ષનો પાક હજુ તૈયાર નથી. કેમ કે, વાઈનર્સ એમને વાઈન પર રાખી જયારે તાપમાન માઈનસ ૮ ડીગ્રી સે. થાય ત્યારે જ એની લણણી કરાવે છે. રેગ્યુલેટર્સના અહેવાલ મુજબ આ વર્ષ મોસમની અને વાઈનની રીતે ખાસ અને નોંધપાત્ર રહ્યું છે.

## ઓન્ટેરિયોના ચર્ચમાં માસ્ક વગર ફરતા ૧૦૦થી વધુ લોકો પકડાયા

ઓન્ટેરિયો : ઓન્ટેરિયોના વ્હીટલી ચર્ચ નજીક સપ્તાહના છેલ્લા બે દિવસમાં થતા ગેધરીંગમાં વધુ લોકો એકત્રીત થતા હોવાનો આરોપ પોલીસે લગાડયો હતો. પોલીસના જણાવ્યા મુજબ આ સંમેલનમાં ૧૦૦થી વધુ લોકો માસ્ક વિના ચર્ચમાં હાજર રહ્યા હતા. ઓન્ટેરિયોના મેર્લનિના ૫૦ વર્ષીય વ્યક્તિ સામે શનિવારે ચર્ચમાં વધુ લોકોને એકત્ર કરવાનો આરોપ પોલીસે લગાડયો હતો.

બીજા દિવસે એટલે કે, રવિવારે પણ મેર્લિનીના બીજા એક વ્યકિત સામે પણ આ જ ચર્ચમાં વધુ લોકોને એકત્ર કરવાનો આરોપ લગાડયો હતો. બંને સામે રીઓપનીંગ ઓન્ટેરિયો એકટનો ગુનો દાખલ થયો છે. જેમાં લોકડાઉન દરમિયાન ૧૦થી વધુ લોકોને ધાર્મિક હેતુ માટે એકત્ર કરવા પર પ્રતિબંધ હતો. દક્ષિણ ઓન્ટેરિયોમાં શનિવારે જ લોકડાઉનની મુદત વધુ ૨૮ દિવસ માટે લંબાવવામાં આવી હતી.

# બ્રેક્ઝિટના એક વર્ષ બાદ યુરોપિયન યુનિયન સાથે બ્રિટનના ફરી કરાર

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

બ્રેક્ઝિટ લાગુ થયાના બરાબર એક વર્ષ બાદ બ્રિટન અને યુરોપિયન સંઘ વચ્ચેની મડાગાંઠ ઉકેલાઈ ગઈ છે. બંને પક્ષો વચ્ચે ઝીરો ટેરિફ ઝીરો ક્વોટાના ધોરણે સમજૂતિ થઈ છે. જેથી હવે તેમની વચ્ચેનો વેપાર સરળતાથી ચાલતો રહેશે. આ ડીલ બ્રિટીશ સંસદમાં પસાર કરાવવી મુશ્કેલ હતો. કારણ કે, વિપક્ષો આ સમજૂતિનો વિરોધ કરી રહ્યાં હતા. જો કે, બુધવારે સંસદમાં તેને મંજૂરી અપાઈ હતી. હવે બ્રિટનના આ ખરડાને બીજા ગૃહમાં મોકલ્યા બાદ કાયદાનું સ્વરૂપ અપાશે. ૨૦૨૦ની શરૂઆતમાં યુરોપિયન યુનિયનમાંથી બ્રિટનના જુદા થવાની સંધિ એટલે કે, બ્રેક્ઝિટ લાગુ થયું હતુ. આ ઘટનાથી સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચી ગયો હતો.યૂરોપિયન યુનિયન યુરોપના ૨૭ દેશોનું એક જૂથ છે. જે દરેક પરિસ્થિતિમાં એકબીજા સાથે ખડાં રહે છે.

યૂરોપિયન યુનિયનને લઈને બ્રિટન હંમેશા મુંઝવણમાં રહ્યું છે. યૂરોપિયન મુક્ત વેપારનો લાભ લેવા બ્રિટન તત્પર હતું. પરંતુ નીતિઓ નક્કી કરવામાં પોતાનું નિયંત્રણ ગુમાવવા તૈયાર નહોતું. તેથી છેલ્લે છેલ્લે તો બ્રિટનના લોકોને એવું લાગવા માંડયું હતું કે, એક જમાનામાં સમગ્ર યુરોપમાં તેમની બોલબાલા અને આધિપત્ય હતુ. પરંતુ હવે યુરોપ ઉપર જર્મની અને ફ્રાન્સનું વર્ચસ્વ છે. યૂરોપિયન યુનિયન સાથે જોડાયેલા રહેવું કે અલગ થવું એ મુદ્દે ૨૩ જૂન, ૨૦૧૬ના રોજ યોજાયેલા જનમત સંગ્રહના પરિણામો બાદ જ સ્પષ્ટ થઈ ગયું હતું કે, બ્રિટન યૂરોપિયન યુનિયનથી અલગ થશે. આ જનમત સંગ્રહમાં બ્રિટનના બાવન ટકા લોકોએ યૂરોપિયન યુનિયનથી જુદાં થવાની તરફેણ કરી હતી. જનમત સંગ્રહનું પરિણામ આવતા જ બ્રિટીશ ચલણમાં કડાકો બોલાયો હતો અને તત્કાલિન વડાપ્રધાન ડેવિડ કેમેરુને પોતાનું પદ છોડવું પડયું હતું. કારણ કે, કેમેરુન બ્રેક્ઝિટની તરફેણમાં નહોતા. હકીકતમાં ડેવિડ કેમેરુન બ્રેક્ઝિટને હવા આપીને જ સત્તામાં આવ્યાં હતાં અને તેમને હતું કે વડાપ્રધાન બન્યા બાદ તેઓ પરિસ્થિતિ સંભાળી લેશે. પરંતુ બ્રિટનની પ્રજાએ તેમને આંચકો આપ્યો અને બ્રેક્ઝિટની તરફેણમાં મતદાન કર્યું હતુ. બ્રિટનના લોકોએ યૂરોપિયન યુનિયનથી અલગ થવાનો નિર્ણય એટલા માટે લીધો કે, છેલ્લા ઘણાં સમયથી યૂરોપિયન યુનિયન અમેરિકાની નીતિઓ ઉપર જ અમલ કરી રહ્યું હતું.

દરમિયાન બ્રેક્ઝિટ માટેની તારીખ ૨૯ માર્ચ ૨૦૧૯ નક્કી થઈ. બ્રિટનને આ મુસીબતમાંથી બહાર કાઢવા માટે કોઈ મજબૂત નેતાની જરૂર હતી. થેરેસા મેએ પોતાને એ મજબૂત નેતા તરીકે રજૂ કર્યાં. તેમના મનમાં એમ હતું કે તેઓ સફળતાપૂર્વક બ્રેક્ઝિટ કરાવી લેશે અને માર્ગારેટ થેચરની માફક બ્રિટનના નવા આયર્ન લેડી કહેવાશે. થેરેસા મે વખતોવખત બ્રેક્ઝિટને લઈને નવા નવા ડ્રાફ્ટ બનાવતા રહ્યાં અને એ ડ્રાફ્ટ જ્યારે પ્રસ્તાવ બનીને સંસદમાં રજૂ થયા ત્યારે ફગાવાતા રહ્યાં. ખુદ તેમની પાર્ટીના સભ્યો જ તેમના પ્રસ્તાવોના વિરોધમાં મતદાન કરતા હતા. આવા સંજોગોમાં થેરેસા મેએ પણ છેવટે રાજીનામુ આપ્યું. થેરેસા મેનું વલણ સેમીબ્રેક્ઝિટ તરફી હતું. મતલબ કે, બ્રિટન યૂરોપિયન યુનિયનની બહાર રહીને પણ તેની શરતોનું પાલન કરે. થેરેસા મેના સ્થાને સત્તામાં આવેલા બોરિસ જ્હોનસન કટ્ટર બ્રેક્ઝિટ સમર્થક મનાતા હતાં. સત્તામાં આવતા જ જ્હોનસને કોઈ પણ ભોગે ૩૧ ઓક્ટોબર ૨૦૧૯ સુધીમાં યુરોપિયન યુનિયનથી અલગ થવાની તૈયારી કરી હતી. પરંતુ બ્રિટનની સંસદમાં તેમને પણ નિરાશ થવું પડ્યું. છેવટે, બ્રેક્ઝિટ અમલમાં લાવવા જ્હોનસને મધ્યસત્ર ચૂંટણીની જાહેરાત પણ કરી જેથી કરીને તેઓ ફરી પાછા બહુમતિથી ચૂંટાઈને આવીને પોતાની શરતો પર બ્રેક્ઝિટ લાગુ કરી શકે. ચૂંટણીમાં બોરિસ જ્હોનસનને બહુમતિ મળી એ સાથે જ બ્રેક્ઝિટ લાગુ થવાનું નક્કી થઈ ગયું હતુ. બોરિસ જ્હોનસનની મરજી મુજબ બ્રેક્ઝિટ ભલે થયું સમગ્ર ઘટનાક્રમમાં બ્રિટીશ જનતાનું ભારે ધ્રૂવીકરણ થયું અને બ્રિટનનું રાજકારણ પણ ધરમૂળથી બદલાઈ ગયું. ગત ૩૧ ડિસેમ્બરે મધરાતે બ્રેક્ઝિટ લાગુ થયા બાદ પહેલી ફેબ્રુઆરીથી બ્રિટન અને યુરોપિયન યુનિયન વચ્ચે નવેસરથી વાટાઘાટોનો દોર શરૂ થયો. બ્રિટન પાસે ૨૦૨૦ના

અનુસંધાન પેજ નં. ૧૩

# જમ્મુ-કાશ્મીરની ચૂંટણીમાં ગુપકર જોડાણના પ્રભાવથી દેશને ખતરો

જમ્મુ અને કાશ્મીરમાંથી કલમ ૩૭૦ અને કલમ ૩૫ એ નાબૂદ કરી દેવાયા પછી હાલ ત્યાં ડિસ્ટ્રિક્ટ ડેલવપમેન્ટ કમિટીની ચૂંટણી યોજાઈ ગઈ. આ ચૂંટણીમાં ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કાઉન્સિલમાં કોંગ્રેસ સિવાયના ભાજપ વિરોધી પક્ષોના ગઠબંધન એવા પીપલ્સ એલાયન્સ ફોર ગુપકર ડીકલેરેશનને સૌથી વધારે બેઠકો મળી છે. જ્યારે ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઊભર્યો છે.

જમ્મુ અને કાશ્મીરના જમ્મુ ડિવિઝનના ૧૦ અને કાશ્મીર ડિવિઝનના ૧૦ મળીને કુલ ૨૦ જિલ્લા છે. દરેક જિલ્લાની ૧૪-૧૪ મળીને કુલ ૨૮૦ બેઠકો માટે ચૂંટણી હતી. તેમાંથી ગુપકર જોડાણને ૧૧૦ અને ભાજપને ૭૫ બેઠકો મળી છે. બાકીની બેઠકો અપક્ષો અને ફાસફૂસિયા પક્ષોને ભાગે ગઈ છે. કોંગ્રેસે ૨૬ બેઠકો જીતી છે અને એ ક્યાંય ચિત્રમાં જ નથી.  જમ્મુ અને કાશ્મીર કોંગ્રેસના પ્રમુખ ગુલામ અહમદ મીરનો દીકરો નસીર મીર પણ હારી ગયો છે. ભાજપ આ ચૂંટણીમાં સૌથી મોટા પક્ષ તરીકે બહાર આવ્યો છે. જો કે, આ પરિણામો ભાજપ અને દેશ માટે સારા કહી શકાય તેવા નથી. જમ્મુ અને કાશ્મીર કેન્દ્ર શાસિત પ્રદેશ બન્યા પછી યોજાયેલી આ પહેલી ચૂંટણીમાં ભવ્ય જીત મેળવીને ભાજપ જમ્મુ અને કાશ્મીરમાં સત્તા કબજે કરવાની મનષા ધરાવતો હતો. પરંતુ ભાજપની આશા પર પાણી ફરી ગયું છે. જમ્મુ અને કાશ્મીર ખીણમાં ભાજપના ચણાય નથી આવતા. તેથી ત્યાં ભાજપ જીતે એવી કોઈને આશા નહોતી. પણ જમ્મુ ડિવિઝનમાં ભાજપ ફરી વળશે અને દસેદસ જિલ્લામાં જોરદાર દેખાવ કરશે, એવી આશા ચોક્કસ હતી. પરંતુ અહીં જમ્મુ ડિવિઝનમાં ૧૦ જિલ્લામાંથી ૬ જિલ્લામાં ભાજપને બહુમતી મળી છે. બાકીના ચાર જિલ્લામાં અપક્ષો અને અન્ય પક્ષો ભાજપ કરતાં સારો દેખાવ કરવામાં સફળ રહ્યા છે. ભાજપ તડજોડમાં હોંશિયાર હોવાથી ગમે તે રીતે સત્તા હાંસલ કરશે. પરંતુ આ પરિણામો ભાજપ માટે અપેક્ષા પ્રમાણેનાં નથી જ. કાશ્મીર ખીણમાં કોંગ્રેસ સિવાયના ભાજપ વિરોધી પક્ષોના બનેલા ગુપકાર ગ્રુપે સપાટો બોલાવી દીધો છે. ભાજપે બે બેઠકો જીતીને અહીં ખાતું ખોલાવ્યું છે. તેમાં ભાજપના નેતા હરખાય છે પણ તેમાં હરખાવા જેવું કંઈ નથી. કાશ્મીર ખીણમાં બહુમતી બેઠકો

અનુસંધાન પેજ નં. ૧૩

manoj1968@yahoo.ca






# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

**Weekend Special**

રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ

**Takeout & Catering**

| Limited થાળી (with sweet & Farsan) | Limited થાળી (without sweet & Farsan) |
|---|---|
| $8.00 +Tax | $6.50 +Tax |

**CATERING SPECIAL**

$ 7.99 +Tax 10 items

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

2021 HAPPY NEW YEAR

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો,ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Quarantine Special Package**

**$50 Per Day**



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

**4694 Kingston Road, Scarborough.**

# હોમ ડેટા જાહેર થતાં રિયલ એસ્ટેટ બોર્ડ સામે કાર્યવાહીની ભીતિ

## ટીઆરઆરઈબીએ રિયલોસોફી, ઝુકાસા અને હાઉસ સિગ્મા જેવી વેબસાઈટસને ચેતવણી આપી

ટોરોન્ટો : ટોરોન્ટો વિસ્તારના મકાન ખરીદનારાઓને ૨૦૧૯માં ભલે માફી મળી હોય, જયારે કોમ્પીટીશન ટ્રીબ્યુનલે ટોરોન્ટો રીજીયોનલ રિયલ એસ્ટેટ બોર્ડના વેચાણની જાણકારી જાહેર કરવાનો ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો.

આ ચુકાદા સામે ટીઆરઆરઈબીની અપીલને પગલે ટ્રીબ્યુનલના ચુકાદાને પડકારતા ફેડરલ કોર્ટ ઓફ અપીલ અને સુપ્રીમ કોર્ટ ઓફ કેનેડાએ કોમ્પીટીશન કમિશ્નર મેથ્યુ બોસવેલના ૨૦૧૮ના ચુકાદાને રદ કરી દીધો હતો. જેમાં મકાન ખરીદનારાઓને હવે વેબસાઈટસની મદદથી વેચાણનો હોમ ડેટા ઉપલબ્ધ થઈ શકશે. જેનાથી લોકો ઓનલાઈન નજીકના વિસ્તારો અને કોન્ડો બિલ્ડીંગોની જાણકારી ઓનલાઈન મેળવી શકશે. જો કે બે વર્ષથી વધુ સમય બાદ પણ ટોરોન્ટોના રિયલ એસ્ટેટ સેકટરમાં ટીઆરઆરઈબીના ડેટા શેરીંગના ધારાધોરણોના પાલનમાં મુશ્કેલીઓ જ આવી રહી છે. કેમ કે, કેટલાક



બ્રોકર્સ અને થર્ડપાટી ઓપરેટર્સને બોર્ડના નિયમોમાં ફસાઈ જવાનો ડર છે. રિયલ એસ્ટેટ લિસ્ટીંગ સાઈટ બંગોલ સામે ટીઆરઆરઈબીએ ઓગષ્ટમાં બોર્ડના ડેટા નિયમોના ભંગ બદલ કેસ થયો હતો અને નવેમ્બરની ચોથી તારીખે બ્લોગ પોસ્ટમાં જણાવ્યું હતું કે, એમણે ૯૫ ટકા જેટલો વેબ ટ્રાફિક ઓછો થઈ ગયો છે અને હવે તેમનું ભાવિ ધુંધળું જણાય છે. વેબસાઈટના સૂત્રોના જણાવ્યા મુજબ ૧૫ વર્ષનો ડેટા દર ૩૦ મિનીટે અપડેટ થાય છે. જે ઓગસ્ટ બાદથી કોઈ અપડેટ થઈ શકયું નથી. ટીઆરઆરઈબીએ નવેમ્બરની ૨૫મીએ રિયલોસોફી, ઝુકાસા અને હાઉસ સિગ્મા જેવી વેબસાઈટસને ચેતવણી આપી હતી કે હવે તેમની સાઈટની સમિક્ષા કરાશે. જેમાં ગેરમાર્ગે દોરનારો ડેટા મળી આવશે તો ગંભીર પરીણામો આવી શકે છે.

નિયમભંગ કરનાર બ્રોકરને ૫૦૦૦૦ યુએસ ડોલર સુધીનો દંડ થઈ શકે છે. ૨૦૧૯ના ટ્રીબ્યુનલના ચુકાદા છતાં એ સ્પષ્ટ છે કે, ટીઆરઆરઈબીના ડેટા માટેની વાત અમારા માટે દૂરની વાત છે એમ બોર્ડન લેન્ડર્સ ગ્રેવાઈસ એલએલપીના વકીલ સુબ્રાતા ભટ્ટાચાર્યએ કહ્યું હતું.

# કેનેડામાં મોડેર્નાં વેકસીનના સિંગલ ડોઝ વિશે વિચારણા કરવા માંગણી

ઓન્ટેરિયો : ઓન્ટેરિયોના કોવિડ-૧૯ વેકસીન ટાસ્ક ફોર્સના વડાએ હેલ્થ કેનેડાને વિનંતી કરી હતી કે, કોરોના વેકસીન જે બે ડોઝમાં અપાનાર છે એને બદલે મોડેર્નાં વેકસીનના સિંગલ ડોઝ વિશે વિચારણા કરવી આવશ્યક છે. કેમ કે, પ્રાંતમાં વધુ ઝડપથી વેકસીનેશન કરવું હોય તો આ બાબત જરૂરી બની રહેશે. રીટાયર્ડ જનરલ રીક હિલીયરે મંગળવારે કહ્યું હતું કે, મોડેર્નાં વેકસીનના ૫૦૦૦૦ ડોઝનો જથ્થો આગામી થોડા દિવસો પહોંચી શકે છે. જેનું વિતરણ ચાર હોટસ્પોટ વિસ્તારોમાં કરાશે. દક્ષિણ ઓન્ટેરિયોના લોંગ ટર્મ કેર અને રીટાયરમેન્ટ સુવિધાઓ આવેલી છે. મને ખબર છે કે, આ સમય ક્રિસમસની ભેટ માંગવાનો નથી. આમ છતાં હું હેલ્થ કેનેડાને વિનંતી કરવા માંગું છું કે, મોડેર્નાં વેકસીનના ડોઝ વિશે ફરીથી વિચારે અને એક જ ડોઝમાં વેકસીન આપી શકાય એવી જોગવાઈ કરે તો વેકસીનેશન વધુ ઝડપી બની શકે. હાલમાં મોડેર્નાં વેકસીનના બે ડોઝ ૨૮ દિવસના અંતરે આપવાનું ધોરણ છે. જે વેકસીનને ફાઈઝર-બાયોએનટેક વેકસીન બાદ મંજુરી મળી છે.

એના પણ બે ડોઝનું ધોરણ છે. જેની વચ્ચે બેથી ત્રણ અઠવાડિયાનો સમયગાળો રાખવાનો હોય છે. હિલીયરે કહ્યું હતું કે, જો મોડેર્નાંને સિંગલ ડોઝ વેકસીન બનાવવા કહેવામાં આવે તો અમારી ટીમની કામગીરી વધુ અસરકારક બની શકે અને અમે લાખો લોકોને ઓછા સમયમાં વેકસીન આપી શકીશું. ઓન્ટેરિયોમાં છેલ્લા બે દિવસમાં કોવિડ-૧૯ના ૨૫૫૩ નવા કેસ નોંધાયા હતા અને ૭૮ લોકોના મૃત્યુ થવાના અહેવાલ બાદ હિલિયરનું આ નિવેદન આવ્યું હતું.







# ગુજરાતમાં ૭૯૯ને કોરોનાનો ચેપ, ૭ના મોત

## રાજ્યમાં ૨૪ કલાકમાં ૫૪,૭૦૮ સેમ્પલના ટેસ્ટ કરાયા : ૯૯૧૭ દર્દીની હાલત સ્થિર, ૬૨ની હાલત નાજૂક

ગાંધીનગર : રાજ્યમાં બુધવારે ૨૪ કલાકમાં નવા કેસની સંખ્યા પણ ૮૦૦ની નીચે નોંધાઈ હતી. જેમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના વધુ ૭૯૯ નવા દર્દીઓ સાથે જ કોરોનાનો કુલ આંકડો પણ ૨૪૪૨૫૮ થયો હતો. જ્યારે રાજ્યમાં દર્દીઓના સ્વસ્થ થવાનો દર પણ ૯૪.૧૫% થયો છે. ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના કુલ ૫૪,૭૦૮ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૯૫,૯૮,૧૦૮ થયો છે. રાજ્યમાં ૭૯૯ નવા દર્દીઓ સામે ૮૩૪ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૨,૨૯,૯૭૭ એ પહોંચ્યો છે.

આ ઉપરાંત રાજ્યમાં કુલ ૯૯૭૯ એક્ટિવ કેસ છે. જેમાંથી ૬૨ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૯૯૧૭ની સ્થિતિ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે ત્યારે આ સ્થિતિમાં ગત ૨૪ કલાકમાં વધુ ૭ દુઃખદ મૃત્યુ નોંધાયા છે. જેમાં રાજકોટ અને સુરત



કોર્પોરેશનમાં ૧-૧, ગાંધીનગરમાં ૧ અમદાવાદ કોર્પોરેશનમાં ૩ તેમજ વડોદરા કોર્પોરેશનમાં ૧ મોત નોંધાયા છે. જેથી હવે રાજ્યમાં કુલ મૃત્યુઆંક પણ ૪૩૦૨ થયો છે. બુધવારે નોંધાયેલા ૭૯૯ પોઝિટિવ કેસમાંથી અમદાવાદ શહેરમાં ૧૫૭, અમદાવાદ જિલ્લામાં ૦૭, સુરત શહેરમાં ૧૧૭, સુરત જિલ્લામાં ૩૦, વડોદરા શહેરમાં ૯૯, વડોદરા જિલ્લામાં ૨૯, રાજકોટ શહેરમાં ૬૯, રાજકોટ જિલ્લામાં ૧૯ કોરોનાના કેસ નોંધાયા છે. રાજ્યમાં નોંધાયેલા કુલ કેસોમાંથી હાલ ૬૨ લોકો વેન્ટિલેટર પર છે.

## ગુજરાત કોરોના રસીકરણ માટે સજ્જ : રોજ ૧૬ લાખને રસી અપાશે

ગુજરાતમાં કોરોનાનની રસીના ડ્રાયરન બાદ હવે રાજ્ય રસીકરણ માટે સુસજ્જ છે. ૨૮ અને ૨૯મીની ડ્રાયરન બાદ રસીકરણ માટે માટે વિવિધ વ્યવસૃથાઓ કરવામાં આવી છે. ગુજરાતમાં એક કેન્દ્ર પર દરરોજ ૧૦૦ લોકોને રસી મળી રહે તેવી રીતે દરરોજ ૧૬ લાખ લોકોને રસી આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેન માટે ૧૬ લાખ સ્વાસૃથયકર્મીઓને રસી આપવા તાલીમબદ્ધ કરાયા છે તેમજ રસીકરણ પ્રક્રિયાના નિરીક્ષણ અને વિશ્લેષણ માટે ચાર નિષ્ણાત તબીબોની ટાસ્કફોર્સની રચના કરવામાં આવી છે. રસીકરણ દરમિયાન નિષ્ણાત તબીબોનું માર્ગદર્શન અને સૂચનો મળી રહે એ હેતુથી રાજય સરકારે ચાર નિષ્ણાત તબીબ તજજ્ઞાોની સ્પેશ્યલ ટાસ્ક ફોર્સની રચના કરી છે. જેમાં ડા. નવીન ઠાકર–પીડીયાટ્રીક એસોસિએશનના વડા ડા. નિશ્ચલ ભટ્ટ– પીડીયાટ્રીશીયન. ડા. સપન પંડયા–ઇમ્યુનોલોજીસ્ટ અને ડા. ભદ્રેશ વ્યાસ – જામનગર ગુરૂ ગોવિંદસિંગ કોલેજના એચઓડી આ ટાસ્ક ફોર્સના સભ્યો છે. રસી આપવા માટે લાભાર્થીઓના મોડયુલ પણ તૈયાર કરી દેવાયા છે આ માટે નાગરિકોએ એડવાન્સ રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે. આ રસીનો ડોઝ અઠયાવીસ દિવસમાં બે વખત ૧૪ દિવસના અંતરે લેવાનો રહેશે. રસી લીધા બાદ પણ કોરોના પ્રોટોકોલનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે જેમાં માસ્ક પહેરવો, સેનિટાઈઝરોનો ઉપયોગ તથા યોગ્ય સોશિયલ ડિસ્ટન્સનું પણ પાલન કરવાનુ રહેશે.

## રાત્રિ કર્ફ્યૂ સમય રાતે ૧૦થી સવારે ૬નો કરાયો

ગુજરાતના ચાર મોટા મહાનગરોમાં કોરોના મહામારી ફાટી નિકળ્યા બાદ રાજ્ય સરકારે તકેદારીના ભાગરૂપે રાત્રિ કરફ્યૂ લાદી દીધુ હતું. રાજ્ય સરકારે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં રાત્રે ૯ થી સવારે ૬ વાગ્યા સુધી રાત્રિ કરફ્યૂ લાદી દીધુ હતું. પરંતુ હવે આ ચાર મહાનગરો સહિત રાજ્યમાં કોરોના મહામારીના પોઝિટિવ કેસનો આંકડો ઘટતા સરકારે આ રાત્રિ કરફ્યૂના સમયમાં ફેરફાર કર્યો છે. સરકારે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં રાત્રે ૯ થી સવારે ૬ વાગ્યા સુધી રાત્રિ કરફ્યૂના સમયમાં ફેરફાર કર્યો છે. હવે અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરામાં રાત્રિના ૧૦થી સવારે ૬ વાગ્યા સુધી કરફ્યૂં રહેશે. જેનો અમલ ૧ જાન્યુઆરીથી ૧૪ જાન્યુઆરી સુધી રહેશે.







સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ઘીના ઠામમાં ઘીઃ એમપી મનસુખે રાજીનામું પાછુ ખેંચ્યું

**• મનસુખ વસાવાએ 'કમરમાં દુખાવાને કારણે મગજમાં લોહી ઓછું પહોંચે છે' એવુ કારણ જાહેર કર્યું હતું**

ગાંધીનગર : ભાજપમાં પહેલાથી જેમ થયુ આવ્યુ છે એમ બુધવારની સવારે ગાંધીનગરમાં પગ મુકતા વેંત સાંસદ મનસુખ વસાવાએ પણ 'હું કોઈથી નારાજ નથી, ભાજપમાંથી રાજીનામું પાછુ ખેંચ્યુ'ના નિવેદનો શરૂ કર્યા હતા. સીએમ હાઉસમાં વિજય રૂપાણીને મળવા જતા પૂર્વે મિડિયા સાથેની વાતચીતમાં સાવ તંદુસ્ત જણાતા સાંસદ વસાવાએ ૨૪ કલાક પહેલા રાજીનામું આપવા પાછળ 'કમરમાં દુખાવાને કારણે મગજમાં લોહી ઓછુ પહોંચે છે' એવુ કારણ જાહેર ધર્યુ હતુ.



સાંસદપદે ચાલુ રહીને ભાજપમાંથી રાજીનામું આપતો પત્ર મંગળવારે વાઈરલ થયો એ વેળાએ જ ભાજપમાં વધુ એક ત્રાગુ થઈ રહ્યાનું સ્પષ્ટ થયુ હતુ. સીએમને મળ્યા બાદ મનસુખ વસાવાએ વન અને આદિજાતી વિકાસ મંત્રી ગણપત વસાવા તેમજ ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા સાથે લાંબી બેઠક યોજી હતી. જેમાં ભરૂચ લોકસભા મતક્ષેત્રમાં રૈંના છોટુ વસવા અને કોંગ્રેસ દ્વારા ચાલતા આદિવાસી આંદોલનોને ડામવા વ્યાપક ચર્ચા થયાનું કહેવાય છે. રાજીનામું પાછુ ખેચવા સરકારે શું વચન આપ્યુ ? તેના જવાબમાં સાંસદ મનસુખ વસાવાએ 'સીએમ રૂપાણી, પ્રદેશ અધ્યક્ષ પાટીલ સહિત સૌ મોવડીઓ સાંસદ હશો તો ફીમાં સારવાર થશે, હમણાં આરામ કરો' એવી સલાહ આપ્યાનું જણાવ્યુ હતુ ! તેમણે જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા સમયથી મારી નાદુરસ્ત તબિયત રહે છે. આ કારણે હું સંસદમાં પણ હાજરી આપી શકતો નથી. આ માટે જ મેં ગઈકાલે રાજીનામું ધરી દીધું હતું. મારી શારીરિક તકલીફને કારણે મારા મિત્રો અને સ્નેહીજનોએ મને આરામ કરવાની સલાહ આપી હતી. મેં કોઈ રાજકીય સોદાબાજી કરી નથી. પાર્ટી પર દબાણ લાવવાનો પણ મેં કોઈ પ્રયાસ કર્યો નથી.

### કલેક્ટરે ઈકો સેસેન્ટિવ ઝોનની નોંધ પાડતા આદિવાસીઓ ભડક્યા

શૂલપાણેશ્વર અભયારણ્ય આસપાસ ઈકો સેસેન્ટિવ ઝોન વર્ષ ૨૦૧૬થી અસ્તિત્વમાં છે. જો કે, નર્મદા કલેક્ટરે જમીનના ખાતામાં તેની નોંધ પાડવાનું શરૂ કરતા આદિવાસી ખેડૂતો ભડક્યા છે. આથી, ઈકો સેસેન્ટિવ ઝોન રદ કરવાની માંગણી થઈ રહી છે. જેની આગેવાની રૈં અને આદિવાસી એકતા પરિષદ કરી રહ્યો છે. સાંસદ મનસુખ વસાવા સાથેની બેઠક બાદ કેબિનેટ મંત્રી ગણપત વસાવાએ આ પ્રકારની નોંધ પાછી ખેંચવા કલેક્ટરને આદેશ કર્યાનું જણાવ્યુ હતુ.

## અમદાવાદમાં બ્રેન ડેડ પુરૂષના અંગોનું દાન, ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ થયા

અમદાવાદ : કોરોના કાળ માં મૃત્યું પછી અંગોનું દાન કરવાનું ચલણ વધી રહ્યું છે અને જરૂરી પણ છે. સુરત, વડોદરાના કિસ્સાઓ બાદ અમદાવાદમાં એક બ્રેન ડેડ પુરુષના અંગોનું દાન કરવામાં આવ્યું છે. અમદાવાદના ભૂપેન્દ્રસિંહ રાવ નામના આધેડના અંગોનું દાન કરવામાં આવ્યું છે. ઓર્ગન ડોનેટ કરી ટ્રાન્સપ્લાન્ટ પણ કરાયા છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે અમદાવાદના ભૂપેન્દ્રસિંહ રાવ નામના આધેડનું મૃત્યું થતા પરિવારજનોએ તેમના અંગોનું દાન કરવાનો નિર્ણય લીધો હતો. બ્રેઈન ડેડ ૫૫ વર્ષના ભૂપેન્દ્રસિંહ રાવનું અંગ દાન કરવામાં આવ્યું હતું. બ્રેઈન ડેડ થતા પોતાના તમામ અંગો હાલ દાન કરાયા છે. બ્રેઈન ડેડ પરિવારે અદભુત નિર્ણય લીધો છે. ભુપેન્દ્રસિંહ રાવ નામના પુરુષના ઓર્ગન ડોનેટ કરી ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.

## સ્ટીલ કોનેક્ટ કંપનીના ડિરેક્ટર્સની BOB સાથે ૧૦૦ કરોડની ઠગાઈ

અમદાવાદ : અમદાવાદમાં સરદાર પટેલ રિંગ રોડ પર હાથીજણ નજીક અને એલિસબ્રિજ વિસ્તારમાં મીઠાખળી છ રસ્તા પર સમ્પદા બિલ્ડિંગમાં ઑફિસ ધરાવતી મેસર્સ કોનેક્ટ - ઈન્ડિયા પ્રાઈવેલ લિમિટેડના ડિરેક્ટર્સ વરૂણ વિજય ગુપ્તા અને વિવેક વિજય ગુપ્તાએ અમદાવાદમાં નવરંગપુરા વિસ્તારમાં આવેલી બૅન્ક ઑફ બરોડાની કોર્પોરેટ બ્રાન્ચ સાથે રૂા. ૧૦૦ કરોડથી વધુ રૂપિયાની છેતરપિંડી કરી હોવાની એક ફરિયાદ સીબીઆઈ-સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન દ્વારા ફાઈલ કરવામાં આવી છે. સીબીઆઈની ગાંધીનગર ઑફિસ દ્વારા ૨૨મી ડિસેમ્બરે ફાઈલ કરવામાં આવેલી ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે સ્ટીલ કોનેક્ટ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર્સ વરૂણ વિજય ગુપ્તા અને વિવેક વિજય ગુપ્તાએ તેમના હોદ્દાનો દુરૂપયોગ કરીને બૅન્ક સાથે રૂા. ૧૦૦.૭૯ કરોડની છેતરપિંડી કરી છે. વિવેક ગુપ્તા અને વરૂણ ગુપ્તા વેજલપુરમાં કાનજી મહારાજ સોસાયટીને મે ફૅર એપાર્મટેન્ટના એ-૧૧૩માં રહે છે. ૨૦૧૬થી ૨૦૧૯ના ગાળામાં તેમણે બૅન્ક સાથે આ છેતરપિંડી કરી છે. સપ્ટેમ્બર ૨૦૨૦માં આ ફ્રોડની જાણકારી મળી હતી. તેમણે છેતરપિંડી કરીને ગુનાઈત વિશ્વાસઘાત કર્યો છે. બૅન્કનો ખોટો લાભ મેળવવા માટે તેમણે રૂા. ૨૦ લાખની ખોટી બૅન્ક ગેરેન્ટી પણ આપી છે. ખોટી બૅન્ક ગેરન્ટી આપીને પણ તેમણે બૅન્કને નુકસાન કરાવ્યું છે. કંપની સ્ટીલ પ્રોસેસિંગ પ્લાન્ટ નાખવા માગતી હતી. કંપની સ્પાઈરલ આકારમાં વેલ્ડિંગ થયેલા પાઈપ્સ બનાવવા માગતી હતી.

## ગુજરાતના આદિવાસી વિસ્તારમાં નકસલી પ્રવૃત્તિનો સુરાગ મળ્યો

અમદાવાદઃ પંચમહાલના આદિવાસી વિસ્તારમાં નકસલી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી બિલોસા બબીતા કશ્યપની ધરપકડ કરવામાં આવી છે. આ સમગ્ર ઘટનામાં ગુજરાત એટીએસ, અમદાવાદ ક્રાઈમબ્રાન્ચે તપાસનો દોર શરૂ કર્યો છે. ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા તમામ એજન્સીઓ સાથે સંયુક્ત બેઠક યોજી હોવાનું જાણવા મળે છે. બીલોસા બબીતા કશ્યપ નકસલી પ્રવૃત્તિ પથ્થલગડી આંદોલન સાથે સંકળાયેલી છે. બબીતા કશ્યપ ગુજરાતના તાપી જિલ્લાની હોવાનું કહેવાય છે. બબીતા લાંબા સમયથી પંચમહાલ, મહિસાગર અને નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે સક્રિય હતી. દરમિયાન પથ્થલગડી સાથે સંકળાયેલી બબીતા ગુજરાતાના આદિવાસી વિસ્તારોમાં આંદોલન સંબંધિત પ્રવૃત્તિને વેગ આપતી હોવાની વિગતો પણ જાણવા મળી છે.

## ગાંધીનગર રેલવે સ્ટેશનનું ઉદઘાટન થશે

ગાંધીનગર : ફાઈવસ્ટાર હોટલ સાથેના ગાંધીનગર રેલવે સ્ટેશનનું જાન્યુઆરીમાં ઉદઘાટન થવા જઈ રહ્યું છે. ગાંધીનગર રેલવે સ્ટેશનનું ડેવલપમેન્ટ કોર્પોરેશન ડેવલપ કરી રહ્યું છે. ત્યારે ટૂંક સમયમાં જાન્યુઆરીના અંતમાં ગાંધીનર રેલવે સ્ટેશનનું ઉદઘાટન કરવામાં આવશે. આધુનિક રેલવે સ્ટેશન ઉપર જ ૫ સ્ટાર હોટેલ બની છે. રેલવે સ્ટેશન પર સીસીટીવી, મેટલ ડિટેક્ટરથી સજ્જ કરવામાં આવશે. એટલું જ નહીં, પ્લેટફોર્મ પરથી જ ૫ સ્ટાર હોટેલમાં જઈ શકાશે. હોટેલમાંથી મહાત્મા મંદિર, વિધાનસભા સંકુલ દેખાશે.

ગાંધીનગર રેલવે સ્ટેશનનું ઉદઘાટન જાન્યુઆરીના ત્રીજા કે ચોથા સપ્તાહમાં રેલવેમંત્રીના હસ્તે કરાય એવી શક્યતા જોવામાં આવી રહી છે. દેશમાં પહેલીવાર કોઈપણ રેલવે સ્ટેશન પર પ્રાર્થના રૂમ અલગથી તૈયાર કરાયો છે. ફાઈવસ્ટાર હોટલ બિલ્ડિંગની નીચે સ્ટેશન માટે નવું બિલ્ડિંગ તૈયાર



કરાયું છે. મળતી માહિતી પ્રમાણે જાન્યુઆરીના અંતમા ગાંધીનગર રેલવે સ્ટેશનનુ ઉદ્ઘાટન કરાશે. રેલવે સ્ટેશન પર બનેલ નવી હોટલ અને આધુનિક રેલવે સ્ટેશનની શરુઆત કરાશે. રેલ્વે સ્ટેશનની ઉપર જ ફાઈવ સ્ટાર હોટલ બનાવવામાં આવી છે. અંદાજે ૩૦૦ જેટલા રુમ હોટલમાં હશે. સ્ટેશન પર નીચે જ મેડિકલ વ્યવસ્થા, પ્રાર્થના માટેનો રૂમ, નાના બાળકો માટે ફિડિંગ રૂમ બનાવાયો છે.


First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

**બ્રામ્પટન (વેસ્ટ)**
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

**India import Services Available**
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

**સ્કારબોરો**
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

**મીસીસાગા**
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com



"Savings For YOU, Protection for Your Loved Ones"

: Offered services :

1. Life Insurance
2. Mortgage Insurance
3. Critical Illness Insurance
4. Visitors Medical Insurance
5. Tax Return Filing
6. Super Visa Travel Insurance


We represent many insurance companies, we can shop around for best rates.



Shailesh Patel
CALL TODAY
Cell : 416 837 9155
Email : shailesp@gmail.com







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## માનવ સ્વાસ્થ્ય માટે ઘાતક હવા પ્રદૂષણથી દુનિયાને પ્રતિવર્ષ મોટાપાયે આર્થિક નુકસાન

# હવા પ્રદૂષણ : ગુજરાતને વર્ષે ૨૧ હજાર કરોડનો ફટકો

**પ્રાસંગિક**

**ધવલ શુક્લ**

આંતર રાષ્ટ્રીય સ્તરે યોજાતી બેઠકોમાં વિકસિત કે વિકાસશીલ દેશો ભલે હવા પ્રદૂષણ ઘટાડવાની અને પર્યાવરણનુ જતન કરવાની દુહાઈ દેતા હોય, પરંતુ હકીકતમાં દુનિયામાં આજે પ્રદૂષણની સમસ્યા વિકરાળ સ્વરૂપ ધારણ કરી ચુકી છે. જેના કારણે પ્રતિ વર્ષે દુનિયા ભારતના જીડીપી કરતાં પણ વધારે આર્થિક નુકસાન ભોગવે છે.

ભારતમાં તો ૨૦૧૯માં ૧૭ લાખ મોત પાછળ હવા પ્રદૂષણ જવાબદાર હતુ. જયારે સરકાર આ સમસ્યા પાછળ દર વર્ષે રૂપિયા પોણા ત્રણ લાખ કરોડનો ખર્ચ સરકારી તિજોરીમાંથી કરે છે. ગુજરાતની સ્થિતિ પણ પ્રદૂષણ મામલે સારી રહી નથી. ૨૦૦ વર્ષ જૂના મેડિકલ જર્નલ ધ લાન્સિટમાં હવા પ્રદૂષણ વિશેનો અભ્યાસ પ્રગટ થયો છે. એ પ્રમાણે ૨૦૧૯ના વર્ષ દરમિયાન ભારતમાં હવા પ્રદૂષણથી ૧૬.૭ લાખ નાગરિકોના મોત થયા છે. જયારે આર્થિક રીતે ભારતની તિજોરીને ૨,૭૧,૪૪૬ કરોડનું નુકસાન થયું છે. આ આંકડો મોટો છે અને જીડીપીના ૧.૪ ટકા જેટલો હિસ્સો રોકે છે. તેની સામે ભારતમાં આરોગ્યના નામે જીડીપીના સાડા ત્રણ ટકા જેવી રકમ ખર્ચ થાય છે. આરોગ્ય સવલત પાછળ સૌથી ઓછો ખર્ચ કરનારા દેશોમાં ભારતનો સમાવેશ થાય છે. કોરોના વખતે વેન્ટિલેટર સહિતની પ્રાથમિક આરોગ્ય જરૂરિયાતો ખૂટી પડી એમાં જ સમજી શકાય એમ છે કે ભારતનું આરોગ્ય સેક્ટર મેડિક્લેઈમ કે આરોગ્ય વિમાની તરફેણમાં જેટલું વિકસી રહ્યું છે, એટલું સુવિધા-સવલત આપવાની બાબતમાં વિકસતું નથી. સરકારી આરોગ્ય સેવા તો સાવ ખાડે ગઈ છે. સરકાર ખુદ પણ ખાનગી આરોગ્ય સેવાને પ્રાથમિકતા આપી રહી છે. કારણ કે સરકાર પોતાની તિજોરીમાંથી નાગરિકોના આરોગ્યની સુવિધા માટે ઝાઝા ખર્ચ કરવા માંગતી નથી.

લાન્સિટમાં ‘ગ્લોબલ બર્ડન ઓફ ડિઝિસ સ્ટડી-૨૦૧૯‘ નામનો અહેવાલ પ્રગટ થયો. નામ પ્રમાણે રોગચાળા અને તેનાથી સર્જાતા આર્થિક ભારણની આ અહેવાલમં છણાવટ કરાઈ છે. અહેવાલમાં નોંધ્યું છે કે, હવાનું પ્રદૂષણ એ આરોગ્ય ઉપરાંત આપણા ખિસ્સાને પણ અસર કરે છે. ભારતમાં સૌથી વધુ મોત અને સૌથી વધારે નુકસાન મામલે ઉત્તર પ્રદેશ પહેલા ક્રમે છે. મોતની દૃષ્ટિએ ગુજરાત આઠમા ક્રમે છે, પણ આર્થિક નુકસાનની દૃષ્ટિએ ગુજરાત ત્રીજો ક્રમ ધરાવે છે. વર્ષો પહેલા ગુજરાતે ક્લાઈમેટ ચેન્જ વિભાગ ઉભો કર્યો હતો. પર્યાવરણ મંત્રાલય તો અત્યારે પણ છે જ. પરંતુ પર્યાવરણ મંત્રી કે ગુજરાત સરકારની હવા પ્રદૂષણમાં ચાંચ ડૂબતી નથી. કાચબંધ ગાડીઓ, લીલોતરી ધરાવતા મકાનો અને આધુનિક ઓફિસમાં રહીને કામ કરતા મંત્રીઓ તથા સરકારી અધિકારીઓને હવા પ્રદૂષણની વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ રહ્યો નથી. ઓદ્યોગિક વિકાસ પાછળની આંધળી દોટને કારણે ગુજરાતની સ્થિતિ બદ્તર બની રહી છે. ગુજરાતને થયેલું આર્થિક નુકસાન અંદાજે ૨૧ હજાર કરોડ રૂપિયા જેવુ છે. ગુજરાતની વસ્તીદિઠ વહેંચી દઈએ તો દરેકના ખિસ્સામાંથી ૩ હજારની રકમ હવા પ્રદૂષણ સેરવી જાય છે. દિલ્હીમાં માથાદિઠ ખર્ચ સાડા ચાર હજાર રૂપિયા જેવો થાય છે. એઈમ્સ દિલ્હી, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ અને આઈઆઈટી દિલ્હી જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓએ સક્રિય ભાગ ભજવીને તૈયાર કરેલા અહેવાલ મુજબ ભારતમાં થતા કુલ મોતમાંથી ૧૭.૮ ટકા મોત એકલા હવા પ્રદૂષણથી થાય છે. રિપોર્ટમાં જ નિષ્ણાતોએ કહ્યુ છે કે હવા પ્રદૂષણની આર્થિક અસર સામાન્ય રીતે લોકો કે સરકારના ધ્યાને આવતી નથી. પરંતુ હકીકત એ છે કે પ્રદૂષિત હવા શ્વાસમાં જવાથી બિમાર પડવાનું થાય અને દવા-સારવારનો ખર્ચ થાય એ હવા પ્રદૂષણની આર્થિક અસર નહીં તો બીજુ શું છે ? જોકે આર્થિક અસર એટલા પૂરતી મર્યાદિત નથી. પ્રદૂષિત હવા શ્વાસમાં જવાથી લોહીની નળીઓ બ્લોક થાય અને ક્યારેક હાર્ટ એટેક આવે કે પછી હૃદય સબંધિત બીજા પ્રશ્નો ઉભા થાય. તેની સારવાર લાંબી ચાલે. હોસ્પીટલે એકથી વધારે વાર ધક્કા ખાવા પડે. બાળકોનું હવા પ્રદૂષણથી આરોગ્ય બગડે તો સ્કૂલમાં રજા રાખવી પડે એટલે ભણતરને અસર થાય. નોકરી કે કામધંધામાં આરોગ્યને કારણે બ્રેક લેવો પડે અને સારવારનો ખર્ચ કરવો પડે. એટલે કામના કલાકો ઓછા થવા ઉપરાંત દવા-સારવારનો ખર્ચ એમ બે રીતે માર પડે.

હવા પ્રદૂષણથી થતા આર્થિક નુકસાનમાં ૪૦ ટકા હિસ્સો તો ફેંફસાંની બિમારીનો છે. ભારતમાં નેશનલ એર ક્વોલિટી સ્ટાન્ડર્ડ હેઠળ હવાના ૧૨ પ્રદૂષકોની ગણતરી કરવામાં આવે છે. તેમાં હવામાં રહેલો સલ્ફર ડાયોક્સાઈડ, ૨.૫ પીએમ કણો, ૧૦ પીએમ કણો, ઓઝોન, સીસું, નિકલ, કાર્બન મોનોક્સાઈડ, નાઈટ્રોજન ડાયોક્સાઈડ, કાર્બન ડાયોક્સાઈડ વગેરેને ધ્યાનમાં લેવાય છે. એક સદીમાં ભારતના ઘરેલું હવા પ્રદૂષણમાં ૬૪ ટકાનો ઘટાડો આવ્યો છે. કેમ કે લાકડા-છાણા આધારિત ચૂલાનો વપરાશ ઓછો થયો, ધૂમાડો ન ફેલાવતો ગેસ-ઈલેક્ટ્રિક ચૂલાનો વપરાશ વધ્યો. પણ તેની સામે ભારતના દરેક નાના-મોટા નગરમાં સતત બાંધકામો ચાલે છે. એટલે ઉડતી ધૂળ હવાને શુદ્ધ રહેવા દેતી નથી. હવા પ્રદૂષણની આયુષ્ય પર પણ અસર થાય છે. અગાઉ જર્મનીની મેક્સ પ્લાન્ક ઈન્સ્ટિટયૂટ ઑફના સંશોધકોએ હવા પ્રદૂષણથી આયુષ્યમાં ૩ વર્ષ ઘટાડો થતો હોવાનું તારણ રજૂ કર્યું હતુ. એમાં પણ સૌથી વધારે ઘટાડો ભારત જેવા દેશમાં થઈ રહ્યો છે. ભારતમાં ૩.૮૬ વર્ષનો ઘટાડો નોંધાયો હતો. ભારતમાં હવાનું પ્રદૂષણ દુનિયાના અન્ય દેશો કરતા ખાસ્સુ વધારે છે. જગતમાં સૌથી વધુ પ્રદૂષણ ધરાવતા શહેરોમાં મોટાભાગના ભારતના જ હોય છે. આ પહેલા હવા પ્રદૂષણની વૈશ્વિક સ્થિતિ રજૂ કરતો અહેવાલ ‘સ્ટેટ ઓફ ધ ગ્લોબલ એર ૨૦૨૦‘ રજૂ થયો હતો. આ અહેવાલ પ્રમાણે ભારતનો સમાવેશ સૌથી વધુ પ્રદૂષિત હવા ધરાવતા દેશોમાં થાય છે. ૨૦૧૯ના એક જ વર્ષમાં ભારતમાં હવા પ્રદૂષણથી ૧૬.૬૭ લાખ મોત થયા હતા. એમાં વળી ૧.૧૬ લાખ તો નવજાત શીશુ હતા. ડોનાલ્ડ ટ્રમ્પે ચાર વર્ષના કાર્યકાળ દરમિયાન વારંવાર કહ્યું કે, ભારત-ચીન-રશિયા મોટા હવા પ્રદૂષકો છે. એ વાત સાવ ખોટી તો નથી જ. અલબત્ત, ટ્રમ્પનું અમેરિકા પોતે કાર્બન મોનોક્સાઈડ જેવા ઘાતક વાયુના ઉત્પાદનમાં ભારત કરતા તો આગળ જ છે. આ વર્ષના આરંભે જ આંતરરાષ્ટ્રી સંસ્થા ‘સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લિન એર (સીઆરઈએ-સેરા)‘ અને ‘ગ્રીનપીસ‘ બન્નેએ મળીને હવા પ્રદૂષણની સમગ્ર વિશ્વ પર આર્થિક અસરનો વિગતવાર અહેવાલ તૈયાર કર્યો હતો. એ અહેવાલમાં હવા પ્રદૂષણથી સમગ્ર જગતને ૨૯૨૦ અબજ ડૉલરનું વાર્ષિક નુકસાન થાય છે તેવો ઉલ્લેખ કરાયો હતો. ભારતના જીડીપીનો આંકડો અત્યારે ૨૭૦૦ અબજ ડૉલર છે. ભારતના અર્થતંત્ર કરતાં પણ વધુ બિલ તો હવાના નામે ફાટે છે. હવા પ્રદૂષણથી આર્થિક નુકસાન પામતા ભારતના ટોપ-૧૦ રાજ્યોમાં ઉત્તર પ્રદેશમાં ૫૧૩ કરોડ ડોલર, મહારાષ્ટ્રમાં ૩૯૭ કરોડ ડોલર, ગુજરાતમાં ૨૮૫ કરોડ ડોલર, કર્ણાટકમાં ૨૬૮, તમિલનાડુમાં ૨૫૨ કરોડ ડોલર, રાજસ્થાનમાં ૨૨૯, બંગાળમાં ૨૧૨, મધ્યપ્રદેશમાં ૧૯૭, બિહારમાં ૧૫૫, આંધ્રપ્રદેશમાં ૧૩૪ કરોડ ડોલરનું નુકસાન થયું છે. એટલે કે, ગુજરાતને ૨૧ હજાર કરોડ રૂપિયાથી વધારેનું નુકસાન હવા પ્રદૂષણથી થયું છે.



**૨૦૧૯ના એક જ વર્ષમાં ભારતની તિજોરીને ૨,૭૧,૪૪૬ કરોડનું નુકસાન થયું, આ આંકડો દેશની કુલ જીડીપીના ૧.૪ ટકા જેટલો છે**

પ્રદૂષણથી થતા મોતના આંકડામાં ઉત્તર પ્રદેશમાં ૩,૪૯,૯૨૬, મહારાષ્ટ્રમાં ૧,૩૯,૧૧૮, બિહારમાં ૧,૨૬,૪૬૦, બંગાળમાં ૧,૨૨,૮૩૩, રાજસ્થાનમાં ૧,૧૩,૩૬૧, મધ્યપ્રદેશમાં ૧,૧૨,૦૦૯ તથા કર્ણાટકમાં ૮૯,૧૮૪, અને ગુજરાતમાં ૮૭,૮૧૧ તેમજ તમિલનાડુમાં ૮૪,૫૮૭ અને આંધ્રપ્રદેશમાં ૬૨,૮૦૮ લોકો પ્રદૂષણને કારણે મોતને ભેટ્યા છે.

# સ્વદેશ



## સાઉથનો સુપર સ્ટાર રામ ચરણ કોરોનાની ચપેટમાં

ચેન્નાઇ : સાઉથના સુપર સ્ટાર રામ ચરણ કોરોના સંક્રમિત થયો હોવાની જાણકારી મળી હતી. સાઉથના સુપર સ્ટાર ગણાતા ચિરંજીવીનો પુત્ર રામ ચરણ અત્યારે સ્વેચ્છાએ આઇસોલેટ થયો હતો. ખુદ રામ ચરણે ટ્વીટર પર લખ્યું હતું કે કોરોના પોઝિટિવ થયો છું. મેં ત્વરિત સારવાર શરૂ કરાવી દીધી હતી અને હું અત્યારે આઇસોલેટ થયો છું. મારા સંપર્કમાં આવેલા તમામ લોકોને હું કોરોના ટેસ્ટ કરાવી લેવાની વિનંતી કરું છું. રામ ચરણની આ ટ્વીટ જોયા પછી એના હજારો ચાહકોએ એને ગેટ વેલ સૂનનો વળતો સંદેશો મોકલ્યો હતો.

## મુંબઈમાં રહેવા માટે માત્ર ગણપતિજીની મંજૂરી જોઈએ, બીજા કોઈની નહીં: કંગના



મુંબઈ: અભિનેત્રી કંગના રનૌત આજકાલ મુંબઈમાં છે. કંગના રનૌત મંગળવારે સિદ્ધિવિનાયક મંદિરના દર્શન માટે ગઈ હતી. ગણપતિ દર્શના માટે કંગના મરાઠી લૂકમાં પહોંચી હતી. કંગનાના ફોટો સોશિયલ મીડિયામાં ખુબ જ વાયરલ થઈ રહ્યા છે. કંગના રનૌત સવારે ૧૦ વાગ્યે મંદિરે દર્શન કરવા પહોંચી હતી. જ્યાં સુધી અભિનેત્રીએ જેટલો સમય દર્શન કર્યા તેટલો સમય તેમના કમાન્ડો બહાર ઉભા રહ્યા. કંગના રનૌતે ગણપતિ બાપ્પા મોરયા અને જય મહારાષ્ટ્ર કહ્યું. આ સિવાય અભિનેત્રીએ કહ્યું કે, મુંબઈમાં રહેવા માટે માત્ર ગણપતિજીની પરવાનગી જોઈએ અને હું અહિયા ગણપતિ બાપ્પાની પરવાનગી લેવા માટે આવી છું. મારે બીજા કોઈની પરવાનગીની જરૂર નથી. કંગના રનૌત ત્યારે ચર્ચામાં આવી હતી જ્યારે તેણે મુંબઈની તુલના પીઓકેની સાથે કરી હતી.

## ભાઈની સગાઈમાં શ્રદ્ધા કપૂરનો ઠાઠમાઠ: ૬૨ હજારની સાડી પહેરી




શ્રદ્ધા કપૂરે તેના કઝિન પ્રિયાંક શર્માની સગાઈ માટે એવો લૂક પસંદ કર્યો હતો જે ટ્રેડિશનલ હોવાની સાથે-સાથે ગ્લેમરસ પણ હતો. શ્રદ્ધા કપૂરે આ સગાઈના પ્રસંગમાં કેમલ યલો (પીળા) કલરની સાડી પહેરી હતી. આ સાડીની સાથે મેચિંગ સ્લીવલેસ બ્લાઉઝ હતો કે જેના પર રિચ એમ્બ્રોઇડરી કરવામાં આવી હતી. શ્રદ્ધા કપૂરે કઝિનની સગાઈના આ ખાસ પ્રસંગ માટે ડિઝાઈનર અર્પિતા મહેતાના લેબલમાંથી સાડી પસંદ કરી હતી. ઓફિશિયલ વેબસાઈટ પર ઉપલબ્ધ જાણકારી અનુસાર શ્રદ્ધા કપૂરે પહેરેલી આ સાડીની કિંમત રૂપિયા ૬૨,૦૦૦ છે. આ સાડીમાં ત્રણ અલગ-અલગ શેડ્સ ઉપલબ્ધ છે. આ ટ્રેડિશનલ સાડી ડિઝાઈનર અર્પિતા મહેતાના બ્રાઇડલ કલેક્શનનો ભાગ છે. જો તમારે આ સાડી લેવી હોય તો અર્પિતા મહેતાની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. શ્રદ્ધા કપૂર આ સાડીમાં ખૂબ જ સુંદર લાગી રહી હતી. માત્ર સાડી જ નહીં પણ શ્રદ્ધા કપૂર વિવિધ ટ્રેડિશનલ કપડામાં ઘણી વખત જોવા મળી છે. હંમેશાં તેની ફેશન આ પ્રકારની જોવા મળી છે. શ્રદ્ધા કપૂર તે નેચરલ બ્યુટી છે જે કોઈપણ કપડામાં સુંદર લાગે છે. તેમાં પણ ખાસકરીને શ્રદ્ધા કપૂરની સુંદરતા ઇન્ડિયન ડ્રેસમાં વધુ જોવા મળે છે.

## પૂજા ગોર આઇટી એક્સપર્ટના રોલમાં નજરે પડશે



ડિજિટલ પ્લેટફોર્મ પર સમયાંતરે આવતી રહેતી અલગ-અલગ જોનરની સિરીઝમાં બીજા પ્લેટફોર્મની સાથે સોની લિવ પણ આગવું નામ ધરાવે છે. આ પ્લેટફોર્મ પરથી અનેક હિટ સિરીઝ પ્રસારીત થઇ ચુકી છે. વધુ એક સિરીઝ શ્રીકાંત-બશીર આવી ચુકી છે. જેને ચાહકો પસંદ કરી રહ્યા છે. આ વેબ સિરીઝમાં શ્રીકાંતનું પાત્ર ગશમીત મહાજનીએ અને બશીરનું પાત્ર યુધિષ્ઠીરસિંહે નિભાવ્યું છે. આ બંને મુંબઇના એવા ઓફિસર છે જે મુંબઇને બાયોવેપનનો ઉપયોગ કરી નેસ્તનાબુદ કરવા નીકળેલા અન્ડરવર્લ્ડ સામે બાથ ભીડે છે. બંને શહેરને કેવી રીતે બચાવે છે તેની વાત અહિ છે. સિરીઝની ખાસીયત એ છે કે તમામ એક્શન સિન્સ કલાકારોએ જાતે જ કર્યા છે. વેબ સિરીઝમાં ટીવી સ્ટાર પ્રતિજ્ઞા ફેઇમ પૂજા ગોર પણ ખાસ રોલમાં છે. જે આઇટી એક્સપર્ટ રવિનાનો રોલ નિભાવી રહી છે. સૌથી મોટો પોઇન્ટ એક છે કે હિન્દુ અને મુસ્લિમ એક બનીને મુંબઇને બચાવવા આગળ વધે છે.

## અચાનક તબિયત કથળી અને અભિનેત્રી શ્રુતિ શેઠને હોસ્પિટલમાં ખસેડાઇ



મુંબઈ: વર્ષ ૨૦૨૦નું વર્ષ ભારત સહિત વિશ્વભરમાં માટે ખુબ જ ખરાબ સાબિત થયું છે. ભારતમાં પણ ખાસ કરીને બોલિવૂડ માટે ખુબ જ ખરાબ રહ્યું છે. ત્યારે આજે ફરી એક માઠા સમાચાર સામે આવ્યા છે. જેમાં અભિનેત્રી શ્રુતિ સેઠએ તાજેતરમાં ઈમરજન્સી સર્જરી કરાવી છે. તેણે ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા લોકોને જાણકારી આપી છે. શ્રુતિએ જણાવ્યું, અચાનક તબિયત ખરાબ થઈ ગઈ હતી. જે બાદ ડોક્ટરોએ ઈમરજન્સી સર્જરી કરાવવાની સલાહ આપી હતી. હાલ તબિયત પેહેલા કરતા સારી છે. શ્રુતિએ ઈંસ્ટાગ્રામ પર ફોટો શેર કર્યો. જેમાં લખ્યું હતુ કે, આખરે વર્ષ ૨૦૨૦ મારા માટે પણ ખરાબ બનીને આવ્યું. હું ઈચ્છતી હતી કે ક્રિસમસ એન્જોય કરું, ન્યૂ યર સેલિબ્રેટ કરું પરંતુ સંજોગવશાત થઈ શક્યુ નથી. મારે ઇમરજન્સી સર્જરી કરાવવી પડી છે. તેણે કહ્યું, સમય આપણને ઘણું શીખવે છે. તમે દરેક સમય સ્વસ્થ ન રહી શકો.

## આમીરને ગુજરાતનું ગીર અને સિંહો ગમી ગયા

જૂનાગઢ : સાસણ આવેલા બોલીવુડ સ્ટાર આમીરખાને પોતાની ૧૫મી વર્ષગાંઠ પરિવાર સાથે જંગલમાં ઉજવી હતી, સાથે અનેક ધૂમ મસ્તી સાથે અને ગીતોની રમઝટ વચ્ચે પરિવાર સાથે રજાનો માહોલ ગાળ્યો હતો, સાથે આ તકે તેની સાસણ મુલાકાત ખુબ જ જોરદાર અને અહીના જંગલ અને રોયલ એનિમલથી પ્રભાવિત બનીને તેના પર ફિલ્મ બનાવવા પણ વિચારી શકે છે તેવી ઇચ્છા વ્યક્ત કરી હતી. ત્રણ દિવસ પરિવાર સાથે સાસણમાં વિતાવી ફિલ્મ સ્ટાર આમીરખાન એકદમ ખુશ છે, પ્રથમ દિવસે બપોરે પોરબંદર ઉતરીને સાંજે સાસણ પહોચ્યા બાદ સવાર સુધી રિસોર્ટમાં જ આરામ કર્યો હતો, બીજા દિવસે સવારે પરિવાર સાથે સિંહ દર્શન માટે જંગલમાં જઇને ૧૩ જેટલા સિંહો નિહાળ્યા હતા, અને



રાતે પત્નીને ખુશ કરવા માટે જાતે ફિલ્મી ગીતો ગાઇને રોમેન્ટિક માહોલ માણ્યો હતો. ત્રીજા દિવસે તેને પરિવાર સાથે રિસોર્ટમાં જ રહીને પોતાની અને પત્ની કિરણરાવની લગ્નની ૧૫ મી લગ્નની વર્ષગાંઠ ઉજવી હતી. અહીના ગાઢ જંગલ, જંગલમાં વસતા વન્ય પ્રાણીઓ, પક્ષીઓ નિહાળીને એકદમ પ્રભાવિત બન્યો હતો, સીસીએફ ડો.દુષ્યંત વસાવડાએ જણાવ્યું કે, આમીરખાન સાથેની વાતચીતમાં તેને અહી આવીને ખુબ જ આનંદ થયો હોવાનું જણાવ્યું હતું, સિંહો જોવાનો મોકો મળ્યાની ખુશી વ્યક્ત કરી હતી, ત્યારે ફોરેસ્ટ અધિકારીઓએ તેમને વાઇલ્ડ લાઇફ કન્ઝર્વેશન પર કઇક કરવા માટે વાત કરી હતી ત્યારે તેમણે આ વિષે ફિલ્મ બનાવવા વિચારી શકે છે તેવી ઇચ્છા વ્યક્ત કરી હતી.



## રણબીર અને આલિયા ભટ્ટ સગાઈ કરવાની ફિરાકમાં


અભિનેત્રી આલિયા ભટ્ટ અને રણબીર કપૂરની રિલેશનશિપ ઘણા લાંબા સમયથી ચર્ચામાં છે. બંને વચ્ચે પ્રેમની જાહેરાત તો ઘણા સમય પહેલા જ થઇ ગઇ છે. રાહ તો માત્ર હવે તે સંબંધને એક નવી દિશા આપવાની છે. ત્યારે આજે વધુ એક સમાચાર સામે આવી રહ્યા છે. મળતી માહિતી મુજબ રણબીર અને આલિયા ભટ્ટ રાજસ્થાનના રણથંબોરમાં સગાઇ કરવા જઇ રહ્યા છે. તેમનો આ કાર્યક્રમ ખુબ જ ગુપચુપ રીતે આયોજન કરવામાં આવ્યો છે. આ સમાચારે એટલા માટે ગતી પકડી છે કારણ કે બોલિવૂડના બીજા અન્ય સેલિબ્રિટીઓ રાજસ્થાનના રણથંબોર જવા માટે રવાના થઇ ગયા છે. દરેક અમન હોટલમાં રોકાશે. પહેલા એવી વાત કરવામા આવી રહી હતી કે નવા વર્ષની ઉજવણી માટે રણબીર કપૂર અને આલિયા ભટ્ટ રાજસ્થાન ગયા છે. પરંતુ હવે તેમનો સમગ્ર પરિવાર એક જગ્યાએ ભેગા થયું છે. ત્યારે





હવે એમ કહેવામાં આવી રહ્યુ છે કે બંને સગાઇનું પ્લાનિંગ કરી રહ્યા છે. આમ તો રણવીર અને દીપિકા સિવાય ડાયરેક્ટર કરણ જોહર પણ ગોવાથી રાજસ્થાન જવા માટે રવાના થઇ ચૂક્યા છે. તે પણ આ કાર્યક્રમમો ભાગ બનવા જઇ રહ્યા છે. આ સિવાય ઋદ્ધિમા કપૂર, નીતૂ કપૂર, મહેશ ભટ્ટ પણ આ કાર્યક્રમમાં સામેલ થશે. નીતૂએ તો એક સેલ્ફી પણ શેર કરી છે. જેમાં રણવીર સિંહ અને દીપિકા પાદુકોણ દેખાઇ રહ્યા છે. ઉલ્લેખનિય છે કે એરપોર્ટ ઉપર પણ રણબીર કપૂર તેના સંપૂર્ણ પરિવાર સાથે જોવા મળ્યો હતો. તો રણવીર સિંહ અને દીપિકા પાદુકોણ પણ પછી એરપોર્ટ ઉપર જોવા મળ્યા હતા. દરેક સ્ટાર્સ એક જ જગ્યાએ ભેગા થતા આ વાત વધારે જોર પકડી રહી છે. આમ તો થોડા દિવસ પહેલા રણબીર કપૂરે પણ પોતાના લગ્નને લઈને મોટું નિવેદન આપી દીધુ હતું. તેમના કહેવા મુજબ જો આ કોરોના મહામારી ન હોત તો કદાચ આલિયા સાથે લગ્ન કરી લીધા હોત. એવો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે કે ૩૦ ડિસેમ્બરે સગાઇનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

## અક્ષય કુમારની ફી હવે ૧૧૭ કરોડ થઈ



આ વર્ષે અક્ષય કુમારે પોતાની એક્ટીંગ ફીમાં ખાસ વધારો કર્યો છે. મળતી માહીતી મુજબ લોકડાઉન બાદ તેની ફીમાં કરોડો રૂપિયાનો વધારો થઈ ગયો છે. અક્ષયકુમારે પોતાની ફી એટલી વધારી દીધી છે કે સાંભળી તમે પણ ચોંકી જશો. અક્ષય આ સમયે બોલીવુડમાં સૌથી વધુ કમાણી કરનાર એક્ટર્સમાંનો એક છે તે સતત કામ કરે છે. એક દિવસ પણ તે બ્રેક લેતો નથી. અક્ષયે પોતાની ફી ૯૯ કરોડથી વધારીને ૧૦૮ કરોડ કરી હતી જે વધીને ૧૧૭ કરોડ રૂપિયા થઈ ચુકી છે. દરેક પ્રોડ્યુસર અક્ષયને લેવા માંગે છે. તેવામાં પોતાની ડીમાંડ જોતાં અક્ષય વર્ષ ૨૦૨૨માં રીલીઝ થનારી પોતાની દરેક ફીલ્મ માટે ફી વધારી ૧૩૫ કરોડ રૂપિયા કરી છે. પ્રોડયુસરને લાગે છે કે અક્ષયકુમારને ફિલ્મમાં લેવાથી રીસ્ક ઓછુ હોય છે. ઓછા બજેટમાં શ્રેષ્ઠ ફિલ્મ બની જાય છે અને સારૂ રીટર્ન પણ મળવાની તક વધુ છે. મળતી માહીતી મુજબ અક્ષયની એક ફીલ્મની પ્રોડક્શન કોસ્ટ તેની ફીસ મળીને ૧૯૦ કરોડ રૂપિયામાં પડે છે. જયારે સેટેલાઈટ, ડીજીટલ, મ્યુઝીક રાઈટસ અને થીયેટર્સથી ફીલ્મ આરામથી ૨૦૦ કરોડ ઉપર બીઝનેસ કરી રહી છે.

## મસ્તાનીનું પાત્ર ઉત્સાહથી ભરેલું હતુંઃ દીપિકા પાદુકોણ



સંજય લીલા ભણસાલીની ફિલ્મ બાજીરાવ મસ્તાનીના રિલીઝને શુક્રવારે પાંચ વર્ષ પૂરાં થયાં. આ પ્રસંગે અભિનેત્રી દીપિકા પાદુકોણે ફિલ્મમાં મસ્તાનીના પાત્રને યાદ કરતાં કહ્યું કે તેમનું પાત્ર ઉત્સાહથી ભરેલું હતું. દીપિકાએ તેના પાત્રમાં ફિલ્મ નિર્માતા સાથેની એક તસવીર પોસ્ટ કરી હતી.દીપિકાએ ફોટોને કેપ્શન કરતા લખ્યું કે, તે પ્રેમ હોય કે યુદ્ધ, મસ્તાનીએ તેના જુસ્સાથી પોતાનું ભાગ્ય લખ્યું છે, ભલે તે કેટલું જોખમી કેમ ન હોય. તે ક્યારેય ઝૂકી ન હતી અને હંમેશાં કોઈને ગૌરવ અને એક પ્રેમથી પ્રેમ કરતી હતી. સાથે તેનો આધાર મજબૂત બનાવ્યો છે. આ ફિલ્મમાં દીપિકાના પતિ રણવીર સિંહે મરાઠા પેશ્વા બાજીરાવ પ્રથમ અને અભિનેત્રી પ્રિયંકા ચોપરા બાજીરાવની પહેલી પત્ની કાશીબાઈ તરીકે ભૂમિકા ભજવી હતી. અભિનેત્રી દિપીકા પાદુકોણે એક એકથી ચડીયાતી ફિલ્મો અને પોતાની અભિનય ક્ષમતાને આધારે દર્શકોનું ભરપુર મનોરંજન કર્યુ છે. આ વર્ષમાં તેનું નામ ડ્રગ કેસમાં પણ ઉછળ્યું હતું. આ કારણે અમુક ચાહકો તેનાથી નારાજ થયા હતાં. દિપીકાએ ફરી બધાના દિલ જીતવા પ્રયાસ કર્યો છે. હવે તે આવનારા વર્ષમાં નવી ફિલ્મો સાથે જોવા મળવાની છે. જેમાં શકુન બત્રાની ફિલ્મમાં તે સિધ્ધાંત ચતુર્વેદી અને અનન્યા પાંડે સાથે મુખ્ય રોલમાં છે. શાહરૂખ ખાન સાથે પઠાનમાં પણ તે મુખ્ય રોલમાં છે. અગાઉ શાહરૂખ સાને ચેન્નઇ એક્સપ્રેસ તે કરી ચુકી છે. આ ઉપરાતં નાગ અશ્વિનની ફિલ્મમાં અમિતાભ બચ્ચન અ ન ે પ્રભાસ સાથે છે. આ ફિલ્મ માટે પણ દિપીકા તૈયાર છે. ધ ઇન્ટર્ન નામની ફિલ્મ પણ તે કરી રહી છે. તેમજ મહાભારતમાં પણ તે દ્રૌપદીનો રોલ નિભાવી રહી છે. નિર્માતા મધુ મન્ટેનાએ આ રોલ માટે દિપીકાને પસંદ કરી છે.

## એ દિવસો દર્દનાક હતાંઃ તાપસી પન્નુ



તાપસી પન્નુ કોઇપણ પ્રકારના રોલમાં ઢળી જવા માટે જાણીતી છે અને પોતાને અપાતા પાત્રને ખુબ જ સારી રીતે નિભાવવા તે અત્યંત મહેનત કરવા પણ તૈયાર હોય છે. રશ્મિ રોકેટ નામની તેની ફિલ્મની ખુબ ચર્ચા છે. આ ફિલ્મ માટે તેણે ખુબ પરસેવો વહાવ્યો છે. જીમમાં કસરતો કરતી અને ટ્રેક પર દોડતી તાપસીની તસ્વીરો અગાઉ સામે આવી ચુકી છે. તાપસીએ કહ્યું હતું કે એ દિવસો દર્દનાક હતાં. શુટીંગના ત્રીજા દિવસે જ મારા શરીરે જવાબ આપી દીધો હતો. કારણ કે હું જરૂરિયાત મુજબ દોડી શકી નહોતી. આ કારણે થોડા સમય માટે શુટીંગ અટકાવી દેવું પડ્યું હતું. આ ફિલ્મ માટે મારે અનહદ મહેનત કરવી પડી છે.શ્હહ્ર્જૅ; તાપસીએ એક વિડીયો પોસ્ટ કરી લખ્યું છે કે રશ્મિ રોકેટ માટે છેલ્લે એથલેટિક તાલિમ પુરી થઇ ગઇ છે. આ ક્ષણોને હું તમારા બધાની સામે રજૂ કરી રહી છું. તાપસી આ પહેલા થપ્પડ અને સાંડ કી આંખમાં જાવા મળી હતી.

## તમિલનાડુમાં વિધાનસભા ચૂંટણી પહેલા રજનીકાંત નહીં બનાવે રાજકીય પાર્ટી



ચેન્નઈઃ તમિલનાડુમાં થનારી વિધાનસભા ચૂંટણી પહેલા સુપરસ્ટાર રજનીકાંતે એક મોટું એલાન કરી દીધુ છે. મંગળવારે એક મોટું નિવેદન આપતા જણાવતા રજનીકાંતે કહ્યું કે, તે કોઈ જ રાજનીતિક પાર્ટી નહીં બનાવે. રજનીકાંતે પોતાના નિવેદનમાં કહ્યું હતું કે, ગયા દિવસોમાં સ્થાસ્થ્ય ખરાબ થયું છે. તે આ ઘટનાને ભગવાનની ચેતવણી માને છે. અને રાજનીતિક પાર્ટી નહીં બનાવવાનો નિર્ણય કર્યો છે. રજનીકાંતે કહ્યું છે કે તે એવું કંઈ જ નથી કરવા માગતા કે લોકો સમજે કે તેને બલિનો બકરો બનાવી દેવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે આ પહેલા રજનીકાંતની તરફથી એલાન કરવામાં આવ્યું હતું કે તે ૩૧ ડિસેમ્બરે પોતાની રાજકીય પાર્ટીનું એલાન કરશે. જેના પછી તમિલનાડુંમાં થનારી વિધાનસભા ચૂંટણીમાં તેમનું લડવુ નક્કી થશે અને રજનીકાંત મુખ્યમંત્રી પદના ઉમેદવાર બની શકે છે. પરંતુ છેલ્લા દિવસોમાં જ્યારે રજનીકાંત હૈદરાબાદમાં પોતાની ફિલ્મની શૂટિંગ કરી રહ્યા હતા. ત્યારે તેમની તબિયત અચાનક બગડી ગઈ હતી. રજનીકાંતનું સ્વાસ્થ્ય ખરાબ થતા હોસ્પિટલમાં ભર્તી કરવામાં આવ્યા હતા. જ્યાંથી સારવાર બાદ ડિસ્ચાર્જ કરી દેવામાં આવ્યા છે.


LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male | $ 250,000 Female | $500,000 Male | $500,000 Female | $1000,000 Male | $1000,000 Female |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
* NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85) (Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
* CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE (Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
* MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits


Davinder Singh Chawla

416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865 Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS




DIVINE YOGA
By Geeta
FREE Special Yoga Class Streaming NOW due to COVID
• Reduce Stress and Anxiety
• Boost Immunity and Sleep Quality
• Gain Strength and Flexibility
• Become the Best Version of Yourself
The beauty of yoga is that you don't have to be a yogi or yogini to reap the benefits
Join today on ZOOM!
Classes Available: One-to-One Individual, Therapeutic, and Children
GEETA TAILOR : 416-456-2261
Contact Geeta at divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta

# માનુનીઓને સ્ટાઈલિશ રાખતા કમર બેલ્ટ

એક સમય એવો હતો જ્યારે કમરપટ્ટો- બેલ્ટ માત્ર જિન્સ પર જ પહેરવામાં આવતો. હા, બિઝનેસ સુટ પહેરતી મહિલાઓ ટ્રાઉઝર પર બેલ્ટ પહેરતી. ધીમે ધીમે આ ટ્રેન્ડ સ્કર્ટ પર આવ્યો. પણ હવે કમરપટ્ટા ગાઉન, ક્રોપ ટોપ, પલાઝો અને સાડી સુધ્ધાં પર પહેરાય છે. મહત્ત્વની વાત એ છે કે બેલ્ટને કારણે કોઈપણ ડ્રેસ ઉઠાવદાર લાગતો હોવાથી માનુનીઓ તેનો બહોળો ઉપયોગ કરવા લાગી છે. વળી બેલ્ટ પણ કંઈ કેટલાય મટિરિયલ અને ડિઝાઈનમાં મળે છે.

## ફેબ્રિક બેલ્ટ



જન્મ સુટ, મિડી, સ્કર્ટ જેવા પોશાક સાથે ફેબ્રિક, એટલે કે કાપડમાંથી બનાવેલી કમરપટ્ટા સુંદર લાગે છે. કમરપટ્ટા માટે ડેનિમ, નાયલોન, વેલ્વેટ, શાટિન, લેસ, કેન્વાસ ઈત્યાદિ ફેબ્રિકનો ઉપયોગ કરવામાં આવે છે. ફેબ્રિક બેલ્ટમાં બો ડિઝાઈન, સિક્વન ઈત્યાદિ ફેશન ટ્રેન્ડમાં છે.


## સસ્પેન્ડર બેલ્ટ

યુવા પેઢીમાં સસ્પેન્ડર બેલ્ક ખાસ્સો લોકપ્રિય છે. ખાસ કરીને ફેશનેબલ યુવતીઓ અને યુવાનોમાં પણ આ બેલ્ટને કારણે જે તે વ્યક્તિનું



વ્યક્તિત્વ ખીલી ઉઠે છે. આજની તારીખમાં બજારમાં સુંદર ડિઝાઈનના સસ્પેન્ડર બેલ્ટ મળે છે. ખાસ કરીને છોકરીઓ માટે અત્રે ઉલ્લેખનીય છે કે તેમાં ‘રૂ’ બેક અને ‘ઠ’ બેક એમ બે પ્રકાર આવે છે.

## ચેન બેલ્ટ



ચેન બેલ્ટ, એટલે કે મેટલ બેલ્ટ પણ માનુનીઓમાં ખૂબ માનીતા છે. તેમાંય કામણગારી કટિ ધરાવતી યુવતીઓ જ્યારે સાડી પર આવું બેલ્ટ પહેરે ત્યારે તેમને જોનારાના આંખો ચાર થઈ જાય. મેટલ બેલ્ટમાં ઓક્સિડાઈસ કમરપટ્ટાનું ચલણ સૌથી વધારે છે અને આવા બેલ્ટ જિન્સ, ચુસ્ત પોશાક, મીની ડ્રેસ, લોંગ શ્રગ તેમજ જમ્પસૂટ પર પણ પહેરી શકાય છે.

## કોર્સેટ બેલ્ટ



કમરપટ્ટામાં હટકે ડિઝાઈન પહેરવી હોય તો કોર્સેટ બેલ્ટ શ્રેષ્ઠ પસંદગીગણાય. આ બેલ્ટ ખાસ કરીને પેટ પર પહેરવા માટે ડિઝાઈન કરવામાં આવે છે. ખાસ્સા પહોળા કોર્સેટ બેલ્ટ પેટને વત્તાઓછા અંશે ઢાંકી દેતા હોવાથી પુષ્ટકાય માનુનીઓમાં તે વધુ માનીતા છે. પરંતુ પેટ દબાવી દે એવા ઈલાસ્ટિકવાળા કોર્સેટ બેલ્ટ સ્થૂળકાય મહિલાઓમાં વધારે પ્રિય છે.

## ડી-રિંગ બેલ્ટ



તરૂણીઓમાં ડી- રિંગ બેલ્ટ ખૂબ પ્રિય છે. આ કમરપટ્ટાનું બકલ ‘ડી’ આકારનું હોવાથી તેને ડી-રિંગ બેબી કહેવાામાં આવે છે. કેટલાંક બેલ્ટમાં બે બકલ પણ હોય છે. આવા બકલવાળા કમરપટ્ટામાં નીઓન રંગ અત્યંત સુંદર લાગે છે. તેમાં બેટર પ્રિન્ટ, ચેક્સ પ્રિન્ટ, ફલોરલ ઉપરાંત ઘણી પ્રિન્ટ આસાનીથી મળી જતી હોવાથી યુવતીઓ પોતાના ડ્રેસ અનુસાર બેલ્ટ પહેરે છે. વળી તે વજનમાં તદ્દન હળવું હોવાથી પણ તરૂણીઓમાં તે વધુ પ્રિય છે.

## સ્કાર્ફ બેલ્ટ




સ્કાર્ફની શોખીન યુવતીઓ જિન્સ પર સ્કાર્ફને વિવિધ રીતે વીંટાળીને તેનું બેલ્ટ બનાવી લે છે. જોકે તેને માટે સિલ્ક અને શાટિનના સ્કાર્ફમાં સૌથી વધુ ઉપયોગ થાય છે. માનુનીઓ સ્કાર્ફની ગાંઠ વચ્ચે, જમણે, ડાબે, પોતાની મરજી મુજબ વળી શકે છે. જોકે તેમાં બૉ જેવી ગાંઠ સૌથી સુંદર લાગે છે. જોકે બેલ્ટ ખરીદતી વખતે તેમ જ પહેરતી વખતે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે. જેમકે બેલ્ટ ખરીદતી વખતે સ્ટાઈલ સાથે કમ્ફર્ટને પણ પ્રાધાન્ય આપો. તમારા પોશાકને અનુરૂપ બેલ્ટ પહેરો. બેલ્ટના બકલની પસંદગી વખતે તમારા ફિગરને ખાસ ધ્યાનમાં લો.

# ઝડપી અન આકર્ષિત મેકઅપ કેવી રીતે કરશો

કોઈ કોઈ વાર એવું પણ બને છે કે, તમારે ક્યાંક જવાનું હોય અને તમારી પાસે સાજ શૃંગાર માટે સમય ખૂબ ઓછો હોય તો એવા સમયે ખૂબ ઝડપથી કેવી રીતે તૈયાર થઈ શકાય?

વાળને ચહેરા પાછળ કરી રબ્બર બેંડથી ઊંચે બાંધી લો, હાથમાં ક્લીઝિંગ મિલ્ક લઈને ચહેરા ઉપર લગાવો, ત્યારબાદ ભીના રૂના પૂમડાથી તરત જ લુછી લો.



જો તમારો ચહેરો ડાઘ વગરનો એકદમ સાફ અને સુંદર હોય ઉપરાંત શિયાળો હોય તો, બેઝ ન લગાવશો. પણ જો ચહેરા એકદમ સાફ ન હોય તો ફાઉન્ડેશનના પાંચ ટપકાં ચહેરા ઉપર અલગ અલગ જગ્યાએ લગાવો, જેમ કે એક કપાળ ઉપર, એક ચિબુક ઉપર દરેક ટીપાંને મૂકેલી જગ્યાની આજુબાજુ સારી રીતે ફેલાવી દો. જો ગરમીની ઋતુ હોય તો, તમારી ત્વચા ગમે તેવી હોય, પફ દ્વારા આછો આછો પાઉડર તો આખા ચહેરા ઉપર જરૂર લગાવો. બ્રશ દ્વારા ગાલના ઉપસેલા ભાગ ઉપર બ્લશર લગાવો. ધીમેથી કપાળ, ચિબુક અને કાનપટ્ટી ઉપર પણ લગાવો. આથી આખો ચહેરો તાજગીસભર પ્રફુલ્લિત બની જશે.

સમય જોકે ઓછો છે, એટલા માટે આંખોનો મેકઅપ વધારે ન કરો. ભ્રમર ઉપર જો આઈબ્રો પેન્સિલ ફેરવવાની જરૂર હોય તો જ લગાવો, નહીં તો એને કાંસકીવાળા આઈબ્રો બ્રશથી જ સજાવો. આંખોની નીચે આઈબ્રો પેન્સિલ આંખની બહારના મધ્ય ભાગ પાસેથી લઈને બહારના ખૂણા સુધી હળવેથી લગાવીને આંગળી અથવા બ્રશથી બહારની બાજુ ફેલાવો અથવા આછું કાજળ ફક્ત અંદરની બાજુએ જ લગાવો. મસ્કરાના બે શેડ ઉપરની અને નીચેની બંને પાંપણો



ઉપર લગાવો. એક વાતનું ખાસ ધ્યાન રાખો કે, પાંપણો અંદરોઅંદર ચોંટી ન જાય, મસ્કરા દરેક ઉપર સારી રીતે લગાડેલો હોવો જોઈએ, જેથી આંખો શોભી ઊઠે.

ઘેરા રંગની લિપસ્ટિક બ્રશમાં લઈને હોઠની બહારની રેખા બનાવો અને અંદરની બાજુએ આછા પ્રવાહી શેડની (રંગની) લિપસ્ટિક બ્રશની મદદ વડે નહીં, પણ સીધી જ લગાવો.

મેકઅપ સિવાય હાથપગની સારસંભાળ ઘરેણાં, ઝવેરાત, વસ્ત્રો, સેન્ડલ, પર્સ, રૂમાલ અને કેશ સજ્જા વગરે માટેની પસંદગી તમે બહાર જવાના એક કલાક પહેલાં જ કરો, કારણ કે જો તમે બધી ચીજવસ્તુઓની તૈયારી એક સાથે જ કરવા લાગશો તો ખબર પણ નહીં પડે કે, તૈયાર થતાં થતાં ક્યારનાય બે કલાક તો પસાર થઈ ગયાં.

નખને યોગ્ય આકાર આપવો અને નેલપોલિશ લગાવવી વગેરે કામ તમે વહેલાં ફૂરસદનાં સમયમાં કરી શકો છો. તમે જ્યારે મેકઅપની તૈયારી કરતાં



હો ત્યારે જ વિચારી લો કે, આજે કેવાં કપડાં પહેરશો, એની સાથે શોભતાં ઘરેણાં, પર્સ અને રૂમાલ જેવી નાનીમોટી વસ્તુઓ પણ યોગ્ય જગ્યાએ મૂકી રાખો, જેથી જતી વખતે એને કબાટમાંથી બહાર કાઢવાની ઉતાવળ ન રહે. આમ સમય પણ ઓછો બગડશે.

વાળને બપોરે જ ધોઈને સૂકવી લો અને કેવી કેશસજ્જા કરવી છે તે પણ વિચારી લો. જો તમે વાળ છૂટ્ટા રાખવા ઈચ્છતાં હો તો એ જ



સમયે ડ્રાયર અને રોલર દ્વારા સેટ કરી લો. કોઈ વિશેષ પ્રકારનો ચોટલો, અંબોડો અથવા કેશશૈલી અપનાવવા માંગતા હો તો સમય મુજબ પહેલાં બનાવીને જોઈ લો કે, એ શૈલી તમારા ઉપર શોભે છે કે નહીં. મેકઅપ કરતી વખતે પહેલાં તમે ઓછામાં ઓછા ૫ મિનિટ સુધી બેઝનો મેકઅપ લગાવી રાખો. એ વાતનું ખાસ ધ્યાન રાખો કે, એના ડાઘ ચહેરા ઉપર ન રહે. ૩ મિનિટ બ્લશર માટે, છ મિનિટ આંખોના મેકઅપ માટે, ૫ મિનિટ લિપસ્ટિક લગાવવા માટે ફાળવો. બાકીની ૧૦ મિનિટ તમે તમારી કેશશૈલી ગૂંથવામાં અને ઝવેરાત તથા વસ્ત્રો પહેરવાં માટે રાખો. આ પ્રમાણે જો તમે થોડી સમજણથી અથવા વ્યવસ્થિત આયોજન કરી મેકઅપ કરશો તો ચોક્કસ સમય કરતાં પહેલાં સારી રીતે તૈયાર થઈ શકો છો.

જો તમે દરરોજે કામ ઉપર જવા માટે તૈયાર થવા માંગતા હો તો આ બધી ચીજ વસ્તુઓની તૈયારી રાત્રે જ કરી લો. તો સવારે થોડો સમય બચશે. દરરોજ નોકરી પર જતાં હો ત્યારે વધારે મેકઅપ કરવાની જરૂર રહેતી નથી. એટલા માટે મેકઅપ માટે ૧૦ મિનિટનો સમય જ બસ થશે. વાળને કોઈ વિશેષ શૈલીમાં સજાવવા હોય તો, પાંચ કે સાત મિનિટનો સમય પૂરતો થઈ પડશે.

# અમદાવાદ સાયન્સ સિટીમાં દેશનું સૌથી મોટું એક્વેરિયમ અને રોબોટ પાર્ક બનશે

અમદાવાદ : અમદાવાદમાં આવેલું સાયન્સ સીટી ખાતે હવે નવા ત્રણ પાર્ક ઉભા થઈ રહ્યા છે. કોઈપણ વિદ્યાર્થી આવે તે નેચરથી લઈને વિજ્ઞાન સુધીની તમામ માહિતી એક જ સ્થળ પર મેળવી શકશે એ પ્રમાણેની સુવિધા અહિં ઉભી થઈ રહી છે. આગામી ૨ માસમાં તેનો લાભ લોકો લઈ શકશે.

સાયન્સ સીટી ખાતે દેશનું સૌથી મોટું એક્વેરિયમ અને રોબોટ પાર્ક નિર્માણ થવા જઈ રહ્યું છે. જેમાં અનેક વિશેષતા લોકોને જોવા અને નિહાળવા મળશે. આગામી ૨ મહિનામાં આ બંને પ્રોજેક્ટ પૂર્ણ થઈ જશે સાથે નેચર પાર્ક પણ અહીં ઉભું થઈ રહ્યું છે જેનો લાભ પણ લોકો લઈ શકશે. નિર્માણાધીન પ્રોજેક્ટનું નિરીક્ષણ કરવા માટે આજે મુખ્યમંત્રી વિજય રૂપાણી અહિં પહોચ્યા હતા અને તમામ સ્થળની મુલાકાત લીધી હતી. અને આધુનિકતા તરફ ગુજરાત વધી રહ્યું છે તેવું તેમણે જણાવ્યું હતું.

આ પાર્કનું આકર્ષણનું કેન્દ્ર હશે રોબોર્ટ પાર્ક કે જ્યાં તમામ વસ્તુ રોબોટિકજ હશે. કોઈપણ લોકો અહીં પાર્કની મુલાકાત લેશે ત્યારે તેમને રોબોર્ટની વિશેષતા જોવા મળશે. આ પાર્કમા છ થી ઢ સુધીની તમામ કામગીરી રોબોર્ટ મારફતે જ થાય તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે. પ્રવેશ કરતા જ રીસેપ્શન સેન્ટર પર રોબોર્ટ હશે જે માર્ગદર્શન આપશે અને રોબોર્ટ જોવા માટે ગાઈડ તરીકે પણ રોબોર્ટ જ સાથે આવશે અને એ માહિતી આપશે. સંગીત, ભોજન, પેઈન્ટીંગ સહિતની તમામ કામગીરી રોબોર્ટ મારફતે જ કરવામાં આવશે. આ પાર્કમાં અલગ અલગ ૧૭૨ પ્રકારના રોબોર્ટ રાખવામાં આવનાર છે. આ તૈયાર કરવામાં ૧૨૦ જેટલા લોકોની મહેનત છે.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મતદાર યાદીની તારીખો જાહેર

ગાંધીનગર : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા કાઉન ડાઉન શરૂ થઈ ગયું છે. બન્ને પક્ષો એક્શન મોડમાં આવી ગયા છે. ત્યારે બુધવારે ગુજરાત ચૂંટણી આયોગ દ્વારા મતદાર યાદી અંગે એક મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા લોકોને સિગ્નલ મળવા લાગ્યા છે. આજે રાજ્ય ચૂંટણી આયોગની જાહેરાત પ્રમાણે ૫ જાન્યુઆરીએ મતદારોની પ્રાથમિક મતદાર યાદી જાહેર કરવાની વાત કરી છે, જ્યારે ૨ ફેબ્રુઆરીએ અંતિમ મતદાર યાદી પ્રસિદ્ધ થશે. ૮ જાન્યુઆરી સુધી કોઈ પણ દાવા અરજી કરી શકશે.

ચૂંટણી આયોગની જાહેરાત પ્રમાણે ૧ જાન્યુ. ૨૦૨૧ની સ્થિતિએ પ્રાથમિક યાદી જાહેર કરવામાં આવશે, જેથી કોઈને વાંધા વચકા હોય તો ૧૮ જાન્યુઆરી સુધી દાવા અરજી કરી શકે છે. ૫ જાન્યુઆરીએ પ્રાથમિક મતદાર યાદી જાહેર કરાશે. ત્યારબાદ ૨ ફેબ્રુઆરીએ ફોટો વાળી અંતિમ મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. ૧-૧-૨૦૨૧ની સ્થિતિ મુજબની પ્રાથમિક યાદી જાહેર કરવામાં આવશે. જેમાં કોઈ પણ વ્યક્તિ ૧૮-૧ સુધીમાં દાવા અરજીઓ રજુ કરવાની રહેશે.

# ગુજરાતમાં આગામી બીજી અને ત્રીજી જાન્યુ.એ વરસાદની આગાહી

ગાંધીનગર : ગુજરાતમાં હાલ કાતિલ ઠંડીનું મોજું ચારેબાજુ ફરી વળ્યું છે, તેવા હવામાન વિભાગ દ્વારા ગુજરાતના ખેડૂતો માટે માઠા સમાચાર આપ્યા છે. નવા વર્ષે રાજ્યના વાતાવરણમાં મોટો પલટો આવવાની સંભાવના સેવવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા ઉત્તર ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. જેના કારણે ખેડૂતો ચિંતાતૂર બની ગયા છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે ૨ અને ૩ જાન્યુઆરીએ વરસાદ સાથે કાતિલ ઠંડી પડશે. એટલે રાજ્યભરના લોકોને કૃદરતના બે પ્રકોપનો માર સહન કરવો પડશે. હવામાન વિભાગ દ્વારા જાન્યુઆરીના પહેલા અઠવાડિયામાં કાતિલ ઠંડીનું મોજું પણ રહેવાની આગાહી કરી છે. આગાહી પ્રમાણે વર્ષ ૨૦૨૧ની શરૂઆત કાતિલ ઠંડી અને ઉત્તર ગુજરાતમાં કમોસમી વરસાદ સાથે થશે આ સાથે નવા વર્ષની શરૂઆતમાં ઉત્તર ગુજરાતમાં કડકડતી ઠંડી પડશે અને નલિયામાં કોલ્ડવેવ યથાવત રહેશે. આ ઉપરાંત જૂનાગઢ, અમરેલી, રાજકોટ સહિતના વિસ્તારો ઠંડાગાર બની રહેશે. ઉત્તરાયણ સુધીમાં ઠંડીનો ચમકારો અને કમોસમી વરસાદ થવાની શકયતા છે. હવામાનની આગાહી પ્રમાણે, ૩૧ ડિસેમ્બર સૌરાષ્ટ્રમાં પોરબંદર, જૂનાગઢ, ભાવનગર, ગીર સોમનાથ, રાજકોટ અને કચ્છમાં કોલ્ડવેવની સ્થિતિ સર્જાશે.

# ગુજરાતમાં અમંગળ બુધવાર : પાંચ ગમખ્વાર અકસ્માતમાં નવનાં મોત

અમદાવાદ : ગુજરાત માટે આજે બુધવારનો દિવસ અમંગળ સાબિત થયો છે. ગુજરાતમાં બુધવારે અલગઅલગ વિસ્તારોમાં ૫ અકસ્માતો સર્જાયા હતા. જેમા કુલ ૯ લોકો મોતને ભેટ્યા હતા. રાજ્યમાં કચ્છ, વડોદરા, નવસારી અને આણંદમાં ગમખ્વાર અકસ્માતના બનાવો નોંધાયાં છે.

બુધવારે સવારે આણંદ જિલ્લાનાં ખંભોળજ પાસે કણભઈપુરા ગામે અરેરાટીભર્યો અકસ્માત સર્જાયો હતો. આ અરેરાટીભર્યા અકસ્માતમાં આઈશર ટેમ્પોએ બાઈકને ટક્કર મારી હતી. જેમા બાઈક સવાર ૩ યુવાનના કમકમાટીભર્યા મોત નીપજ્યાં હતા. જોકે અકસ્માત સર્જી આઈશર ટેમ્પોનો ચાલક ફરાર થઈ ગયો હતો.

બીજી ઘટનામાં વડોદરામાં હિટ એન્ડ રનની ઘટના બની છે જેમા ૩ લોકોના મોત નિપજ્યા છે. અજાણ્યા વાહનચાલકે બાઈકને ટક્કર મારી ફરાર થઈ ગયો હતો, મૃતક ત્રણેય યુવકો પાદરાના હોવાનું સામે આવ્યું છે.

ત્રીજી ઘટનામાં નવસારી નજીકથી પસાર થતાં નેશનલ હાઈવે ૪૮ પર ભયંકર અકસ્માત થયો હતો. જેમાં વલસાડથી સુરત તરફ જતી હોન્ડા સિટી કારનું ટાયર ફાટતા કાર અમદાવાદ મુંબઈ ટ્રેક પર ફંગોળાયેલી કાર સામેથી આવતી કાર સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર એક વ્યક્તિનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

ચોથી ઘટનામાં નશામાં ધૂત કારચાલકે મહિલા સફાઈ કર્મચારીને કચડતા મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ કારચાલક ફરાર થાય તે પહેલા જ લોકોએ તેને પકડી લીધો હતો અને માર મારી પોલીસને સોંપ્યો હતો.

પાંચમી ઘટનામાં સુરત ગોડાદરા વિસ્તારમાં આજે બપોરે ટ્રેલરે બાઈક ચાલકને અડફેટે લેતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

# ડોન દાઉદનો સાગરિત અબ્દુલ મજીદ કુટ્ટી ૨૪ વર્ષે જમશેદપુરથી પકડાયો

અમદવાદ : ૧૯૯૭માં ગુજરાત અને મહારાષ્ટ્રમાં પ્રજાસત્તાક દિવસે ત્રાસવાદી કૃત્ય કરવા માટે રાજસ્થાનથી મોકલાયેલા અને મહેસાણા હાઈવે પર પકડાયેલા અઢી કરોડના વિસ્ફોટકોના કેસમાં ૨૪ વર્ષથી નાસતા ફરતા આરોપીની એટીએસે અટક કરી હતી. પોલીસે જશેદપુરમાં નામ બદલીને રહેતા અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમના સાગરીત અબ્દુલ મજીદ કુટ્ટીને ઝડપી લઈને વધુ તપાસ હાથ ધરી છે. એટીએસે માહિતીને આધારે ઝારખંડ જમશેદપુરમાંમોહમંદ કમાલ ઉર્ફે મોહંમદ હારૂન રસીદના ખોટા નામથી રહેતા અબ્દુલ મજીદ કુટ્ટીની જમશેદપુરથી અટક કરી હતી. ૧૯૯૭માં ભાંગફોડ પ્રવૃતિને અંજામ આપવા ડોનદાઉદ ઈબ્રાહીમે પાકિસ્તાનથી વિસ્ફોટક સામગ્રી મોકલી હતી.

# દહેજની માગ પુરી ન થતાં પત્નીનાં વાળ કાપીને ઘરમાંથી કાઢી મૂકાઈ

- દોઢ માસ પહેલાં જ લગ્ન કરનારી યુવતીના પતિએ પોત પ્રકાશતા યુવતીની નરોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

અમદાવાદ : પરિવારની વિરુદ્ધમાં જઈને પ્રેમ લગ્ન કરનારી ૨૨ વર્ષની નેહાને (નામ બદલ્યું છે) પસ્તાવાનો વારો આવ્યો છે. લગ્નને હજુ માંડ દોઢ મહિના જેટલો સમય થયો છે ત્યાં તેના પતિની અસલિયત સામે આવી ગઈ છે. લગ્ન બાદના શરુઆતના દિવસો નવદંપતી માટે ખૂબ મહત્વના હોય છે. પરંતુ નેહા માટે આ દિવસો ઝેરના ઘૂંટ સમાન સાબિત થયા. દોઢ મહિનાની અંદર તેના પતિ મોહિતે (નામ બદલ્યું છે) ન માત્ર તેની સોનાની વસ્તુઓ વેચી કાઢી પરંતુ પિયરમાંથી પૈસા લાવવા માટે દબાણ પણ કરવા લાગ્યો. નેહાએ પૈસા લાવવાનો ઈનકાર કરી દેતા મોહિતે તેને ફટકારી હતી અને થોડા વાળ પણ કાપી નાખ્યા હતા. આ સમગ્ર મામલે નરોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. નેહા અને મોહિત આશરે દોઢ વર્ષથી રિલેશનશિપમાં હતા. જો કે, નેહાનો પરિવાર તેની સખત વિરુદ્ધમાં હતો. તેથી તેણે ભાગીને લગ્ન કરવાનું નક્કી કર્યું હતું. લગ્ન બાદ તેઓ રાજસ્થાન જતા રહ્યા હતા. દરમિયાન મોહિત પાસે પૈસા ખતમ થઈ જતાં નેહાએ પોતાની સોનાની બુટ્ટી અને વીંટી વેચી દીધી હતી. જેના પૈસા મોહિતે પોતાની પાસે રાખ્યા હતા. પૈસાની વધારે જરૂર પડતાં નેહાએ અંતે પોતાના મિત્રો પાસેથી ઉધાર લીધા હતા. જે બાદ બંને ભાડાના મકાનમાં રહેવા લાગ્યા હતા.

# ગઢડામાં મહંત સાથે ગેરવર્તન કરનાર પોલીસને સસ્પેન્ડ કરવા માંગણી

ગઢડા : ગઢડા ગોપીનાથજી મંદિરમાં ગત ૬ ડિસેમ્બરના રોજ ચેરમેન ઓફિસમાં સત્તાને લઈ વિવાદ મામલે કરાયેલ ફરિયાદને લઈ ફરિયાદી રમેશ ભગતને મંગળવારે બોટાદ પોલીસે નિવેદન માટે બોલાવ્યા હતા. જ્યાં નિવેદન બાદ આ મામલે સંડોવાયેલ પોલીસ અધિકારીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ થાય તેવી માંગ સાથે દેશ વિદેશના હરિ ભક્તોમાં રોષ હોવાનું જણાવ્યું હતું. ગઢડા ખાતે આવેલ ગોપીનાથજી મંદિરમાં છેલ્લા ઘણા સમયથી મંદિર સત્તાને લઈ વિવાદ ચાલી રહ્યો છે. જેને લઈ ગત ૬ ડિસેમ્બરના રોજ ચેરમેન પદ પર આચાર્ય પક્ષના રમેશ ભગતે ચાર્જ સંભાળ્યા બાદ મંદિર વહીવટને લઈ ચેરમેન પદના વિવાદ મુદ્દે પોલીસ દ્વારા ચેરમેનની ચેમ્બરમાં થયેલ બબાલ મામલે ચેરમેન રમેશ ભગત દ્વારા ફરિયાદ કરાઈ છે.

અનુ. પાના ૪નું ચાલુ : બ્રેક્ઝિટના એક વર્ષ બાદ...

અંત સુધીનો સમય હતો અને આ વર્ષના અંત સુધી તે યુરોપિયન યુનિયનના સંયુક્ત બજારનો ભાગ રહેશે. આ સમયસીમા સુધીમાં બ્રિટને વ્યાપારી, રક્ષા, ઉર્જા, પરિવહન અને ડેટા સહિત તમામ મહત્ત્વના મુદ્દાઓ પર સમજૂતિ કરવી ફરજિયાત હતી. જ્હોનસને પણ વાયદો આપ્યો હતો કે, વર્ષના અંત સુધીમાં ઝીરો ટેરિફ ઝીરો ક્વોટાના સિદ્ધાંત પર આધારિત ટ્રેડ ડીલ કરી લેશે. જો આ સમજૂતિ ન સધાઈ હોત તો કાનૂની રીતે એવી સ્થિતિ ઊભી થઈ હોત જેમાં ૨૦૨૧થી યુરોપિયન યુનિયન અને બ્રિટન વચ્ચેના વ્યાવસાયિક સંબંધો પર વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનના નિયમો લાગુ પડી જાત. જેમાં વ્યાપારી સંબંધોમાં તમામ પ્રકારના આયાત ટેરિફ અને કંટ્રોલ ફી ચૂકવવા ફરજિયાત થઈ ગયા હોત. યુરોપિયન યુનિયન સાથે વેપાર સંધિ કરવા માટે સામાન્ય રીતે બીજા દેશોને વર્ષો લાગી જાય છે. એવામાં એક વર્ષમાં કોઈ નક્કર વેપારી સમજૂતિ ઘડાવાની શક્યતા નહિવત લાગતી હતી. પરંતુ હવે આ સમજૂતિ સધાઈ જતા જ્હોનસનને હાશકારો થયો છે. આ સમજૂતિનો અર્થ એ છે કે બીજા વિશ્વયુદ્ધ બાદ બ્રિટન અને યુરોપીય દેશો વચ્ચે સહયોગની જે લાંબી પરંપરા રહી છે એ કોઈ સમસ્યા વિના બંને પક્ષોને અલગ પણ કરી દેશે અને તેમની વચ્ચે વેપારનો સરળ માર્ગ પણ ખુલ્લો રહેશે. બંને પક્ષો વચ્ચે ઝીરો ટેરિફ ઝીરો ક્વોટાના ધોરણે સમજૂતિ થઈ હોવાનો મતલબ એ કે તેમની વચ્ચે માલસામાનનો આશરે ૪૫૦ અબજનો વાર્ષિક વેપાર સરળતાથી ચાલતો રહેશે. જોકે સમજૂતિને અમલમાં લાવવા માટે તેને બ્રિટન અને યુરોપિયન યુનિયન, બંનેની સંસદમાં પસાર કરાવવી આવશ્યક છે. યુરોપિયન યુનિયનની સંસદમાં તો આ સમજૂતિ પસાર કરાવવામાં વાંધો આવે એમ લાગતું નથી. પરંતુ બ્રિટનની સંસદમાં તેને પસાર કરવું બોરિસ જ્હોનસન માટે ચોક્કસ જ મુશ્કેલ છે. કારણ કે, વિપક્ષી પાર્ટીઓ આ ડીલનો વિરોધ કરવા માંડી છે. એકંદરે બ્રેક્ઝિટ લાગુ થયા બાદ પણ બોરિસ જ્હોનસન માટે પડકારો ઓછા ન હતા. બ્રેક્ઝિટની ચર્ચા ચાલી ત્યારથી બ્રિટનની અર્થવ્યવસ્થા ઉપર તેની નકારાત્મક અસરો થઈ છે. બ્રિટનની અર્થવ્યવસ્થાની વૃદ્ધિ અટકી ગઈ છે અને લોકો ગરીબ થવા લાગ્યાં છે. વિદેશી કંપનીઓ પણ રોકાણને લઈને વધારે સાવચેત બની ગઈ છે. પ્રોપર્ટી બજારમાં મંદી આવી ગઈ છે. આવા સંજોગોમાં સાંસદોએ કેટલાક નાના-મોટા વિવાદો વચ્ચે બુધવારે નવા સંઘીય કરારને મંજૂર રાખ્યા હતા. જો કે હવે આ ખરડાને બીજાગૃહમાં મંજૂરી માટે મુકાશે.


અનુ. પાના ૪નું ચાલુ : જમ્મુ કાશ્મીરની ચૂંટણીમાં ...

ગુપકાર જોડાણના ફાળે ગઈ છે. ગુપકર જોડાણના પક્ષો સાથે છે પણ કાશ્મીર ખીણમાં એ બધા અંદરોઅંદર લડ્યા છતાં ભાજપ ફાવ્યો નથી. આ પરિણામો દેશ માટે સારો સંકેત નથી. કેમ કે ગુપકર જોડાણ દેશના ફાયદામાં નથી.

આમ તો ગુપકર શ્રીનગરનો પોશ વિસ્તાર છે અને અબદુલ્લા પરિવાર આ વિસ્તારમાં ભવ્ય બંગલામાં રહે છે. મોદી સરકારે ગયા વરસે ઓગસ્ટ મહિનામાં બંધારણની કલમ ૩૭૦ અને કલમ ૩૫ એ નાબૂદ કરી ત્યારે ભાજપ વિરોધી પક્ષોએ કકળાટ મચાવ્યો હતો. ૪ ઓગસ્ટની સાંજે ભાજપ વિરોધી તમામ પક્ષો ફારૂક અબદુલ્લાના ગુપકર રોડ પરના ઘરે ભેગા થયા અને મોદી સરકારના આ પગલાં સામે લડવા માટે એક થવાનો નિર્ણય લીધો. તેથી તેને ગુપકર ઠરાવ નામ અપાયું. આ સાથે આ ઠરાવ કરાનાર પક્ષોને ગુપકર જોડાણ નામ અપાયું. આ પક્ષોનો એજન્ડા સ્પષ્ટ છે કે એ લોકો જમ્મુ અને કાશ્મીરને ભારતનાં બીજાં રાજ્યોની સમકક્ષ ગણવા તૈયાર નથી. મોદી સરકારના નિર્ણય સામે બનેલું આ એક સંગઠન છે. તેમાં ભલે અનેક પક્ષો છે. પરંતુ તે બંધારણની કલમ ૩૭૦ અને ૩૫ એ ફરી પ્રસ્થાપિત કરવા માંગ છે. હવે જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભા તો છે જ. તેથી ગમે ત્યારે ચૂંટણી થશે જ. ડીડીસીનાં પરિણામોમાં કાશ્મીર ખીણમાં ભાજપ સાફ થઈ ગયો છે. જ્યારે જમ્મુ ડિવિઝનમાં ભાજપને ભલે વધારે બેઠકો મળી છે. પરંતુ ગુપકર જોડાણે ભાગ પડાવ્યો છે. આ જ ટ્રેન્ડ જળવાય તો ભાજપે કાશ્મીર ખીણની ૪૬ બેઠકોથી હાથ ધોઈ નાખવા પડે તેમ છે.

# વડોદરામાં કાચના ટુકડાથી ઘા ઝીંકી સગી જનેતાની હત્યા

વડોદરા : વડોદરામાં દારુનો નશો કરવા પૈસા આપવા માટે આધેડ વયની માતાની મારઝૂડ કરતાં ૨૮ વર્ષીય બેરોજગાર પુત્રએ મંગળવારે મોડીરાતે અરીસાના અણીદાર કાચના ટુકડાથી માતાની છાતી ચીરી નાંખીને ક્રૂરતાપૂર્વક હત્યા કરી હતી. બાદમાં લાશને ઢસેડીને મકાન પાસેની ખુલ્લી જમીનમાં લઈ જઈ સોસાયટીમાંથી કચરો વીણી લાવીને લાશને સળગાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. જે બાદ મંગળવારે સવારે ૧૦-૩૦ વાગે પોલીસને જાણ થતાં ઘટનાસ્થળે પહોંચી ઘરમાંથી જ હત્યારા પુત્રને ઝડપી પાડયો હતો. પોલીસે જણાવ્યું કે હત્યારો દિવ્યેશ સરદારસિંગ બારિયા (ઉ.વ.૨૮)



આધેડ વયની માતા ભીખીબેન સાથે ગોત્રી અંબિકા નગર ચાર રસ્તા પાસેની જય અંબે સોસાયટીના મકાનમાં રહેતો હતો. દિવ્યેશ છૂટક ડ્રાઈવિંગ કરતો હતો. પરંતુ કેટલાક દિવસથી બેકાર છે. તેની બહેન સજ્જનબેન અઠવાડીયાનું રાશન ભરી આપે તેના પર માતા-પુત્રનો નિર્વાહ થતો હતો.

## લાશને મેદાનમાં ઢસડી ગયો, લાશ પાસે નમઃશિવાયના જાપ કર્યા..

વડોદરાઃ વડોદરાના ગોત્રી વિસ્તારના જયઅંબે નગરમાં ગઇમધરાતે લકવાગ્રસ્ત માતા ભીખીબેન બારીયાની કૂખમાં કાચના ઘા ઝિંકી હત્યા કરી લાશને સળગાવી દેવાનો પ્રયાસ કરનાર દિવ્યેશના ચહેરા પર કાંઇ ખોટું કર્યું હોય તેવો લેશ માત્ર રંજ દેખાતો નથી. ગોત્રીના પીઆઇ એસ.વી.ચૌધરીએ હત્યા કરવાનું કારણ પૂછતાં માનસિક અસ્વસ્થ હત્યારાએ નિવેદનો બદલ્યા હતા. એક તબક્કે તેણે કહ્યું હતું કે,મને શંકર ભગવાને કહ્યું કે તારી માતા ને જીવતી ના રાખીશ,ઉપર મોકલી આપ...એટલે હત્યા કરી છે. હત્યારાએ માતાની લાશ પાસે ઓમ નમઃશિવાયના જાપ પણ કર્યા હતા. ગોત્રીના જયઅંબે નગર વિસ્તારમાં વહેલી સવારે હત્યારાને લોહીવાળા હાથ સાતે ટેરેસ પર જોઇ આસપાસના લોકો હેતબાઇ ગયા હતા.

## મૃત પિતાએ સ્વપ્નમાં કહ્યું, માતાને ઉપર મોકલી આપ.. અને પુત્રએ હત્યા કરી

વડોદરાઃ છૂટક ડ્રાઇવિંગ કરતો દિવ્યેશ છેલ્લા કેટલાક સમયથી દારૂના રવાડે ચડયો હોવાથી તેની માતા સાથે વારંવાર તકરાર થતી હતી. મંગળવારે રાતે પણ તેણે તકરાર થતાં આવેશમાં આવી ગયેલા દિવ્યેશે અરીસો તોડયો હતો અને તેના કાચના ઘા મારી માતાના છાતી તેમજ પેટ ફાડી નાંખતા ભીખીબેનનું મોત નીપજ્યુ હતું. ઉપરોક્ત બનાવ બાદ હત્યારા પુત્રએ લાશને સળગાવી દેવાનો પ્રયાસ કર્યો હતો.બનાવની જાણ પાડોશીઓએ પુત્રીને કરતાં પુત્રી અને જમાઇ આવ્યા હતા.આ વખતે દિવ્યેશ ઘરમાં જ હતો અને તેણે બહેનને કહ્યું હતું કે, મારા સ્વપ્નમાં પિતા આવ્યા હતા અને તેમણે મને કહ્યું કે તારી માતા ને ઉપર મોકલ. એટલે મે મા ને ઉપર મોકલી આપી છે.

## આખરે 'ઈડરિયા ગઢ'નો પ્રવાસન ધામમાં સમાવેશ

ઈડરઃ અમે ઈડરિયો ગઢ જીત્યા રે આનંદ ભર્યાપ ગુજરાતમાં ભાગ્યે જ કોઈ એવું હશે કે જેણે લગ્ન પ્રસંગે ગવાતી આ પક્તિ નહીં સાંભળી હોય. ગુજરાત રાજ્યના પ્રવાસન વિભાગે આખરે ઈડરિયા ગઢને ટુરિઝમના સ્થળોમાં સામેલ કરીને દેશ વિદેશના પ્રવાસીઓમાં ઈડરિયા ગઢનું સૌંદર્ય પીરસીને તેનું આકર્ષણ ઉભુ કરવા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા ખુશ્બૂ ગુજરાત કી મેગેઝીનમાં નોંધ લઈને પ્રથમ પાને ઈડરિયા ગઢનો ફોટો પ્રસિદ્ધ કરીને અંદરના પાને ચાર સુંદર ફોટોગ્રાફ્સ સાથે અંગ્રેજીમાં આર્ટીકલ પ્રસિદ્ધ કરતાં સમગ્ર દેશમાં ઈડરનું ગૌરવ વધ્યું છે.

'ઈડર' પૌરાણિક સમયમાં 'ઈલ્વદુર્ગ'ના નામે ઓળખાતું હતું. ઈડરિયો ગઢ, રણમલની ચોકી, રૂઠી રાણીનું માળીયું, શ્રીમદ્ રાજચંદ્ર વિહાર, રાણી તળા તેમજ અનેક સ્થાપત્યો જેવા અમૂલ્ય વારસાને નિહાળવા પ્રવાસીઓ આવે છે.


## દહેગામમાં સગી જનેતાએ બે બાળકીને કેનાલમાં ફેંકી દીધી

ગાંધીનગરઃ ઘરમાં કંકાસ થતા પતિ-પત્નીના ઝઘડા થવા એ એક સામાન્ય વાત છે પરંતુ આ કંકાસમાં ક્યારેક વ્યક્તિ માનસિક રીતે પડી ભાંગતા પતિ અથવા પત્ની આપઘાત પણ કરી લે છે તેવા કિસ્સાઓ પણ પ્રકાશમાં આવી ચૂક્યા છે, પરંતુ ઘર કંકાસમાં બાળકોની હત્યા થવાની ઘટના દહેગામમાં બની છે.

ગાંધીનગરના દહેગામમાં ડબલ મર્ડરનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જ્યાં સગી જનેતાએ જ બે પુત્રીઓને કેનાલમાં ફેંકી દીધી હતી અને ત્યાર બાદ બંન્ને પુત્રીઓના અપહરણનું તરકટ રચ્યું હતું. જોકે પોલીસે પણ આકરી પૂછપરછ કરતા માતા પડી ભાંગી હતી. અને ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. જેથી પોલીસ પણ દંગ રહી ગઈ હતી.

ગાંધીનગર જિલ્લાના દહેગામના આત્રોલી ગામની આ ઘટના છે. જ્યાં પતિ-પત્નીના ઘર કંકાસથી તંગ આવી સગી જનેતાએ જ કડદરા પાસે આવેલ કેનાલમાં પોતાની બે માસુમ દીકરીઓને ફેંકી દીધી હતી. અને ત્યાર બાદ બંન્ને દીકરીઓનું અપહરણ થયાનું તરકટ રચ્યું હતું. પરંતુ પોલીસે આ મામલે માતાનું તરકટ પકડી પાડ્યું હતું અને આકરી પૂછપરછ કરતા માતા પડી ભાંગી હતી અને બંન્ને બાળકીઓને કડદરા પાસે આવેલ કેનાલમાં ફેંકી હોવાની કેફિયત કરી હતી. જેમા પોલીસે પણ તાત્કાલિક કેનાલ પાસે પહોંચી તપાસ આદરી હતી. જેમા એક માસુમનો મૃતદેહ મળ્યો હતો .

## નવલિકાકાર હરિત પંડયા અક્ષરદેહમાં વિલિન થયા



નડિયાદઃ નડિયાદના સાક્ષર અને નવલિકાકાર તરીકે લોકપ્રિય થયેલા હરિત પંડયા ૨૩ ડિસેમ્બરે અક્ષરદેહમાં વિલિન થયા હતા. ૧૯ ઓગસ્ટ ૧૯૩૩ને દિવસે જન્મેલા હરિતભાઈએ એમ.એ. બી.એડ. સુધી અભ્યાસ કર્યો હતો અને દાયકાઓ સુધી અધ્યાપક તરીકે સેવા આપી હતી.મૂળ નર્મદા જિલ્લાના ભાલોદના વતની હરિત પંડયાની કર્મભૂમિ નડિયાદ રહી હતી. હરિતભાઈ ચિત્રકળામાં વિશેષ રસ ધરાવતા હતા. નિહારિકા, તમન્ના, અતીતને આરે, હાર્બર, વ્યાપ્તિનું ફૂલ, સપનાં થયાં સાકાર, શ્રી લોકનાથ તીર્થસ્વામી મહારાજ અને વિશ્વના મહાન ચિત્રકારો વગેરે તેમનાં પુસ્તકો છે. તેમનો અંગ્રેજી નવલિકાસંગ્રહ હાર્બર ખૂબ પ્રશંસા પામ્યો છે. ગુજરાતી ઉપરાંત હરિતભાઈ અંગ્રેજી સાહિત્યના પણ ઊંડા અભ્યાસી હતી.

## રાજસ્થાનમાં ડીસાના જીવદયા પ્રેમી ભરત કોઠારીને અકસ્માત, ત્રણ લોકોના કરૂણ મોત

- સમગ્ર ઉત્તર ગુજરાતમાં જૈન સમાજ અને જીવદયા પ્રેમીઓમાં શોકની કાલીમા

ડીસાઃ મંગળવારે રાજસ્થાનના જાલોર પાસે અકસ્માતમાં ડીસાના જીવદયા પ્રેમી ભરત કોઠારી સહિત ૩ લોકોના મોત થયા હતા. કાર પલટી જતા અકસ્માત સર્જાયો હતો. જહાજપુર જૈન મંદિરે દર્શન કરવા જતા અકસ્માત નડયો હતો. ભરત કોઠારીના મોતથી સમગ્ર જિલ્લામાં માતમ છવાયો હતો.

રાજસ્થાનના જહાજપુર જૈન મંદિરે દર્શન માટે જઈ રહેલા રહેલા બનાસકાંઠાના જીવદયા પ્રેમીઓની પજેરો ગાડી પલટી જતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં જીવદયાપ્રેમી ભરત કોઠારી સહિત પજેરો ગાડીમાં સવાર ત્રણ જૈન અગ્રણીઓના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. જેને પગલે સમગ્ર જીવદયા પ્રેમી પરિવાર અને જૈન સમાજમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

આ અકસ્માત એટલો ભયાનક હતો કે પજેરો ગાડી ફંગોળાઈને ઝાડીઝાંખરામાં ફેંકાઈ ગઈ હતી. અકસ્માતમાં ભરતભાઈ કોઠારી, વિમલભાઈ જૈન અને રાકેશ ધરીવાલનું ગંભીર ઈજાઓને કારણે ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે, અન્ય ૨ લોકોને ગંભીર ઈજાઓ થતા તેમને સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બનાવને પગલે સ્થાનિક લોકો તુરંત ઘટનાસ્થળે પહોંચી રાહત કામગીરી શરૂ કરી હતી અને બંને ઈજાગ્રસ્તોને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જોકે, આ અકસ્માત પહેલાના એક વીડિયો સીસીટીવીમાં કેદ થયો છે.

## બરોડા ડેરીની ચૂંટણીમાં ૮ બેઠક પર જીત સાથે ભગવો લહેરાયો

વડોદરા : બરોડા ડેરીની ચૂંટણીમાં ત્રણેય ધારાસભ્યોએ જેને ટેકો આપ્યો હતો તે ત્રણ ઉમેદવારોનો પરાજય થયો છે. ડેરીની ચૂંટણીમાં કરજણના ભાજપના ધારાસભ્યએ ભાજપની ૫ નલના ઉમેદવારની સામે ફોર્મ ભરનાર સંજય પટેલ તથા પાદરાના કોંગી ધારાસભ્યએ ડેરીના પૂર્વ ચેરમેન અને પૂર્વ ધારાસભ્યનો ખુલ્લો પ્રચાર કર્યો હતો. બંને ઉમેદવારોને પછડાટ ખાવી પડી હતી. જ્યારે ડભોઈના ભાજપના ધારાસભ્ય પર દિલીપ પટેલને જિતાડવાની જવાબદારી હતી.પરંતુ તેમને માત્ર ૨૦ મત મળ્યા હતા.

ભાજપ પ્રેરિત વિજેતા ઉમેદવારોમાં દિનેશભાઇ પટેલ (ચેરમેન),જી.બી. સોલંકી (વાઇસ ચેરમેન), સતિષ નિશાળીયા (કરજણ), કુલદિપસિંહ રાઉલજી (ડેસર), રમેશભાઈ બારીયા (સંખેડા), રામસિંગ વાઘેલા (સાવલી), જ્યોતિન્દ્રસિંહ પરમાર (તિલકવાડા), શૈલેષભાઇ પટેલ (વડોદરા), જ્યારે કોંગ્રેસ પ્રેરિત વિજેતા ઉમેદવારોમાં રણજિતસિંહ રાઠવા (જેતપુરપાવી), સંગ્રામસિંહ રાઠવા (છોટાઉદેપુર), સતિષભાઈ મકવાણા (વાઘોડિયા), ક્રિપાલસિંહ મહારાઉલ (સંખેડા) તથા અપક્ષ દિક્ષિતભાઈ પટેલ (ડભોઇ)નો સમાવેશ થાય છે.

## પદ્મશ્રી ડોક્ટર સુનિલ કોઠારીનું દિલ્હીમાં નિધન

વડોદરા : એમ.એસ.યુનિ.ની પરફોર્મિંગ આર્ટસ ફેકલ્ટીના ડાન્સ વિભાગમાંથી ભરતનાટયમના ભૂતપૂર્વ પ્રો.અંજલી મેઢના માર્ગદર્શન હેઠળ ઈ.સ.૧૯૭૭માં 'સાઉથ ઈન્ડિયા અને નાટયશાસ્ત્રના ડાન્સ ડ્રામાની પરંપરા' વિશે પીએચડી કરનાર પદ્મશ્રી ડો.સુનિલ કોઠારીનું ૮૭ વર્ષે દિલ્હીમાં હાર્ટ એટેકથી નિધન થયું છે. પરફોર્મિંગ આર્ટસ ફેકલ્ટીના ડાન્સ વિભાગના ભૂતપૂર્વ પ્રો.ડો.જગદીશ ગંગાણીએ કહ્યું કે ભારતીય ડાન્સ હિસ્ટોરિયન ડો.સુનિલનો વડોદરા સાથે ખૂબ ગાઢ સંબંધ રહ્યો છે. અભ્યાસને લઈને તેમની અવર-જવર વડોદરામાં વધુ હોવાથી તેમણે ચીકુવાડીમાં પોતાનું એક ઘર પણ લીધુ હતુ. શહેરના પ્રખ્યાત કલાકાર ભૂપેન ખખ્ખરના તેઓ ખાસ મિત્ર હતા. શહેરમાં થતા કથકના કથક દર્શન કાર્યક્રમમાં પાંચથી વધુ વખત હાજરી આપી ચૂક્યા છે.

## ગોરવાના ટ્રાવેલ્સ એજન્ટે દુબઈના વિઝાને નામે ૧૦૦ યુવકોને છેતર્યા

વડોદરાઃ ગોરવા વિસ્તારના એક ટ્રાવેલ એજન્ટે આજે દુબઈ જવા માટે ઇચ્છુક યુવકોને બોલાવ્યા બાદ ટિકિટ અને વિઝા નહીં આપતાં યુવકો નિરાશ થઈ ગયા છે. યુવકોએ આક્ષેપ કર્યો છે કે,ગેંડા સર્કલ પાસે એટલાન્ટિસ કોમ્પ્લેક્સ ખાતે આવેલી રેડિઅન્ટ ઇન્ટરનેશનલ નામની ટ્રાવેલ એજન્સી દ્વારા દુબઈમાં વિઝા તેમજ રહેવા-જમવાની સવલત સાથે નોકરીની ઓફર કરાઈ હતી.અંદાજે ૧૦૦ થી વધુ યુવકોએ રૂા.૧૫ હજારની રકમ ભરી છે.

પોલીસ સ્ટેશને પહોંચેલા સાતેક યુવકોએ જણાવ્યું છે કે,જાવેદભાઈ અને સમીરભાઈ ઓફિસનું સંચાલક કરે છે.આજે અમોને વિઝા અને ટિકિટ માટે બોલાવ્યા હતા.પરંતુ આજે તેઓ હાજર નથી. મહિલા કર્મચારીએ કેટલાક લોકોના પાસપોર્ટ પાછા આપ્યા હતો.જ્યારે રકમ બાબતે સંચાલકોનો સંપર્ક થાય પછી કાંઇ કહી શકાય તેવો જવાબ આપ્યો હતો. ગોરવા પોલીસ સ્ટેશનના પીઆઈએ કહ્યું હતું કે,સાતેક યુવકોની અરજી લઈ તપાસ કરી છે.જે લોકોને પાસપોર્ટ જોઈતો હતો તેમને પાસપોર્ટ મળ્યો છે અને અમે એજન્ટોનો સંપર્ક કરી રહ્યા છીએ. વડોદરામાં કેટલાક ટ્રાવેલ એજન્ટો દ્વારા ભાડાની ઓફિસો ખોલીને લાખો રૂપિયાની છેતરપિંડી થયાના કિસ્સા ભૂતકાળમાં બન્યા છે.

## મહેસાણા પાલિકાના પૂર્વ ઉપપ્રમુખ ભાજપને શરણે

મહેસાણાઃ મહેસાણા શહેર ભાજપની કારોબારી મળી હતી. આ કારોબારીમાં ૬૧થી વધુ કારોબારી સભ્યોને નિમણુંકો અપાઈ હતી. તો મહેસાણા પાલિકાના કોંગી ઉપપ્રમુખ પુરીબેન પટેલે ભાજપનો કેસરિયો ખેસ ધારણ કરી લેતા ગરમાવો જોવા મળ્યો હતો. કોંગ્રેસના કોર્પોરેટરો ભાજપમાં ભળતા હોવાથી ભાજપના જુના કાર્યકર્તાઓમાં રોષ છે. મહેસાણા સાંસદ શારદાબેન પટેલની અધ્યક્ષતામાં મળેલી ભાજપની શહેર કારોબારી સમિતીની બેઠકમાં કોંગ્રેસના આગેવાનો સહિત કાર્યકરો જોડાયા હતા. આ કારોબારીમાં ૬૧થી વધુ કારોબારી સભ્યોને નિમણુંકપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં મહેસાણા નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ અને કોંગી મહિલા આગેવાન પુરીબેન પટેલ ભાજપમાં જોડાઈ જતા નગરપાલિકાની ચુંટણી પૂર્વે કોંગીના ગઢમાં ગાબડુ પડયું છે.

# સોમનાથના ભૂગર્ભમાં ૩ માળનું બાંધકામ મળ્યું

**• એક માળ ૨.૫ મીટર, બીજો માળ પાંચ મીટર અને ત્રીજો માળ સાડા સાત મીટરની ઊંડાઈએ મળ્યો**



સોમનાથ : બાર જ્યોતિર્લિંગ પૈકીના પ્રથમ એવા સોમનાથ મહાદેવના સ્થળ નીચે ભૂગર્ભમાં ત્રણ માળનું એલ આકારનું બાંધકામ હોવાનું સંશોધનમાં બહાર આવ્યું છે. આ અંગે સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી એવા જીવણભાઈ પરમારે જણાવ્યું હતું કે ગાંધીનગરહને આ અંગેની કામગીરી સોંપાઈ હતી. વર્ષ ૨૦૧૭માં સોમનાથના ટ્રસ્ટી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિલ્હી ખાતેના નિવાસસ્થાને યોજાયેલી બેઠકમાં મંદિરના પુરાતત્ત્વનો અભ્યાસ કરવાનું સૂચન વડાપ્રધાન મોદીએ કર્યુ હતું. જે બાદ સોમનાથ અને પ્રભાસ પાટણમાં કુલ ૪ સ્થળે આ ટીમે જીપીઆર ઈન્વેસ્ટિગેશન કર્યુ હતું, જેમાં ગૌલોકધામ, સોમનાથ મંદિરના દિગ્વિજય દ્વાર તરીકે ઓળખાતા મેઈન ગેટથી સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યૂ આસપાસના સ્થળે તેમજ બૌદ્ધ ગુફાનો સમાવેશ થાય છે,

મંદિરના ટ્રસ્ટી જીવણભાઈ પરમાર દ્વારા વધુમાં જણાવ્યું હતુ કે, આ રિપોર્ટ પ્રમાણે પ્રભાસ પાટણના સોમનાથ હસ્તકના ગૌલોકધામમાં આવેલા ગીતામંદિરના આગળના ભાગમાં હિરણ નદીના કાંઠે થયેલા સર્વેમાં ભૂગર્ભમાં પાકું બાંધકામ હોવાનું જણાયું છે. દિગ્વિજય દ્વારથી સરદાર પટેલના સ્ટેચ્યૂ પાસે અગાઉ જૂનો કોઠાર નામથી ઓળખાતું બાંધકામ હતું, જે દૂર કરવામાં આવ્યું છે. ત્યાં ભૂગર્ભમાં ૩ માળનું મકાન હોવાનું માલૂમ પડ્યું છે, જેમાં એક માળ અઢી મીટર, બીજો માળ ૫ મીટર અને ત્રીજો માળ સાડાસાત મીટરની ઊંડાઈએ આવેલો છે.

## સોમનાથ મહાદેવના મંદિર પર વધુ ૫૩ સુવર્ણ કળશની સ્થાપના

અંબાજી બાદ હવે સોમનાથ મહાદેવ મંદિર પણ સુવર્ણનું બનવા જઈ રહ્યુ છે. સોમનાથ મંદિર પર વધુ ૫૩ સુવર્ણ કળશની સ્થાપના કરવામાં આવી છે. રિલાયન્સ પરિવાર અને નથવાણી પરિવાર દ્વારા અનુદાનિત દાનની પૂજા કરવામાં આવી હતી. સોમનાથ મંદિરના નૃત્ય મંડપ પરના ૧૫૦૦ જેટલા કળશ સોનાના કરાશે. હાલ ૫૫૦ કળશ તો નોંધાઈ ચૂક્યા છે. જેના માટે રિલાયન્સ અને નથવાણી પરિવાર દ્વારા અનુદાનિત સુવર્ણ કળશની પૂજા પણ કરાઈ છે અને તેમને ધન્યતા અનુભવી છે. હાલ સોમનાથ મંદિર પરના ૫૫૦ જેટલા કળશો સુવર્ણ કળશ કરી દેવામાં આવ્યા છે. ૧૩૦ કળશો ની મંદિર શિખર પર સ્થાપના પૂર્ણ પણ કરી દેવામાં આવી છે. જે સંદર્ભે ગઈકાલે (રવિવારે) રિલાયન્સ પરિવાર દ્વારા ૪૪ કળશ અને પરિમલ નથવાણી પરિવાર તરફથી ૧૧ કળશનું અનુદાન મળ્યું છે.

## મોરબીમાં દીકરીને સાસરેથી તેડવા જતા પરિવારનો અકસ્માત, 3 મોત

મોરબી : મોરબીના પરિવારની કારને સોમવારે વહેલી સવારે રાધનપુર હાઈવે પર ગોઝારો અકસ્માત થયો હતો. જેમાં આ પરિવારના ત્રણ સભ્યોના મોત નિપજ્યા હતા. આજે ઘરે ત્રણેય મૃતકોને લવાતા પરિવારમાં કાળો કલ્પાંત મચી ગયો હતો. અને કોણ કોને સાંત્વના આપે તેવી સ્થિતિ સર્જાઈ હતું. એક જ પરિવારના ત્રણ ત્રણ સભ્યોના મોતથી પરિવાર હચમચી ઉઠયો હતો. મોરબીના કેમિસ્ટ એસોના પ્રમુખ કિરણભાઈ મહેશ્વરીના મોટાભાઈ લજપતભાઈ મોતીરામ મહેશ્વરી અને બીજા ભાઈ જયંતિભાઈ તથા તેમના પત્ની રેખાબેન આજે વહેલી સવારે પોતાની કાર લઈને રાજસ્થાન જવા નિકળ્યા હતા.

જેમાં જયંતીભાઈ મહેશ્વરીની દિકરીના ગત તા.૮ ના રોજ રાજસ્થાન ખાતે લગ્ન થયા હતા. આથી પુત્રીને તેડવા માટે આ ત્રણેય સભ્યો રાજસ્થાન તરફ જતી વખતે તેમની કાર ગાગોદર ધાંણીથર હાઈવે રોડ પર ઉભેલા ટ્રક પાછળ ઘુસી જતા સર્જાયેલા અકસ્માતમાં લજપતભાઈ મોતીરામ મહેશ્વરી અને બીજા ભાઈ જયંતિભાઈ તથા તેમના પત્ની રેખાબેનના સ્થળ ઉપર જ કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા.

## PMના હસ્તે ૩૧મીએ રાજકોટ AIMSનું ઈ-ખાતમુહર્ત થશે: તૈયારીઓ શરૂ કરાઈ

રાજકોટ : ૩૧મી ડિસેમ્બરના રોડ પીએમ મોદીના હસ્તે એઈમ્સનું ખાતમુહૂર્ત કરાશે. ખાતમુહૂર્તને લઈને ડોમની તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. રાજકોટમાં ૨૦૦ એકરમાં ૧૭ જેટલા બિલ્ડિંગો બનાવવામાં આવશે. એઈમ્સ તરફ જવાના બિસ્માર માર્ગો નવા બનાવવામાં આવી રહ્યા છે. ખાતમુહૂર્ત પ્રસંગે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, બધા ધારાસભ્યો તથા ઉચ્ચ અધિકારીઓ સાઈટ પર હાજર રહેશે. મહત્વનું છે કે એઈમ્સના ૧૭ પ્લાનમાંથી ૯ પ્લાનને મંજૂરી મળી ગઈ છે. અન્ય માટે ૨-૩ દિવસમાં મંજૂરી મળી જશે.

અગાઉ જિલ્લા કલેકટર રેમ્યા મોહન અને નિવાસી અધિક કલેકટર પરિમલ પંડયા સહિતના મહાનુભાવોએ સભાસ્થળ, ખાતમૂહર્ત સ્થળ અને સંભવિત હેલીપેડના સ્થળોની મુલાકાત લીધી હતી. કાર્યક્રમમાં આવનારા આમંત્રિતો, સામાન્ય નાગરિકો તથા અધિકારીઓ માટેના રૂટની વ્યવસ્થા, મેઈનરોડથી સભાસ્થળ સુધીના રૂટના આયોજન, કોરોના સંબંધી સરકારી માર્ગર્દિશકાનું પાલન, વીજળી પુરવઠો, પીવાનું પાણી વગેરે મુદ્દે બેઠકમાં વિશદ ચર્ચા કરવામાં આવી હતી. રાજકોટ એઈમ્સનું ઈ-ખાતમુહૂર્ત ૩૧મીએ વડાપ્રધાન કરશે, તેમજ મુખ્યમંત્રી હાજરી આપશે તેવી જાહેરાત થઈ છે. એઈમ્સનું ખાતમુર્હતને લઈ ડોમની ત્યારીઓ શરૂ કરી છે. જોકે પીએમઓ ઓફિસથી મૌખિક મંજૂરી સંભવિત ૩૧ તારીખ મળતા એઈમ્સના અધિકારીઓ દ્વારા તૈયારીઓ શરૂ કરી છે. ૨૦૦ એકરમાં ૧૭ જેટલા બિલ્ડગો બનાવવામાં આવશે. એઈમ્સના ખાતર્મુહત અંગે હજુ સ્થાનિક વહીવટી તંત્ર સુધી કોઈ જ માહિતી મળી ન હોવાનું સામે આવ્યું છે.

## આમિર ખાન માટે ગીરમાં સિંહોને બંદી બનાવાયા, HCમાં સુઓમોટો માટે અરજી

**• સેલિબ્રિટી આવતા હોવાથી સિંહોને હેરાન કરવામાં આવતા હોવાનો આક્ષેપ**



ગીર સોમનાથ : બોલિવુડના કલાકાર આમીર ખાને ૨૭મી ડિસેમ્બરે સાસણ ગીર સફારી પાર્કની મુલાકાત લીધી હતી. આમીર ખાન સિંહો જોઈ શકે તે માટે એક જગ્યાએ સિંહોને ભેગા કરાયા હતા. આમીર ખાનની સાથે ૫૦ જેટલા લોકો સવારથી લઈ બપોરે સુધી જંગલની અંદર અમુક પ્રતિબંધિત વિસ્તારમાં જઈ સતત ચાર કલાક સુધી સિંહો, સિંહણ તથા તેમના બચ્ચાંને ટ્રેકરો મારફતે બંદીવાન બનાવવામાં આવ્યા હતા.

આમીર ખાન સિંહો જોઈ શકે તે માટે આ પ્રકારની હરકત વન્ય પ્રાણી સંરક્ષણ ધારા ૧૯૭૨નો ભંગ કર્યો છે. આ સંદર્ભે પોરબંદરના વકીલે હાઈકોર્ટને પત્ર લખી સુઓમોટો તરીકે લેવા માંગણી કરી છે. પોરબંદર જિલ્લા વાઈલ્ડ લાઈફ વોર્ડનના સભ્ય ભાનું ઓડેદરા ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમનાથને પત્ર લખી માંગ કરી છે કે આમિર ખાન અને તેમના પરિવારે જંગલના અમુક પ્રતિબંધિત વિસ્તારમાં જઈ સિંહ દર્શન કર્યા બાબતે સુઓ મોટો અરજી લેવા રજુઆત કરી હતી. ભાનું ઓડેદરા તરફે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસને લખવામાં આવેલ પત્રમાં જણાવવામાં આવ્યું હતું કે આમિર ખાનના રૂટ પર ૧૩ જેટલા સિંહ, સિંહણને રાખવા માટે રેડિયો કોલરથી તેમને બંદીવાન બનાવવામાં આવ્યા હતાં.

## કચ્છ દરિયામાંથી ૪ લાખના ફેંકી દેવાયેલા ચરસના બંડલો મળ્યા

ભુજઃ ભારત-પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય સીમા નજીકના કચ્છના જખૌનાં દરિયામાં ફેંકી દેવાયેલા ચરસના અંદાજે ચાર લાખની કિંમતના વધુ ત્રણ જેટલા બંડલ દરિયાકાંઠામાં આવેલા ચેરિયાઓની કાદવ-કીચડ ભરેલી ઝાડીઓમાંથી મળી આવતાં ભારત-પાકિસ્તાન વચ્ચેનો સમુદ્ર હજુ પણ માદક દ્રવ્યોની હેરાફેરીમાં ખેડાતો રહ્યો હોવાનું બહાર આવી રહ્યું છે. અલ-મદીના નામની એક પાકિસ્તાની બોટમાંથી મોટી સંખ્યામાં ચરસનો જથ્થો દરિયામાં ફેંકી દેવાયો હતો. સરહદી સલામતી દળની ચોકિયાત નૌકાએ મે ૨૦૧૯ના અલ-મદીના બોટનો પીછો કરતા ચરસના પેકેટો દરિયામાં ફેંકી દેવાયા હતા ત્યારથી કચ્છની જળસીમાએથી આવા બિનવારસુ ચરસના પેકેટો મળી આવવાનો સિલસિલો ચાલુ રહેવા પામ્યો છે. વિશ્વના મોટાભાગના દેશોમાં પહોંચતા માદક દ્રવ્યો અહીંથી જ પહોંચાડવામાં આવે છે. કચ્છને લાગેવળગે છે ત્યાં સુધી એકમાત્ર ભારતીય તટરક્ષકદળ દ્વારા જ અત્યાર સુધી અંદાજે રૂપિયા ૪ કરોડથી વધુની કિંમતના આશરે ૨૦૨ જેટલાં કોસ્ટગાર્ડના એક પ્રવક્તાએ અમારા કચ્છના પ્રતિનિધિને જણાવ્યું હતું કે, શુક્રવારે બપોરે ૩:૩૦ના અરસામાં કોસ્ટગાર્ડની એક ઈન્ટરસેપ્ટર બોટ દ્વારા પેટ્રોલિંગ દરમ્યાન ચરસના આ ત્રણ બિનવારસી પેકેટ મળી આવ્યા હતા.

## લીંબડીમાં નોનવેજની દુકાન બંધ કરાવવા બાબતે વકીલ પર તીક્ષ્ણ હથિયારથી હુમલો

લીંબડી : લીંબડી વ્હાઈટ હાઉસ ચોકમાં બાર એસોસીએશનના પુર્વ પ્રમુખ એડવોકેટ બટુકભાઈ પટેલ પર હિંસક હુમલો કરવામાં આોવ્યો છે. જેમા બટુકભાઈ પટેલ ઈજાગ્રસ્તા થયા છે. આ હુમલો લીંબડીની કણબી શેરીમાં રહેતા મુસ્લિમ શખ્સે ઓફિસ પર આવી છરી વડે હુમલો કર્યો હતો અને બાદમાં તે ભાગી છૂટતાં વ્હાઈટ હાઉસ ચોક વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. બે મહિના અગાઉ લીંબડીના ભલગામડા ગેઈટ વિસ્તારમાં કણબી શેરી ખાતે જાહેરમાં નોનવેજની દુકાન બંધ કરાવવા બાબતે મુસ્લિમ શખ્સ સાથે તકરાર થઈ હતી. જેનું મન દુઃખ રાખી મુસ્લિમ શખ્સે હુમલો કર્યો હોવાનું ભોગ બનનાર ઈજાગ્રસ્ત વકિલ બટુકભાઈ પટેલે પોલીસ નિવેદનમાં જણાવ્યું હતું. હુમલા બાદ યુવક ભરચક બજારમાંથી નાસી ગયો હતો.

## રાજકોટમાં 5 વર્ષથી નર્કની જીંદગી જીવતા ભાઈ-બહેનને મુક્ત કરાવાયા

રાજકોટ : રાજકોટ શહેરના પોશ ગણાતા કિસાનપરા વિસ્તારમાં રહેતા મહેતા પરિવારના ત્રણ, ભાઈ, બહેનએ માતાની છત્રછાયા ગુમાવ્યા બાદ પાંચ વર્ષથી ઘરમાં પુરાઈને રહેતા હતા. જેની જાણ થતા સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકરોએ તેમને ઘરમાંથી મુક્ત કરીને નવજીવન આપવાનો પ્રયાસ કર્યો છે.

શેરી નં.૮માં એક મકાનમાં ત્રણ ભાઈ, બહેન વર્ષોથી એક રૂમમાં પુરાયેલી હાલતમાં રહે છે તેવો ફોન આવતા ટીમ સાથે સાથી ગ્રુપ ત્યાં પહોંચ્યું હતું. મકાન બહારથી બંધ હતું. ત્રણ સંતાનના પિતા નવીનભાઈ મહેતા હાજર હતા. દરવાજો ખખડાવવા છતાં તેમણે દરવાજા ખોલ્યો નહી. એક કાર્યકર્તાએ દિવાલ કુદીને અંદર જઈ ડેલી ખોલી હતી અને રૂમનો દરવાજો તોડી અંદર પ્રવેશ્યા હતા. રૂમની અંદર બેડ પર આશરે ૩૮ વર્ષની વયનો અમરીશ દાઢી વધેલી અને ટુંટીયુ વળેલી હાલતમાં પડયો હતો. તેનો નાનો ભાઈ ભાવેશની (૩.૩૫) પણ દિગંબર અવસ્થામાં વાળ અને દાઢી પગના ગોઠણ સુધી વધેલી હાલતમાં હતા. નખ ખુબ વધેલા અને અંદર અતિ દુર્ગંધ મારતો મેલ ભરાયેલો હતો. તેની નાની બહેન મેઘા પણ મેલીઘેલી હાલતમાં અંદરના રૂમમાં હતી. રૂમ અતિ દુર્ગંધ મારતો હતો.

## કચ્છમાં ૪.૩ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો, કેન્દ્ર બિંદુ ખાવડાથી ૨૬ કિમી દૂર

કચ્છ : કચ્છમાં બુધવારે સવારે ભૂકંપનો આંચકો અનુભવાયો છે. કચ્છમાં સવારે આશરે ૯.૪૬ કલાકની આસપાસ ૪.૩ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો છે. ભૂકંપનું કેન્દ્રબિંદુ ખાવડાથી ૨૬ કિલોમીટર દૂર કેન્દ્રબિંદુ નોંધાયુ છે. મંગળવારે રાત્રે ભચાઉમાં ૨.૧૯ વાગ્યે પણ આંચકો આવ્યો હતો. જેની રિક્ટર સ્કેલ પર ૨.૨ ની તીવ્રતા નોંધાઈ હતી. માહિતી મળતા, ખાવડાથી ઈસ્ટથી સાઉથ ઈસ્ટ તરફ ૨૬ કિમી ભૂકંપનું કેન્દ્રબિંદુ જોવા મળ્યું છે. ભૂકંપની તીવ્રતા ૪ રેક્ટર સ્કેલ ઉપરની હોવાથી કચ્છનાં મોટાભાગના વિસ્તારોમાં આ આંચકોનો અનુભવ થયો છે. ખાવડામાં ભૂકંપનું કેન્દ્રબિંદુ હોવાને કારણે આની અસર સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં પણ થઈ હતી. સૌથી વધુ તીવ્રતા કચ્છ, ભૂજના વિસ્તારમાં નોંધાઈ હતી.

# રાજકીય ષડયંત્રમાં ઝાલોદના કોર્પોરેટર હિરેન પટેલની હત્યા, ધારાસભ્યના ભાઈની સંડોવણી

ઝાલોદઃ આશરે ત્રણ મહિના પહેલા ઝાલોદના કોર્પોરેટર હિરેન પટેલની અકસ્માત કરી હત્યા નીપજાવી હતી તે ગુનામાં સ્થાનિક પોલીસે કુલ છ આરોપીની ધરપકડ કરી હતી. પરંતુ આ ધરપકડમાં રાજકીય ષડયંત્રની ગંધ આવી રહી હતી. જો કે હત્યાનું કારણ અને હત્યા કોણે કરાવી તે સ્પષ્ટ થઈ રહ્યું નહોતું, જેથી ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ કેસની તપાસમાં જોડાવા અને ફરાર આરોપી ઝડપી લેવા એટીએસને આદેશ આપ્યા હતા. જેની તપાસ કરતા એટીએસે ઈમરાન ઉર્ફે ઈમુ ગુંડાલાની હરિયાણા ધરપકડ કરી છે. જેની તપાસમાં હત્યાના મુખ્ય આરોપી અને કાવતરૂં રચનાર અમિત કટારાનુ નામ સામે આવ્યુ છે. જેની સ્થાનિક પોલીસે શોધખોળ હાથ ધરી છે. હત્યામાં સંડોવાયેલા આરોપીઓની પૂછપરછ કરી એક બાદ એક કડીઓ જોડાતા ગુનાના તમામ આરોપીનો રોલ સ્પષ્ટ થયો છે. જેમા, મુખ્ય આરોપી અમિત કટારાએ અજય કલાલ અને ઝડપાયેલ આરોપી ઈમરાન ઉર્ફે ઈમુ ગુંડાલા સાથે મળી ગોધરાકાંડના આરોપી ઈરફાન પાડાને અંદાજે ૪ લાખની સોપારી આપી હતી. જેમા ઈરફાન પેરોલ પર છુટીને આવ્યા બાદ હત્યાને અંજામ આપ્યો હતો. હત્યા માટે ઈમુએ ઈરફાનને હિરેન પટેલનુ ઘર બતાવ્યુ હતુ. જોકે ઈમરાન ઉર્ફે ઈમુની ધરપકડ બાદ કોંગ્રેસના ધારાસભ્ય ભરત કટારાના ભાઈ અને પુર્વ સાંસદ બાબુ કટારાના પુત્ર અમિત કટારાએ હત્યા કરાવી હોવાનો ખુલાસો થયો છે.

હિરેન પટેલે નગરપાલિકાના કોંગ્રેસના સભ્યો અને અપક્ષ સભ્યોને ભાજપના લાવી નગરપાલિકા ભાજપ હસ્તક કરાવી હતી. જે વાતનો બદલો લેવા માટે આ હત્યા કરાઈ હતી.

## અંબાજીમાં ભારે ભીડઃ ૧ લાખથી વધુ ભક્તોએ અંબાના દર્શન કર્યા

### • મંદિરના મુખ્ય શક્તિદ્વારે ભીડ ઉમટી

અંબાજીઃ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજીમાં આજે રવિવાર હોઈ વહી સવારથી જ જગત જનની મા અંબાના દર્શન કરવા માટે આતુર એવા માઈ ભક્તોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. જ્યાં સોશિયલ ડિસ્ટન્સના સરેઆમ ધજીયા ઉડયા હતા. ત્રણ દિવસની જાહેર રજા હોઈ અંબાજીમાં યાત્રિકોનો પ્રવાહ અવિરત જોવા મળ્યો હતો. જ્યારે આજે રવિવાર હોઈ વહેલી સવારથી જ યાત્રિકોનો ભારે પ્રવાહ ઉમટયો હતો. જ્યાં મંદિરના મુખ્ય દ્વાર એવા શક્તિ દ્વાર પાસે હકડેઠઠ યાત્રિકોનો પ્રવાહ હોઈ સોશિયલ ડિસ્ટન્સ જળવાયું ન હતું મંદિર પાસે સિક્યુરિટીનો મોટો સ્ટાફ હોવા છતાં ક્યાંય સિક્યુરિટીના માણસો જોવા મળતા ન હતા. માત્ર બે, ચાર ગાર્ડો જ પોતાની ફરજ બજાવી રહેલા નજરે પડતા હતા. જેના કારણે કોરોના માટેની સરકારની ગાઈડ લાઈનના સરેઆમ ધજીયા ઉડતા દેખાતા હતા. ત્યારે પૂનમ હોય કે શનિ, રવિની રજા હોય યાત્રિકોનો ભારે ધસારો હોવા છતાં મંદિર ટ્રસ્ટના સત્તાવાળાઓ હળવાશથી લેતા હોવાના કારણે વારંવાર સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડતા જોવા મળે છે ત્યારે આજે પોલીસ તંત્રએ અગમચેતી રૂપે પગલા ભરતા વાહનોને દૂર પાર્ક કરાવતા ટ્રાફિક સમસ્યા સર્જાવા પામી ન હતી.

## બનાસકાંઠાના ખારા ગામ પાસે ગોઝારો અકસ્માત, ૪ના કમકમાટીભર્યા મોત

બનાસકાંઠા : રાજ્ય સરકારના અથાંગ પ્રયત્નો છતાં ગુજરાતમાં દરેક અનેક મોટા ગોઝારા અકસ્માત થયા કરે છે. આજે ગુજરાતના બનાસકાંઠામાં એક મોટો ગોઝારો રોડ દુર્ઘટના બની છે. જેમાં ૪ લોકોને કાળ ભરખી ગયો છે. બનાસકાંઠાના ભાભરના ખારા ગામ પાસે કાર અને બાઈક ધડાકાભેર અથડાયા હતા. જેમાં કાર સહિત બાઈકનો લોચો વળી ગયો હતો. આ ઘટનામાં ૪ લોકોના કરૂણ મોત થતાં પરિવારમાં શોકનો માહોલ ફેલાયો છે. બાઈક સવાર સહિત ત્રણેય મૃતક લોકો ખારા ગામના વતની હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. કાર ચાલકનું પણ અકસ્માતમાં મોત નીપજ્યું હોવાની માહિતી મળી રહી છે.

## પાવી જેતપુર પાસે પશુ ભરેલી ગાડીએ બાઈકને મારી ટક્કરઃ ૩ના મોત

છોટા ઉદેપુર : પાવી જેતપુરના ભાણપુરી પાસે બાઈક અને બોલેરો પિક અપ ગાડી વચ્ચે અકસ્માતમાં ૩ લોકોના મોત નિપજ્યા છે. બાઈક સવાર પતિ-પત્ની સહિત ત્રણે વ્યક્તિના ઘટનાસ્થળે જ કમકામાટીભર્યા મોત નિપજ્યા હતા. બોલેરો પિક અપની ટકકરથી બાઈક સવાર ફંગોળાઈ જતા પતિ-પત્ની બન્નેના ઘટનાસ્થળે મોત થયા જ્યારે ત્રીજી એક મહિલાનું સારવાર દરમિયાન મોત થયું હતું. પાવી જેતપુરના ભાણપુરી ગામ પાસે પશુ ભરેલી બોલેરો પીકઅપ ગાડીના ચાલકે બાઈક સવારને ટક્કર મારતા બાઈક રસ્તાની બીજી બાજુના ખાડામાં ગરકાવ થઈ ગઈ હતી.


## દૂધસાગર ડેરીની ચૂંટણીમાં અંતે બાકાત મંડળીઓની અરજી રદ

અમદાવાદઃ મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની ચૂંટણી પ્રક્રિયામાંથી આશરે ૧૭ સહકારી મંડળીઓને બાકાત કરવાના સરકારના નિર્ણયને મંડળીઓ દ્વારા હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. મંડળીઓને યોગ્ય કાર્યવાહી બાદ મતદાન માટે ગેરલાયક ઠેરવવામાં આવી હોવાની રાજ્ય સરકારની દલીલ ગ્રાહ્ય રાખી જસ્ટિસ આશુતોષ જે. શાસ્ત્રીએ આ તમામ પિટિશનો ફગાવી છે.

વિપુલ ચૌધરી જૂથની મંડળીઓની રજૂઆત હતી કે અંતિમ મતદાર યાદીમાંથી નામ બાકાત કરવાનો ચૂંટણી અધિકારીનો નિર્ણય ગેરકાયદે અને રદ થવાને પાત્ર છે. અરજદાર મંડળીઓ સામે નક્કર કે તથ્ય આધારિત વાંધાઓ ન હોવા છતાં તેમને મતાધિકારથી વંચિત રાખવામાં આવ્યા છે. આમ ચૂંટણી અધિકારીએ તમના સત્તાક્ષેત્રથી ઉપરવટ જઈ આ પગલું લીધું છે અને રાજકીય અદાવતના કારણે આ નિર્ણય લેવાયો છે. જેથી તેમને મતદાર યાદીમાં સમાવવા અંગે કોર્ટે જરૂરી આદેશો આપવા જોઈએ. પિટિશનોના વિરોધમાં રાજ્ય સરકાર તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે કાયદા મુજબ વિવિધ પ્રક્રિયાને અનુસરીને જ અરજદારના નામ અંતિમ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે.

## મકર સંક્રાંતિ ઊતરાયણનું દાન, ફળ, ધાર્મિક ખગોળકીય માહિતી

સંવત ૨૦૭૭ના પોષ શુક્લ પક્ષે એકમતિથિ ગુરૂવાર તા.૧૪-૦૧-૨૦૨૧ને સવારે ૦૮ કલાક ૧૬ મિનિટે મકર રાશિમાં સૂર્ય પ્રવેશ કરે ચે તે સમયે નક્ષત્ર શ્રવણ, યોગ - વ્રજ, કરણ-બવ છે. તેને ઊત્તરાયણ તરીકે હિન્દુ ધર્મમાં ઓળખાય છે. જેને મકર સંક્રાંતિ કહે છે. સૂર્યનું આ દિવસથી ઊત્તર તરફ અયન (ગતિ) થાય છે તેથી ઊત્તરાયણ કહેવાય છે.



સંક્રાંતિ વાહન-સિંહ, ઊપવાહન હાથી, પશ્ચિમ દિશામાંથી આવી પૂર્વ દિશા તરફ જાય છે. જેનું મુખ ઊત્તર દિશા તરફ તથા અગ્નિખૂણા તરફ દ્રષ્ટિ કરે છે. સંક્રાંતિ જે વ્યક્તિઓ કે વસ્તુઓ સાથે સંબંધ ધરાવે તે મોંઘી થાય તથા વ્યક્તિઓને મુસ્કેલી ત્રાસ થાય વન્ય પ્રાણીયો, સફેદ રંગની ચીજવસ્તુઓ અને તેનું ઊત્પાદન કરતા લોકો સફેદ રંગની વસ્તુઓ ખાંડ, મીઠું, ચાંદી, મુસરી વિગેરે મોંઘી થાય.

**સંક્રાંતિ સમયે કરવાનું દાન :** સવારે જળમાં તલ નાંખી સ્નાન કરવું, ગાયોને ઘાસ ચારો નાંખવો, અનાજ, તલ, ગોળ વિગેરેનું દાન કરવું ફાયદાકારક છે. સંક્રાંતિના દિવસે તલનો અનેક રીતે ઊપયોગ કરવાથી અનેક રીતે રાહત મળે છે. ઊત્તરાયણ મકર સંક્રાંતિના દિવસે દાન પુણ્ય કરવાનો સમય સવારે ૦૮ ક. ૧૬ મિનિટથી સાંજે ૪ ક. અને ૧૬ મિનિટ સુધી ઊત્તમ સમય છે.

| રાશિ | દાન વસ્તુ |
|---|---|
| મેષ | આખલો, તલ (સફેદ) બળદ |
| વૃષભ | બળદ, ગોળ, તલ (સફેદ) |
| મિથુન | વસ્ત્રો, કાળા તલ |
| કર્ક | ઘી, ગાય, સફેદ તલ |
| સિંહ | ટોપી, પાઘડી, તલ સફેદ |
| કન્યા | વસ્ત્ર, તલ (સફેદ) |
| તુલા | માખણ, તલ કાળા |
| વૃશ્ચિક | દીપ દાન- તલ |
| ધન | વસ્ત્ર, તલ, ગોળ, (કાળાતલ) |
| મકર | અનાજ, લાકડાની બનાવટ, કાળાતલ) |
| કુંભ | ગોળ- અનાજ (કાળાતલ) |
| મીન | માળા, તલ (સફેદ) |


આ ઊપરાંત ગરમ વસ્ત્રો, ઘાસ ચારો, બિસ્કીટ, ચવાણું, ગોળના લાડુ, રૂપિયા વિગેરે ગરીબ લોકો, બ્રાહ્મણ, દેવ મંદિરોમાં દાન કરવાથી પૂણ્યની પ્રાપ્તિ થાય છે.

જે વ્યક્તિઓને પનોતી ચાલતી હોય તે વ્યક્તિઓએ દાન પુણ્ય કરવાની માહિતી

| રાશિ | અક્ષર નામ | દાન વસ્તુઓ |
|---|---|---|
| મિથુન | ક, છ, ઘ | કાળા તલ, કાળા વસ્ત્ર |
| તુલા | ૨, ત | કાળો કામળો, અડદ |
| ધન | ભ,ધ,ફ,ઢ | ગરમ કાળા વસ્ત્રો, ગોળ |
| મકર | ખ, જ | ગાય દાન, ઘાસ ચારો |
| કુંભા | ગ, શ, સ, ષ | તલનું તેલ, ઘી |

**ધાર્મિક મહત્વ - દાન, ફળની માહિતી**

આ દિવસે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરતો હોઈ ઊદીત થતા સૂર્યની પૂજા, અર્ધ, કરવાથી પુત્ર પ્રાપ્તિ થવાના આશીર્વાદ સૂર્ય નારાયણ ભગવાન આપે છે. જેનો ઊલ્લેખ રામાયણમાં કરવામાં આવેલ છે. ભણતા વિદ્યાર્થીઓએ સૂર્ય ઊદીત થતા પહેલા સફેદ રંગની પતંગ ચગાવી રાખવાથી ભણવામાં ખુબ પ્રગતિ થાય અને પરીક્ષામાં પાસ થવાય છે. પતંગ એ સૂર્ય, દોરી, લાલ રંગની મંગળ, પીળા રંગની, ગુરૂ જે પરસ્પર મિત્ર સંબંધ ધરાવે છે. આ દિવસે સંધ્યા કાળે સૂર્ય અને ચંદ્રની હાજરી હોવાથી એક કાળો પતંગ વધુ દોરી છોડીને આકાશમાં છોડી દેવો જે એક પ્રકારનું દાન હોવાથી રોગ, બીમારી, મુશ્કેલીમાંથી બહાર આવી જવાય છે. તા. ૧૪-૧-૨૦૨૧ને ગુરૂવારથી ધનારક કર્મુતા સમાપ્ત થતા હોય છે. શુભ અને માંગલિક પ્રસગોના મુર્હૂત આવતા હોય છે. સંક્રાંતિ ગુરૂવારના દિવસે થતી હોઈ જે સર્વ પ્રકારે શુભ-સારી ગણવામાં આવે છે.



-------------- : સંપર્ક સાધવા માટે : --------------
બીપીન જ્યોતિષી
૨૨, સંતરામનગર સોસાયટી, નાના કુંભનાથ રોડ, નડીયાદ-૩૮૭૦૦૧
જિલ્લો ખેડા - ગુજરાત ઈન્ડિયા. મોબાઈલ - 98790 87511
Time : 10.00 am to 6.00 pm

## પાટણમાં દબાણને મામલે નારાજ યુવકનો આત્મવિલોપનનો પ્રયાસ

પાટણ : પાટણ શહેરના રેલવે સ્ટેશન રોડ ઉપર આવેલ રામજી મંદિરની બાજુમાં રહેતા ચંદુજી અમુજી ઠાકોર ના રહેણાંક વિસ્તારમાં રામજી મંદિરના પુજારી અને ઈસમો દ્વારા ચંદુજી ઠાકોરની અવરજવરની જગ્યા ઉપર ગેરકાયદેસર રીતે દબાણ કરી દિવાલ બનાવી દેતા આ બાબતે જિલ્લા કલેકટર પ્રાંત અધિકારી, મામલતદાર અને નગરપાલિકામાં અનેકવાર રજુઆત કરવામાં આવી હતી. તેમ છતાં કોઈ ઉકેલ ના આવતા ત્યારે મંગળવારે આ બાબતે અરજદાર ચંદુજી ઠાકોર અને તેમના ભાઈએ મંદિરના પુજારી અને અન્ય ઈસમોને દિવાલ હટાવી લેતા વિનંતી કરી હતી પરંતુ તેમણે આ ઈસમની વિનંતી ધ્યાને ના લેતા ઈસમે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી આગ લગાવી દીધી હતી. અને ઉભી બજાર ડોટ લગાવી હતી, ઘટનાને લઈને ભયનો માહોલ સર્જાઈ જવા પામ્યો હતો અને આજુબાજુના રહીશોએ ઈસમને બચાવવા માટે તેની પાછળ દોડયા હતા. જેને રેલવે સ્ટેશન વિસ્તારમાંથી પકડી પાડીને આગ ઓલવવામાં આવી હતી. અને ખાનગી વાહન મારફતે શહેરના ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

## વડોદરામાં ગૂગલ-પેથી દંડ ભર્યો અને રકમ જમા થઈ બુટલેગરના ખાતામાં

વડોદરા : કારેલીબાગ ન્યુ વીઆઈપી રોડ ઉપર રહેતો રાહુલ નવિનચંદ્ર પંડયા મેડિકલ રીપ્રેઝનટેટીવ તરીકેની ફરજ બજાવે છે. શનિવારે સાંજે તે ફતેગંજ વિસ્તારમાં મિત્રો સાથે ચા પીવા ઉભો હતો. તે દરમિયાન તેને આવેલા મોબાઈલ ફોન ઉપર વાતચીત કરવા જતા માસ્ક નાક ઉપરથી નીચે ઉતરી ગયુ હતુ. આ સમયે જ પોલીસે આવી તેનો ફોટો પાડી લીધો હતો. પોલીસે માસ્ક યોગ્ય રીતે નહી પહેરવા બદલ રૂ. ૧૦૦૦ના દંડની રકમની માંગણી કરી હતી. યુવાને તેની પાસે રોકડા રૂ. ૧૦૦૦ નહીં હોવાની કેફિયત રજુ કરી હતી. દરમિયાન રાહુલે તે દંડની રકમ ભરવા તૈયાર છે. પરંતુ તેની પાસે રોકડા નહીં હોવાથી અન્ય વિકલ્પ માટે વિનંતી કરી હતી. જે દરમિયાન ઈપેમેન્ટ કરવાનો વચલો રસ્તો નીકળ્યો હતો. પોલીસ દ્વારા આપવામાં આવેલા નંબર ઉપર તેને રૂ ૧૦૦૦નું ઈપેમેન્ટ કર્યુ હતું. જોકે, યુવાનને ગૂગલ પે થકી ઓનલાઈન પેમેન્ટ માટે જે નંબર આપવામાં આવ્યો હતો તે સયાજીગંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલા એક બુટલેગરનો હોવાનું સામે આવ્યું હતું.

## ધર્મ પરિવર્તન કરનારી યુવતી ઘરે આવે તે પહેલા પિતાની વિદાય

વડોદરાઃ નાગરવાડા પટેલ ફળીયામાં રહેતો ૨૩ વર્ષિય અયાઝ અઝીમમીયા શેખએ તેના વિસ્તારની હિંદુ બ્રાહ્મણની યુવતીને પ્રેમજાળમાં ફસાવી હતી. ત્યારબાદ છોટાઉદેપુરમાં મેરેજ રજિસ્ટ્રેશન કરાવવા સફળ નહીં થતાં મુંબઈમાં નોંધણી કરાવી હતી. અયાઝ સાથે નિકાહ પઢી બ્રાહ્મણ યુવતીએ આઈરાહ નામ ધારણ કર્યુ હતુ. જેની જાણ યુવતીના પરિવારને થતાં તેમની પર આભ તૂટી પડયું હોઈ તેવી સ્થિતિ સર્જાઈ હતી.

પિતાને પુત્રીના પગલાંથી એટલો બધો આઘાત લાગ્યો હતો કે, પોલીસ મથકમાં જ ધ્રુસકેને ધ્રુસકે રડી પડયાં બાદ ફસડાઈ પડયાં હતા. જે બાદ યુવતીના પિતાએ ખાવાનું પણ બંધ કરી દીધું હતું. પિતાએ અન્ન ત્યાગ કર્યો હોવાની જાણ થતાં પુત્રીએ તેમને ફોન કરી પપ્પા ખાવાનું ચાલુ કરી દો, હું ઘરે આવી જઈશ, તેમ કહ્યું હતું, પરંતુ પિતાના મોંઢામાંથી કોળિયો ઉતરતો ન હતો. છેલ્લા સાત આઠ દિવસથી તેઓ જમતા પણ ન હતા. આખરે, પુત્રીના આઘાતરૂપ પગલાંથી રવિવારે પિતાએ અંતિમ શ્વાસ લીધા હતા.

# ઉ. ભારતમાં ગાત્રો થીજવતી ઠંડીઃ કિલોંગમાં માઈનસ ૧૦.૭, આબુમાં -૭.૮ ડિગ્રી તાપમાન

નવી દિલ્હી : હિમાલયમાં નવેસરથી હિમવર્ષા અને પશ્ચિમી હિમાલયમાંથી ઉત્તરી અને ઉત્તર-પશ્ચિમી ઠંડો અને સૂકો પવન ફૂંકાતા ઉત્તર ભારતમાં શીતલહેરની સ્થિતિ વધુ આકરી બની હતી. શીતલહેરને કારણે રાજસ્થાનના એકમાત્ર હિલસ્ટેશન માઉન્ટ આબુમાં તાપમાન માઈનસ ૫.૪ અને ગુરુશિખર પર માઈનસ ૭.૮ ડિગ્રી નોંધાયું હતું. બીજીબાજુ દિલ્હીમાં પણ તાપમાન ૩.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાતા લોકો ઠંડીમાં ઠુંઠવાયા હતા. હવામાન વિભાગે જણાવ્યું હતું કે, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે છૂટા છવાયા પર્વતીય વિસ્તારોમાં નવેસરથી હમવર્ષા થઈ હતી.

આબુની ચોટી ગણાતા ગુરુશીખર પર તાપમાન માઈનસ ૭.૮ ડિગ્રી નોંધાયું હતું. આ સિઝનની સૌથી ઠંડી રાત રહી હતી. માઉન્ટ આબુમાં ગાત્રો થીજવતી ઠંડીના કારણએ પ્રવાસીઓ તેમજ સ્થાનિક લોકો ઠંડીમાં ઠુંઠવાયા હતા. વધુમાં તાપમાન ખૂબ જ નીચું જતાં આબુની ધરતી પર બરફના થર જામ્યા હતા. તળાવમાં પણ પાણી બરફ થઈ ગયું હતું. હવામાન વિભાગે રાજ્યના ડઝનથી વધુ જિલ્લાઓમાં ૩૧મી ડિસેમ્બર સુધી અતિ ઠંડીની ચેતવણી આપી છે. કાશ્મીરના મોટાભાગના વિસ્તારોમાં નવેસરથી હિમવર્ષાને કારણે ગાત્રો થીજાવતી ઠંડીથી પ્રવાસન અને વ્યાપારિક કેન્દ્રોમાં સામાન્ય જનજીવન ખોરવાયું હતું. શ્રીનગર, બડગામ અને પુલવામા જિલ્લાઓમાં સવારે ૭.૦૦ વાગ્યે હિમવર્ષા શરૂ થઈ હતી. ઉત્તર કાશ્મીરના ગુલમર્ગના સ્કી-રિસોર્ટ ખાતે સાત ઈંચ બરફ પડયો હતો જ્યારે પહલગામ રિસોર્ટમાં ત્રણથી ચાર ઈંચ બરફના થર જામ્યા હતા. માઈનસ ૭.૫ ડિગ્રી સાથે ગુલમર્ગ સૌથી ઠંડુ શહેર બન્યું હતું જ્યારે જમ્મુ-કાશ્મીરના મોટાભાગના વિસ્તારોમાં સરેરાશ તાપમાન શૂન્યથી નીચે રહ્યું હતું.


## કલાસીફાઈડ / Classified

**રસોઈ કામ માટે બહેનની જરૂર છે**

રસોઈ કામ માટે રિચમન્ડ હીલ ખાતે વેજીટેરિયન કપલ માટે બહેનની જરૂર છે. અઠવાડિયામાં ત્રણ દિવસ / અનુકુળ સમય મુજબ. આવવા જવાની સગવડ જાતે કરવી. યોર્ક રિજનથી આવનારને પહેલી પસંદગી.

સંપર્ક કરો : 416-846-8002


## ચીન સાથેનો વિવાદ હજુ ઉકેલાયો નથીઃ રક્ષામંત્રી રાજનાથ સિંહનો એકરાર

લદાખ : પૂર્વ લદાખમાં ચીનની સાથે ચાલી રહેલી સરહદ વિવાદની વચ્ચે રક્ષા મંત્રી રાજનાથ સિંહએ મોટું નિવેદન આપ્યું છે. રાજનાથ સિંહનું કહેવું છે કે ચીનની સાથે લદાખ સરહદ પર ચાલી રહેલા વિવાદનો હજુ કોઈ યોગ્ય ઉકેલ નથી નીકળ્યો. એલએસી પર યથાસ્થિતિ બનેલી છે. રક્ષા મંત્રીએ કહ્યું કે, ચીનની સાથે વાતચીતનો દોર ચાલુ છે, ટૂંક સમયમાં સૈન્ય સ્તરની વધુ એક મંત્રણા થવાની છે. જોકે, હજુ સુધી જે પણ ચર્ચા થઈ છે તેનું કોઈ પરિણામ નથી નીકળ્યું, હજુ યથાસ્થિતિ બનેલી છે પરંતુ તે પણ યોગ્ય નથી. રક્ષા મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે જો કોઈ દેશ વિસ્તારવાદની નીતિ અપનાવે છે તો ભારતની પાસે એટલી તાકાત છે કે તેને રોકી શકે. રાજનાથ સિંહે કહ્યું કે, ભારત અને ચીન વચ્ચે લાંબા સમયથી સરહદને લઈ વિવાદ છે, એવામાં સારું હોત કે તે પહેલા ઉકેલાઈ જાત. જો તે વિવાદ ખતમ થઈ જાત તો આજની સ્થિતિ ન હોત. ચીન પોતાની સરહદ તરફ ઈન્ફ્રાસ્ટ્રાક્ચરનું કાર્ય કરી રહ્યું છે પરંતુ ભારત પણ પોતાની આર્મી અને નાગરિકો માટે કામ કરી રહ્યું છે. અમે કોઈ પર આક્રમણ કરવા માટે નહીં પરંતુ આપણી સુવિધા માટે આવું કરી રહ્યા છીએ. રક્ષા મંત્રીએ આ ઉપરાંત કહ્યું કે, અમારી તૈનાતીમાં કોઈ પણ બાંધછોડ નહીં કરવામાં આવે. મને લાગે છે કે તેમની તૈનાતીમાં પણ કોઈ ઘટાડો નહીં આવે. .

## રાહુલ અને સોનિયા ગાંધીની ગેરહાજરીમાં કોંગ્રેસે ૧૩૬મો સ્થાપના દિનની ઉજવણી કરી


નવી દિલ્હી : સોમવારે કોંગ્રેસના ૧૩૬માં સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી, જોકે આ ઉજવણીમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી ગેર હાજર રહેતા અનેક અટકળોએ જોર પકડયું છે. હાલ કોંગ્રેસમાં કાયમી અધ્યક્ષની માગણી કરાઈ રહી છે અને ટોચની નેતાગીરી પર કોંગ્રેસમાં જ સવાલો ઉઠી રહ્યા છે. એવામાં સોનિયા અને રાહુલ ગાંધીની ગેરહાજરીને કારણે રાજકારણ ગરમાયું છે. સ્થાપના દિન નિમિત્તે દિલ્હીમાં કોંગ્રેસના હેડક્વાર્ટર પર અન્ય જે નેતાઓ હાજર રહ્યા હતા તેમાં પ્રિયંકા ગાંધી, એ.કે. એન્ટોની, ગુલામ નબી આઝાદ, આનંદ શર્મા વગેરેનો સમાવેશ થાય છે. જોકે સોનિયા ગાંધી હાલ ઘણા કાર્યક્રમોથી દુર છે અને તેઓ સ્થાપના દિને પણ હાજર નહોતા રહ્યા. જ્યારે રાહુલ ગાંધી બપોર બાદ ઈટાલીમાં એક કાર્યક્રમમાં ભાગ લેવા માટે રવાના થઈ ગયા હતા.

## કર્ણાટક વિધાન પરિષદના નાયબ સ્પીકર ધર્મગોવડાની આત્મહત્યા

- **મૃતદેહ પાસેથી સૂસાઈડ નોટ મળી, વિધાન પરિષદમાં ધક્કા મુક્કી થયા પછી અપસેટ હતા**

બેંગ્લોર : કર્ણાટકની વિધાન પરિષદના નાયબ સ્પીકર એસ ડી ધર્મગોવડાએ આત્મહત્યા કરી હોવાનું મનાય છે. તેમના મૃતદેહ પાસેથી સૂસાઈડ નોટ મળી આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું. કદૂર પાસે રેલવે ટ્રેક નજીક તેમનો મૃતદેહ મળ્યો હતો. તેમના મૃતદેહ પાસે સૂસાઈડ નોટ મનાતી એક ચિઠ્ઠી પણ મળી હતી. જો કે પોલીસે હજુ આત્મહત્યાના અહેવાલને પુષ્ટિ આપી નહોતી. પોલીસે ફક્ત એટલું કહ્યું હતું કે સમગ્ર ઘટનાની તપાસ ચાલી રહી હતી. પોલીસે જણાવ્યા મુજબ જેડીએસના નેતા અને કર્ણાટક વિધાન પરિષદના નાયબ સ્પીકર એસ ડી ધર્મગોવડાનો મૃતદેહ રાત્રે બે વાગ્યે કદૂર પાસે રેલવે ટ્રેક નજીકથી મળી આવ્યો હતો. આ સંદેશો મળતાં પોલીસ તરત ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને તપાસ શરૂ કરી હતી. જેડીએસ પક્ષે પોતાના નેતાના મૃત્યુ અંગે દિલસોજી વ્યક્ત કરી હતી. ધર્મગોવડા એક સૌમ્ય અને શાંત સ્વભાવના નેતા હતા. ધર્મગોવડાના મૃત્યુ અંગે અફસોસ વ્યક્ત કરતાં ભૂતપૂર્વ વડા પ્રધાન અને જેડીએસના નેતા એચ ડી દેવગોવડાએ આઘાતની લાગણી વ્યક્ત કરી હતી. અને કહ્યું હતું કે વિધાન પરિષદના ડેપ્યુટી સ્પીકરે જીવન દોરી ટૂંકાવવી પડે એ અત્યંત ખેદજનક અને દુઃખદ ઘટના ગણાય. ધર્મગોવડા સજ્જન અને શાંત સ્વભાવના નેતા હતા. તેમને આત્મહત્યા કરવી પડે એ ખરેખર શોચનીય ગણાય.

# સુકર્મો અને કુકર્મો પ્રત્યે મનુષ્યનું કર્તવ્ય



**મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત**

**ઈસ્લામની આરસી**

કાસિમ અબ્બાસ

ભાગ-૧

પુરા જગતમાં મનુષ્યોની બહુમતિ કોઈને કોઈ ધર્મની સાથે સંકળાયેલ છે. દરેક ધર્મમાં ધર્મની સાથે પોતાનો સંબધ જાળવી રાખવા માટે મનુષ્યને શ્રમ અને કર્મ કરવો પડે છે, જે લગભગ ફરજીયાત હોય છે. આ શ્રમ અને કર્મ સ્તુતિ (બંદગી), યાત્રા, વ્યાખ્યાન (વાએઝ), દાન પુણ્ય અને સુકર્મો ના સ્પરૂપમાં હોય છે. ધર્મના અનુસાર મનુષ્ય માટે સુકર્મો જરૂરી છે અને ફરજીયાત છે. જગતના દરેક ધર્મમાં સુકર્મો (સદ્કાર્ય-આમાલે સ્વાલેહ) માટે બહુ જ ભારપૂર્વક કહેવામાં આવેલ છે કે જેઓ સુકર્મો કરશે, તેઓ સ્વર્ગ (જન્નત)માં પ્રવેશ પામશે, અને જેઓ કુકર્મો (નઠારા કૃત્યો- આમાલે ગેર સ્વાલેહ) કરશે તેઓને નર્ક (જહન્નમ) માં સ્થાન મળશે.

આજના આ જડવાદ અને સ્વાર્થ થી ભરેલા જગતમાં મનુષ્ય ધર્મ અને કર્મની વચ્ચો વચ્ચ છે. ઘણીવાર મનુષ્યને સુકર્મોની સાથે સાથે કુકર્મો પણ કરવા પડે છે, જેમાં ઘણા કુકર્મો તેનાથી અજાણે થઈ જાય છે અને ઘણા કુકર્મો મનુષ્ય જાણી બુઝીને કરે છે. તેમ છતાં આ પામર મનુષ્ય પોતાના કુકર્મો તરફ ખાસ ધ્યાન નથી આપતો, કારણ કે તેનું માનવું છે કે તેના સુકર્મો તેના કુકર્મોને ધોઈ નાખશે. આ રીતે પામર મનુષ્ય પોતાના જીવનમાં સુકર્મો અને કુકર્મોને સમતોલ રાખવાની કોશિષ કરે છે.

મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં સુકર્મો તથા કુકર્મો વિષે ઘણા બોધવચનો આપવામાં આવેલ છે. આ બોધવચનો એટલે કે આદેશો સમસ્ત માનવજાતને સંબોધીને કહેવામાં આવેલ છે. હવે એ નિર્ણય મનુષ્યને પોતાને જ લેવાનો છે કે શું તે પરમેશ્વર, પરમાત્મા, ઈશ્વર, ભગવાન, ગોડ એટલે કે પાલનહાર અલ્લાહના આદેશોને અનુસરે અને સુકર્મોને વળગી રહે કે તેના આદેશોનો અનાદર કરીને કુકર્મોને વળગી રહે ? સત્ય તો એ છે કે પામર મનુષ્ય આ નિર્ણય પોતાની સમજબુઝ, અકલ અને મતિ અનુસાર જ લે છે. અને તેથી જ આપણે જોઈએ છીએ કે આ જગતમાં મનુષ્ય સુકર્મોની સાથે સાથે કુકર્મો પણ કરે છે.

સુકર્મો તથા કુકર્મો વિષે નીચે કુરાન મજીદ માંથી અમુક બોધવચનો આપવામાં આવે છે :-

“જેણે સુકર્મો કર્યા, તો તે પોતાના જ માટે કર્યા. અને જેણે કુકર્મો કર્યા, તો તેની જવાબદારી તેના જ ઉપર છે.” (પ્રકરણ ૪૧, શ્લોક ૪૬)

“(કયામતના દિવસે) કોઈ (કર્મોનો) બોજો ઉઠાવનાર મનુષ્ય બીજા મનુષ્યનો (કર્મનો) બોજો નહિ ઉઠાવે. અને જો કોઈ ભારે બોજાવાળો પોતાનો બોજો ઉઠાવવા માટે સાદ દેશે, તો પણ કોઈ તેનો બોજો જરાએ નહિ ઉઠાવે, પછી ભલે તે તેનો સગો સંબધી થતો હોય.” (પ્રકરણ ૩૫, શ્લોક ૧૮)

ઉપરના બે બોધવચનોમાં એ સ્પષ્ટ કહેવામાં આવેલ છે કે દરેક મનુષ્ય પોતે પોતાના સુકર્મો તથા કુકર્મો માટે જવાબદાર છે. કોઈ એક મનુષ્ય પોતાના કર્મો બીજાના નામે નથી કરી શકતો અને એ અનુસાર કોઈ મનુષ્ય કોઈ બીજાના કર્મો પોતાના નામે નથી કરી શકતો, પછી ભલે તેઓ આપસમાં સગા સંબધી થતા હોય.

હવે જોઈએ એ બોધવચનો, જેમાં સુકર્મો કરવાવાળાઓ માટે કેવા પ્રકારના બદલા માટે કહેવામાં આવેલ છે :-

“જે કોઈ કુકર્મ કરશે, તો તેને તેના પ્રમાણમાં જ બદલો(સજા) મળશે. અને જે કોઈ સુકર્મ કરશે, તે પુરૂષ હોય કે સ્ત્રી અને શ્રદ્ધાળુ (ઈમાનવાળાઓ) પણ હોય, તો એવા જ લોકો સ્વર્ગ (જન્નત) માં પ્રવેશ પામશે અને ત્યાં તેઓ અગણિત આજીવિકા (રીઝક) પામશે.” (પ્રકરણ ૪૦, શ્લોક ૪૦)

“ખરેખર જે લોકો શ્રધ્ધાળુ (ઈમાનવાળાઓ) થયા અને સુકર્મો કર્યા, તેઓ જ સર્વે સર્જનો(મખલુક)થી ઉત્તમ છે. તેમનો બદલો તેમના પાલનહાર અલ્લાહની પાસે સદા રહેવાના ઉપવન (સ્વર્ગ-જન્નત) છે, જેની નીચે નહેરો વહે છે. તેમાં જ તેઓ સદા નિરંતર રહેશે.પાલનહાર અલ્લાહ તેમનાથી રાજી, અને તેઓ પાલનહાર અલ્લાહથી રાજી રહેશે. આ બધું તેના માટે છે, જે પોતાના પાલનહાર અલ્લાહથી ડરતો રહે છે.”(પ્રકરણ ૯૮, શ્લોક ૭ અને ૮)

ક્રમશઃ

# અંર્થતંત્રને પાટે લાવવા ૭,૭૨૫ કરોડની ત્રણ લાખ નોકરી આપતી યોજના મંજૂર

- કેબિનેટે કૃષ્ણપટ્ટનમ-તુમાકુરુમાં ટ્રેડ કોરિડોર અને ગ્રેટર નોઇડામાં મલ્ટી મોડલ લોજીસ્ટિક કેન્દ્રને મંજૂરી આપી

નવી દિલ્હી : કોરોના કાળમાં ઠપ થયેલી ભારતીય અર્થવ્યવસ્થા હવે પટરી પર આવી રહી છે. એવામાં કેન્દ્ર સરકાર સતત પ્રયત્નશીલ છે કે અર્થતંત્ર જલ્દીથી પટરી પર આવી જાય. સ્થિતિને ધ્યાનમાં રાખતા બુધવારે કેન્દ્રિય મંત્રીમંડળની બેઠકમાં મહત્વના નિર્ણયો લેવાયા હતા. આ હેઠળ મંત્રીમંડળે ૭,૭૨૫ કરોડ રુપિયાના ખર્ચે આશરે ૩ લાખ રોજગાર તકો પેદા કરતી યોજનાને મંજૂરી આપી હતી. આ સાથે મોદી કેબિનેટે કૃષ્ણપટ્ટનમ અને તુમાકુરુમાં ટ્રેડ કોરિડોર અને ગ્રેટર નોઇડામાં મલ્ટી મોડલ લોજીસ્ટિક કેન્દ્રને મંજૂરી આપી હતી. કૃષ્ણપટ્ટનમ બંદરમાં ૨,૧૩૯ કરોડ રુપિયાના ખર્ચે ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ કરવામાં આવશે.

કેન્દ્રિય મંત્રી પ્રકાશ જાવડેકરે આ અંગે માહિતી આપતા જણાવ્યું કે, મંત્રીમંડળની બેઠકમાં ભારત અને ભૂતાન વચ્ચે એમઓયુ, એસ્ટોનિયા, પેરાગ્વે અને ડોમિનિકન ગણરાજ્યમાં ભારતીય મિશન ખોલવાની મંજૂરી પણ આપી હતી.

આ સિવાય મંત્રીમંડળે દેશમાં ઈથેનોલનુ ઉત્પાદન વધારવા માટે યોજનાને મંજૂરી આપી હતી. જેમાં ફર્સ્ટ જનરેશન ઈથેનોલના ઉત્પાદન માટેની યોજના હેઠળ અનાજ, શેરડી વગેરેથી ઈથેનોલનું ઉત્પાદન કરાશે. આ પ્રોજેક્ટ માટે મંત્રીમંડળે ૪૫૭૩ કરોડ રુપિયાના આર્થિક પેકેજને પણ મંજૂરી આપી હતી. મોદી કેબિનેટ એ બેઠક દરમિયાન આકાશ મિસાઈલ સિસ્ટમના નિકાસને પણ મંજૂરી આપી હતી.

# કાર કંપની ટેસ્લા ૨૦૨૧થી ભારતમાં ઈલેક્ટ્રિક કારનું વેચાણ શરૂ કરશે

નવી દિલ્હી : ઈલેક્ટ્રિક કાર ઉત્પાદક કંપની ટેસ્લા ૨૦૨૧થી ભારતમાં ઈલેક્ટ્રિક કારનું વેચાણ શરૂ કરશે. કેન્દ્રીય પરિવહન મંત્રી નીતીન ગડકરીએ કહ્યું હતું કે દેશમાં માર્કેટ મળશે પછી કંપની પ્રોડક્શન યુનિટ પણ બનાવશે. ઈલોન મસ્કની કંપની ટેસ્લા ભારતમાં કારનું વેંચાણ શરૂ કરશે એવી જાહેરાત કેન્દ્રીય મંત્રી નીતીન ગડકરીએ કરી હતી. નીતીન ગડકરીએ કહ્યું હતું કે ટેસ્લા ૨૦૨૧થી ભારત ના માર્કેટમાં ઈલેક્ટ્રિક કાર લઈને આવશે. ઈલોન મસ્ક પણ ભારતના માર્કેટ અંગે ટ્વિટરમાં જણાવતા રહે છે. ઈલોન મસ્કે થોડા સમય પહેલાં કહ્યું હતું કે ભારતમાં સ્થાનિક સ્તરેથી ૩૦ ટકા મટિરિયલ ઉપલબ્ધ બનવાનું હતું, પણ તે સમયસર ઉપલબ્ધ ન બનતા ભારતમાં આવવાનો પ્લાન પાછળ ઠેલાયો છે. દુનિયાની સૌથી મોટી ઈલેક્ટ્રિક કાર ઉત્પાદક કંપની ભારતમાં વહેલા મોડું યુનિટ પણ સ્થાપશે. ૨૦૨૧થી ટેસ્લા કારનું વેચાણ શરૂ કરશે ત્યારે ૩ મોડેલ લોંચ કરે એવી શક્યતા છે. વર્ષની શરૂઆતમાં પ્રી બુકિંગ થશે અને વર્ષના અંત સુધીમાં ગ્રાહકોને ડિલિવરી મળશે.

અહેવાલોમાં દાવો થયો હતો એ પ્રમાણે ટેસ્લા ઈલેક્ટ્રિક કાર એક વખતના ફૂલ ચાર્જ પછી લગભગ ૫૦૦ કિલોમીટર સુધી ચાલશે.

# જદયુના ૧૭ નેતા રાજ્ય સરકારને ગબડાવવા તૈયાર છે : શ્યામ રજક

પટણા : બિહારના રાજદ પક્ષના નેતા શ્યામ રજકે એવો દાવો કર્યો હતો કે ભાજપની દગાબાજીથી નારાજ એવા જદયુના ૧૭ ધારાસભ્યો અમારી સાથે જોડાઈને રાજદની સરકાર રચવા તૈયાર હતા. તેમણે કહ્યું કે આ ધારાસભ્યો ભાજપની સરકારને ગબડાવીને રાજદમાં જોડાવા તૈયાર બેઠા હતા.

મિડિયાએ એવો સવાલ કર્યો હતો કે સત્તર સભ્યો પક્ષાંતર કરે તો પોતાનું ધારાસભ્યપદ ગુમાવી દેશે. એના જવાબમાં શ્યામ રજકે કહ્યું આ સત્તર ઉપરાંત બીજા સાત આઠ ધારાસભ્યો રાજદમાં જોડાય તો પક્ષાંતર ધારાની અસર તેમને નહીં થાય. આશરે પચીસ છવ્વીસ ધારાસભ્યો રાજદમાં જોડાય તો તેમને કાયદાની દ્રષ્ટિએ કશો વાંધો નહી આવે. આ આખી ઘટનાની પાછળ ભાજપે અરુણચાલ પ્રદેશમાં ભરેલું અવિચારી અને ઉતાવળું પગલું છે. બિહાર વિધાનસભાની ચૂંટણી વખતે ભાજપે નીતિશ કુમાર અને જદયુને આંચકો આપ્યો તેમ છતાં નીતિશ કુમાર ભાજપના અનુરોધથી બિહારના મુખ્ય પ્રધાન બન્યા હતા. વાસ્તવમાં નીતિશ કુમાર એ સમયેજ નારાજ હતા. ભાજપે જદયુને ઓછી બેઠક મળે એવા હેતુથી ચિરાગ પાસવાનને જંગમાં ઊતાર્યો હતો.

# બંગાળના હાવડામાં TMC કાર્યકરની હત્યા બાદ હોબાળો, તોડફોડ, આગજનીના બનાવ



હાવડા : પશ્ચિમ બંગાળના હાવડાની અંદર તૃણમૂલ કોંગ્રેસના કાર્યકર્તા ધર્મેન્દ્ર સિંહની મંગળવારે સાંજે ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. આ ઘટનાની અંદર તેનો ક સાથી ગંભીર રીતે ઘાયલ થયો છે. મળતી માહિતિ પ્રમાણે ધર્મેન્દ્ર શાલીમારથી નિકળીને પોતાના ઘર તરફ જઈ રહ્યો હતો. આ દરમિયાન બાઈક સવાર હૂમલાખોરોએ તેના પર પાંચ રાઉન્ડ ફાયરિંગ કર્યુ. આ ઘટાના બાદ ગુસ્સે ભરાયેલા લોકોએ હોબાળો મચાવ્યો હતો. ગુસ્સે થયેલા લોકોએ તોડફોડ કરી અને આગજની પણ કરી છે. લોકોએ આ હત્યાના વિરોધમાં પ્રદર્શન પણ કર્યુ. પ્રદર્શનકારીઓએ ૧૦ કરતા પણ વધારે દુકાનોમાં તોડફોડ કરી અને બસો તેમજ વાહનોને પણ નુકસાન પહોંચાડ્યું છે. હૂમલા બાદ ધર્મેન્દ્ર અને તેના સાથીને આંદુલ રોડ ઉપર આવેલી એક હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જ્યાં ડોક્ટરોએ ધર્મેન્દ્રને મૃત ઘોષિત કર્યો હતો જ્યારે તેના સાથીની સારવાર શરુ કરી છે. પોલિસે સીસીટીવી ફૂટેજના આધારે ઘટનાની તપાસ હાથ ધરી છે. તો આ ઘટના અંગે રાજ્ય સરકારના મંત્રી અરુપ રાયે નિવેદન આપતા જણાવ્યું છે કે આ ઘટના દુખદ છે.

# ભારતમાં ઈતિહાસ રચાયો : દિલ્હીમાં ડ્રાઈવર વિનાની પ્રથમ મેટ્રો ટ્રેન દોડી

- અમેરિકા, બ્રિટન, કેનેડા જેવા દેશોમાં ભારત સામેલ : ૨૦૨૫ સુધી ૨૫ શહેરોમાં ડ્રાઈવરલેસ મેટ્રો દોડાવવાનો ટાર્ગેટ



નવી દિલ્હી : ભારતની પ્રથમ ડ્રાઈવર વગરની મેટ્રો ટ્રેનનો પ્રારંભ દિલ્હીથી કરવામાં આવ્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ ડ્રાઈવરલેસ એટલે કે ડ્રાઈવર વગર જ ચાલતી મેટ્રો ટ્રેનનું ઉદઘાટન કર્યુ હતું. જે સાથે જ તેમણે જાહેરાત કરી હતી કે દેશમાં ૧૮ શહેરોમાં મેટ્રો ટ્રેન છે, આ આંકડો ૨૦૨૫ સુધીમાં ૨૫ શહેરો સુધી લઈ જવાનો છે. આ સાથે જ ભારતે એક ઈતિહાસ પણ રચી દીધો છે, દેશમાં પ્રથમ ડ્રાઈવર વગરની મેટ્રો ટ્રેન શરૂ થતા ભારત અમેરિકા અને બ્રિટન જેવા દેશોમાં પણ સામેલ થઈ ગયો છે કે જ્યાં આ પ્રકારની ટ્રેનો ચાલે છે. અમેરિકા, બ્રિટન, કેનેડા, યુરોપના અન્ય દેશોમાં વર્ષોથી આ પ્રકારની અનેક ટ્રેનો કાર્યરત છે અને હવે તેવું ભારતમાં પણ શક્ય બન્યું છે. દરમિયાન દિલ્હીમાં જે ડ્રાઈવર વગરની મેટ્રો ટ્રેન શરૂ કરવામાં આવી છે તે દિલ્હી મેટ્રોની મજેંટા લાઈન પર જનકપુરી વેસ્ટ-બાટેનિક ગાર્ડન કોરિડોર પર ૩૭ કિમી સુધી દોડશે.

# રામ મંદિર ટ્રસ્ટના બેંક ખાતામાંથી છ લાખ ઉસેટનારા ચાર ઝડપાયા


- ચેક ક્લોનિંગ દ્વારા છ લાખ રૂપિયા કાઢી લેવાયા હતા, ધરપકડ કરાયેલા ત્રણ મુંબઈ અને એક થાણેનો રહેવાસી

નવી દિલ્હી : અયોધ્યામાં રામ મંદિર નિર્માણ માટે રચાયેલા ટ્રસ્ટના બેંક ખાતામાંથી છ લાખ રૂપિયાની ઉચાપત કરનારા ચાર શખ્સોની ધરપકડ કરવામા આવી છે. આ શખ્સોએ બનાવટી ચેક દ્વારા આ અપરાધને અંજામ આપ્યો હતો. પકડકાયેલા શખ્સો પૈકી ત્રણ મુંબઈ અને એક થાણેના રહેવાસી છે. જોકે આ ઉચાપતનો માસ્ટરમાઈન્ડ વારાણસીનો રહેવાસી છે અને તે હજુ પણ ફરાર છે. બદમાશોએ રામ મંદિર ટ્રસ્ટના ચેક ક્લોનિંગ કરીને છ લાખ રૂપિયા બે ભાગમાં ઉપાડી લીધા હતા. આ રકમ મુંબઈ સ્થિત બેંક ઓફ બરોડાની ફોર્ટ શાખામાંથી કાઢી લેવામાં આવ્યા હતા. પકડાયેલા પૈકી એક પ્રશાંતે ચેક ક્લોનિંગ કરીને નિકાળ્યા અને બાદમાં પોતાના સાથીઓમાં તેને વહેંચી દીધા હતા. ટ્રસ્ટે ખાતામાંથી છ લાખ રૂપિયા જ ઉપાડી શકાય તે માટે લિમિટ મુકી દીધી હતી નહીં તો વધુ રકમની ઉચાપત થઈ શકે તેમ હતી. જોકે અપરાધીઓએ લિમિટથી વધુ રકમ ઉપાડવાનો પ્રયાસ કરતા બેંકે ટ્રસ્ટને ફોન કરીને જાણકારી આપી હતી તેથી સમગ્ર મામલો બહાર આવ્યો હતો.

# કોરોના હરાવી મગજમાં થયેલ લોહીની ૪૦૦ ગાંઠની સફળતાપૂર્વક સર્જરી

નવી દિલ્હી : કોરોના સામે લડ્યા બાદ મગજમાં લોહી ગંઠાઈ જવાનો મામલો સામે આવ્યો છે. જમ્મુના રહેવાસી ૫૫ વર્ષિય મિથિલેશ લમ્બ્રુ કોરોનાથી રિકવર થયા બાદ કોમામાં જતા રહ્યા હતા. ડોકટર્સનું કહેવું છે કે, દર્દી પોસ્ટ કોવિડ એન્સેફેલાઈટિસથી પીડાતો હતો. તેમના મગજમાં લોહીની ૪૦૦ ગાંઠ થઈ ગઈ હતી. મિથિલેશની સારવાર દિલ્હીની ઈન્દ્રપ્રસ્થ અપોલો હોસ્પિટલમાં કરવામાં આવી હતી. વિજ્ઞાનની ભાષામાં તેને કોવિડ એન્સેફેલાઈટિસ કહેવામાં આવે છે. તેમની સારવાર શરૂ થઈ. ઈમ્યુન થેરપી અને સ્ટિરોઈડ્સ આપવામાં આવ્યું. દર્દીની સ્થિતિમાં સુધારો થયો અને તેમણે ૭ દિવસની અંદર ભાન આવ્યું. હાથ અને પગમાં થોડા દિવસ નબળાઈ જોવા મળી હતી. દર્દીની ફરીથી એમઆરઆઈ કરવામાં આવી. રિપોર્ટમાં જાણવા મળ્યું કે તેઓ ૫૦% કરતાં વધારે ઠીક થઈ ગયા છે.

# સરહદે એક વર્ષમાં પાકિસ્તાન દ્વારા 3,૮૦૦ વખત યુદ્ધવિરામનો ભંગ



શ્રીનગર : વિદેશ વિભાગના અધિકૃત પ્રવક્તાએ નિવેદન કર્યુ કે ભારત તરફથી કોઈ પણ જાતની ઉશ્કેરણી કરવામાં ન આવતી હોવા છતાં પાકિસ્તાને ૨૦૨૦ના વર્ષમાં કુલ ૩,૮૦૦ વખત યુદ્ધવિરામ-ભંગ કર્યો છે. પાકિસ્તાન આવાં ગતકડાં ભારતમાં આતંકવાદીઓ ઘુસાડવાના પ્રયાસ રૂપે કરતું રહે છે. પાકિસ્તાની લશ્કરે યુદ્ધવિરામ ભંગ કરવામાં છેલ્લાં ૧૭ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે. લશ્કરના પ્રવક્તાએ જણાવ્યું કે ઓક્ટોબર મહિનામાં ૩૯૪ વખત યુદ્ધવિરામ ભંગ કરવામાં આવ્યો હતો અને નવેમ્બરમાં ૧૨૮ વખત ભંગ થયો છે. ચાલુ વર્ષના પ્રથમ છ મહિનામાં જ પાકિસ્તાની લશ્કરે કુલ ૨,૦૦૦ વખત યુદ્ધવિરામ ભંગ કર્યો હતો. જૂન મહિનાના પ્રથમ દસ દિવસમાં જ ૧૪ વખત યુદ્ધવિરામ ભંગ કરવામાં આવ્યો હતો. કોરોના વાઈરસના પ્રકોપના કારણે સમગ્ર જગતમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું. ભારતમાં પણ લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું.

# જાણીતા કાર ડિઝાઈનર દિલીપ છાબરીયાની છેતરપિંડીના કેસમાં ધરપકડ

મુંબઈ : દેશના પ્રખ્યાત કાર ડિઝાઈનર દિલીપ છાબરિયાની પોલીસે છેતરપિંડીના આરોપસર ધરપકડ કરી છે. છાબરિયા સામે પાંચ લોકોએ છેતરપિંડીની ફરિયાદ દાખલ કરી હતી જેમા એક અભિનેત્રીનો પણ સમાવેશ થાય છે. મુંબઈ પોલીસે છાબરિયાની સામે આઈપીસીની કલમ ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦ (બી) અને ૩૪ હેઠળ ગુનો દાખલ કર્યો છે. ભારતના જાણીતા કાર ડિઝાઈનર અને એક પ્રખ્યાત કાર મોડિફિકેશન સ્ટુડિયોના માલિક છાબરિયા સામે મલ્ટીપલ કાર રજીસ્ટ્રેશનનું રેકેટ ચલાવવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. થોડા દિવસો પહેલા ક્રાઈમબ્રાન્ચે છાબરીયાની કંપની ડીસી ડિઝાઈન્સ દ્વાર મોડિફાય કરેલ તામિલનાડુનુ રજીસ્ટ્રેશન ધરાવતી એક વૈભવી સ્પોર્ટસ કાર જપ્ત કરી હતી.

# ભારતમાં ઈન્ટર. ફલાઈટ પર ૩૧ જાન્યુ. સુધી પ્રતિબંધ

## સ્પેશ્યલ ફ્લાઈટ્સ અને કાર્ગો સેવામાં છૂટછાટ ચાલુ રહેશે, સાવચેતી રાખવા સરકારની અપીલ

નવી દિલ્હી : દુનિયાભરમાં ફેલાયલા કોરોનાના પ્રકોપના કારણે ભારત સરકારે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર લાગેલા પ્રતિબંધને ૩૧ જાન્યુઆરી ૨૦૨૧ સુધી વધારી દીધો છે. આ પ્રતિબંધ સ્પેશલ ફ્લાઈટ્સ અને ઈન્ટરનેશનલ એર કાર્ગો ઑપરેશન્સ પર લાગુ નહીં થાય. એવિએશન રેગ્યુલેટર ડીસીજીએએ બુધવારે આ જાણકારી આપી હતી. ડીજીસીએએ કહ્યું કે, જો કે કેટલીક ફ્લાઈટ્સ માટે અધિકારી કેટલાક માર્ગો પર ફ્લાઈટ્સને પરવાનગી આપી શકે છે. કોરોના વાયરસ મહામારીના કારણે ૨૩ માર્ચથી નિયમિત આંતરરાષ્ટ્રીય યાત્રી વિમાન સેવા સ્થગિત છે. જો કે વંદે ભારત અભિયાન તથા એર બબલ વ્યવસ્થા અંતર્ગત મેથી કેટલાક નિશ્ચિત દેશો માટે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટો શરૂ કરવાની પરવાનગી છે. ભારતે અમેરિકા, બ્રિટન, સાઉદી અરબ, કેન્યા, ભૂટાન અને ફ્રાન્સ સહિત ૨૪ દેશોની સાથે એર બબલ કરાર કર્યો છે. ડીજીસીએએ એ પણ કહ્યું છે કે, આની માલવાહક વિમાનો પર કોઈ અસર નહીં પડે. ઉડ્ડયન મંત્રાલયે બુધવારે જ બ્રિટનમાં ફેલાઈ રહેલા કોરોના વાયરસના સ્ટ્રેનને જોતા બ્રિટનની ફ્લાઈટ્સ પર લગાવેલા અસ્થાઈ પ્રતિબંધને ૭ જાન્યુઆરી ૨૦૨૧ સુધી વધારી દીધી હતો.

આ પહેલા કેન્દ્ર સરકારે અલગ-અલગ ગતિવિધિઓ પર કોવિડ-૧૯થી જોડાયેલા પ્રતિબંધોને જાળવી રાખતા કહ્યું કે, દેશમાં કોવિડ-૧૯ સારવાર હેઠળ રહેલા દર્દીઓની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે, પરંતુ દુનિયાભરના કેસમાં ઝડપથી કેસ વધવા અને બ્રિટનમાં કોરોના વાયરસના નવા પ્રકાર સામે આવી રહ્યા છે તેને જોતા દેખરેખ અને સતર્કતા જાળવી રાખવાની જરૂર છે.

### કર્ણાટકમાં ૨૬ બ્રિટિશ પ્રવાસી પોઝિટિવ

કર્ણાટકના સ્વાસ્થ્ય મંત્રી કે. સુધાકરે જણાવ્યું હતું કે, કોરોના નવા પ્રકારથી સંક્રમિત બ્રિટનથી આવેલા ત્રણને અલગ અલગ કેન્દ્રોમાં આઈસોલેટ કરાયા છે. રાજ્યમાં બ્રિટનથી ૧,૬૧૪ લોકો આવ્યા છે, જેમના આરટી–પીસીઆર ટેસ્ટની પ્રક્રિયા ચાલી રહી છે. તેમાંથી ૨૬ના કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે. બીજીબાજુ બ્રિટનથી ચેન્નઈ આવેલા એક વ્યક્તિને કિંગ ઈન્સ્ટિટયૂટ ઓફ પ્રિવેન્ટિવ મેડીસીન એન્ડ રિસર્ચમાં આઈસોલેટ કરાઈ છે.

### બ્રિટન સાથે સંકળાયેલા ૪૦ નાગરિક પૈકી ૨૦ સેમ્પલની તપાસ થઈ

સીસીએમબીના અધિકારીએ કહ્યું હતું કે, કોરોના પોઝિટિવ ૪૦ સેમ્પલ મળ્યા છે, જે બ્રિટનથી પરત આવ્યા છે. તેમાંથી ૩ વ્યક્તિ કોરોનાના નવા પ્રકારથી સંક્રમિત છે. ૨૦ સેમ્પલની જિનોમ સિક્વન્સિંગ પ્રક્રિયા પૂરી કરી છે. બાકીનાની તપાસ ચાલુ છે. આ ત્રણ વ્યક્તિમાં અમરાવતીની ૧ મહિલાનો સમાવેશ થાય છે, જે દિલ્હી એરપોર્ટ પર ઊતરી ત્યાંથી ટ્રેનમાં આંધ્ર પ્રદેશ પહોંચી હતી.

## ભારતમાં નવા સ્ટ્રેનના ૨૪થી વધુ કેસ, સેંકડો દર્દીઓ લાપતા

નવી દિલ્હી : બ્રિટનમાં ઉદભવેલો કોરોના વાઈરસનો નવો સ્ટ્રેન હવે ભારતમાં પગ પ્રસારી રહ્યો છે. ઉત્તરપ્રદેશમાં નવા સ્ટ્રેનના ૧૦ કેસ નોંધાયા છે. મેરઠમાં ૧, નોઈડામાં ૩, ગાઝિયાબાદમાં બે, બરેલીમાં એક અને દિલ્હીથી યુપી આવેલા બે વ્યક્તિમાં નવા સ્ટ્રેનનું સંક્રમણ જોવા મળ્યું છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે બુધવારે જણાવ્યું હતું કે, દેશમાં બ્રિટનના કોરોના સ્ટ્રેનના વધુ ૧૪ કેસ સામે આવતાં કુલ સંક્રમિતોની સંખ્યા ૨૦ ઉપર પહોંચી છે. આ ઉપરાંત ઉત્તરપ્રદેશમાં ૫૬૫ પ્રવાસીઓના મોબાઈલ ફોન બંધ આવી રહ્યા છે જેથી તેમને શોધવામાં સરકારને તકલીફ પડી રહી છે. પુણેના પણ ૧૦૯ પ્રવાસીઓનો કોઈ અત્તોપત્તો નથી. બીજી તરફ મેરઠમાં બે વર્ષીય બાળકી નવા સ્ટ્રેનથી સંક્રમિત મળી આવ્યા બાદ વિશાખાપટ્ટનમમાં બ્રિટનથી પરત આવેલા ૭ વર્ષીય કિશોરમાં નવો સ્ટ્રેન મળી આવ્યો હતો. જેમાં ૧૦ ઉત્તરપ્રદેશ, ૦૪ દિલ્હી, ૦૧ તામિલનાડુ, ૦૧ તેલંગણા, ૦૧ આંધ્રપ્રદેશ, ૦૧ પશ્ચિમ બંગાળ સમાવેશ થાય છે. હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેકે કહ્યું કે અમારા દ્વારા વિકસાવવામાં આવેલી કોરોનાની રસી કોવાક્સિન વાઈરસના નવા સ્ટ્રેન સામે સંરક્ષણ આપવામાં સક્ષમ છે.

### સ્વદેશી વેક્સિન વિકસવાની આશાએ સમગ્ર વિશ્વની ભારત તરફ મીટ મંડાઈ

વર્ષ ૨૦૨૦માં કોરોનાની મહામારીને પગલે સમગ્ર વિશ્વ આઘાતમાં હતું. ઇતિહાસમાં આ વર્ષ અનેક પીડા, યાતના અને વિલાપ સાથે ભલે પસાર થયું પણ વર્ષના અંતમાં કેટલાક દેશો દ્વારા કોરોનાની રસી વિકસાવવાની જાહેરાત કરાતા જ સમગ્ર વિશ્વમાં નવી આશાનો સંચાર થયો હતો. વિશ્વના મોટાભાગના દેશો હજી પીડા ભોગવી રહ્યા છે ત્યાં ભારત ધીમે ધીમે સ્વસ્થતા તરફ આગળ વધતો જણાઈ રહ્યો છે. તેમાં પણ ભારત દ્વારા ત્રણ જેટલી કોરોનાની રસીઓને સ્વદેશી ધોરણે વિકસાવવાની અને ઉપયોગમાં લેવાની યોજનાની જાહેરાત કરવામાં આવી ત્યારે સમગ્ર વિશ્વ સ્તબ્ધ થઈ ગયું હતું.

### દેશમાં કોરોનાના નવા ૨૦,૫૪૯ કેસ

નવી દિલ્હી: દેશમાં એક દિવસમાં કોરોનાના નવા ૨૦,૫૪૯ કેસ નોંધાયા હતા, પરિણામે કેસની સંખ્યા વધીને કુલ ૧,૦૨,૪૪,૮૫૨ થઈ છે. કોરોનાથી રિકવર થયેલા કેસની સંખ્યા વધીને ૯૮.૩૪ લાખ થઈ છે, જ્યારે રિકવરી રેટ ૯૫.૯૯ ટકા નોંધાયો છે. કોરોના વાઈરસને કારણે ૨૪ કલાકમાં કુલ ૨૮૬ જણનાં મૃત્યુ થયા છે, પરિણામે કુલ મૃતકની સંખ્યા ૧,૪૮,૪૩૯ થઈ છે. મૃત્યુઆંકની ટકાવારી ૧.૪૫ ટકા નોંધાઈ છે, જ્યારે કુલ રિકવરી કેસની સંખ્યા ૯૮,૩૪,૧૪૧ નોંધાઈ છે. નવમા દિવસ દરમિયાન કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ત્રણ લાખથી નીચે રહી હતી.

### બ્રિટનથી આવેલા નાગરિકોની ૧૦ લેબમાં તપાસ થશે

૨૩મી ડિસેમ્બરથી બ્રિટનથી આવતી તમામ ફ્લાઈટ્સ પર ૩૧મી ડિસેમ્બર સુધી પ્રતિબંધ મૂકી દેવાયો છે અને બ્રિટનથી પરત ફરેલા તમામ પ્રવાસીઓની ૧૦ સરકારી લેબોરેટરીમાં આરટી–પીસીઆરની તપાસ ફરજિયાત કરાવાઈ છે. કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી હરદીપસિંહ પુરીએ જણાવ્યું હતું કે, બ્રિટનથી આવતી તમામ ફ્લાઈટ્સ પર ૩૧મી ડિસેમ્બર સુધી મૂકાયેલા પ્રતિબંધનો સમય લંબાવવામાં આવી શકે છે.

## પ્રજાસત્તાક દિવસે થનારી પરેડમાં કોરોનાને કારણે અનેક ફેરફાર

નવી દિલ્હી : કોરોના વાઈરસ મહામારીને ધ્યાનમાં રાખીને રાજપથ પર પ્રજાસત્તાક દિવસ સમારોહમાં ઘણાં ફેરફાર થવાની શક્યતા છે. પરેડમાં ભાગ લેનારી ટીમોનું કદ ઘટશે અને પરેડનું અંતર ઘટાડવામાં આવશે.

૨૬મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક પરેડની ભવ્યતા તો જળવાય રહેશે પરંતુ મહામારીને ધ્યાનમાં રાખી ટુકડીઓનું કદ સિમિત કરવામાં આવશે. ભારત પ્રજાસત્તાક દિવસે મુખ્ય મહેમાન તરીકે બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસનને આમંત્રિત કરાયા છે. એક અધિકારીએ જણાવ્યું કે, કોરોનાના દિશાનિર્દેશોને ધ્યાનમાં રાખીને સમારોહ માટેની તૈયારી કરવામાં આવી કરવામા આવી રહી છે. સુત્રોએ જણાવ્યું કે, લગભગ ૨૫ હજાર લોકોને સમારોહ જોવા માટે જવાની મંજુરી આપવામાં આવશે અને ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને મંજુરી નહી હોય. સામાન્ય રીતે ગણતંત્ર દિવસ દરમિયાન લગભગ એક લાખ લોકો પરેડ જોવા આવે છે. પરેડમાં ભાગ લેનારી ટીમોના કદમાં પણ કાપ મુકવામાં આવશે. સામાન્ય રીતે એક ટુકડીમાં ૧૪૪ કર્મી હોય છે પરંતુ આ વખતે ૯૬ સભ્યોની ટુકડીની મંજુરી હશે. પરેડનું અંતર પણ ઘટાડવામાં આવશે. પરેડ વિજય ચોકથી શરૂ થઈને લાલ કિલ્લાની જગ્યાએ નેશનલ સ્ટેડિયમ સુધી જ જશે.

## કોરોનાને પગલે ચાઈનામાંથી ગ્લોબલ સપ્લાય શિફટ થતા ભારતને ફાયદો થશે

- ચાલુ મહિને કરાયેલા સર્વેમાં ૧૫૦થી વધુ કંપનીઓએ ભાગ લીધો હતો
- ભારત પણ ચીનની જેમ મેન્યુફેકચરિંગ હબ બનશે



નવી દિલ્હી : કોરોના મહામારી પગલે ગ્લોબલ સપ્લાય ચેઈનમાં ચીનનું પ્રભુત્ત્વ ઘટતા ભારતને ફાયદો થશે તેમ એક સર્વેમાં જણાવવામાં આવ્યું છે. ફિક્કી ધ્રુવ એડવાઈઝર્સ દ્વારા ચાલુ મહિનામાં કરાયેલા સર્વેમા ભારતની ૧૫૦થી વધુ કંપનીઓને આવરી લેવામાં આવી હતી. આ સર્વેના તારણોની વિગતો આપતા ફિક્કીએ જણાવ્યું હતું કે કોવિડ-૧૯ને કારણે ગ્લોબલ સપ્લાય ચેઈનમાં ચીનનું પ્રભુત્ત્વ ઘટીને અન્ય આર્થતંત્ર તરફ વળ્યું છે. સર્વેમાં ભાગ લેનાર ૭૦ ટકા કંપનીઓએ જણાવ્યું છે કે આ ફેરફારને કારણે ભારતને ચોક્કસ ફાયદો થશે. નજીકના ભવિષ્યમાં ભારતમાં પણ ચીનની જેમ મેન્યુફેકચરિંગ પ્રવૃત્તિઓ વધશે. આ સર્વેમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે આગામી વર્ષે કોરોનાની વેક્સીન આવવાની આશાએ ઉદ્યોગપતિઓ અને ગ્રાહકોના વિશ્વાસમાં વધારો થયો છે. સર્વેમાં ભાગ લેનાર ૭૪ ટકા કંપનીઓનું માનવું છે કે વેક્સીન ઉપલબ્ધ થઈ જતા જ તેમના બિઝનેસ પર સકારાત્મક અસર જોવા મળશે. જો કે ફિક્કીના પ્રમુખ ઉદય શંકરના જણાવ્યા અનુસાર ભારતને પોતાની મેન્યુફેકચરિંગ ઈકો સિસ્ટમ સુધારવી પડશે.

## મહારાષ્ટ્રમાં શિવસેના અને એનસીપી કોંગ્રેસ સામે ષડયંત્ર રચતી હોવાનો આરોપ

મુંબઈ : મહારાષ્ટ્રની શિવસેના-કોંગ્રેસ-એનસીપીની અઘાડી સરકારમાં ઓલ ઈઝ વેલ ના હોવાનો વધુ એક સંકેત મળ્યો છે. મહારાષ્ટ્રમાં શિવસેના અને એનસીપી મળીને કોંગ્રેસ વિરૂદ્ધ ભયંકર ષડયંત્ર રચી રહી હોવાનો સણસણતો આરોપ લગાવતો એક પત્ર પાર્ટીના વરિષ્ઠ નેતાએ સોનિયા ગાંધીને મોકલતા રાજ્યના રાજકારણમાં હલચલ મચી જવા પામી છે. મુંબઈ કોંગ્રેસના મહાસચિવ અને પૂર્વ સાંસદ સંજય નિરૂપમના ખૂબ નજીકના ગણાતા વિશ્વબંધુ રાયે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીને પત્ર લખ્યો હતો. રાયે પોતાના પત્રમાં લખ્યું છે કે, મહારાષ્ટ્રમાં સાથી પક્ષ શિવસેના અને એનસીપી કોંગ્રેસને ખતમ કરવા કાવતરું ઘડી રહ્યા છે. બંને પક્ષો સતત દરેક મોરચે કોંગ્રેસને ખતમ કરવાના પ્રયત્નો કરી રહ્યા છે. એનસીપી અને શિવસેના સાથે કોંગ્રેસનું જોડાણ આત્મઘાતિ સાબિત થશે.

## રિલાયન્સના મુકેશ અંબાણી વિશ્વના ધનિકની યાદીમાં ટોપટેનમાંથી આઉટ

મુંબઈ : ભારતની સૌથી મૂલ્યવાન કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના અધ્યક્ષ મુકેશ અંબાણી અને એશિયાના સૌથી ધનિક વ્યક્તિ મુકેશ અંબાણી આ વર્ષે બ્લૂમબર્ગ અબજોપતિ યાદીમાં ચોથા સ્થાને પહોંચ્યા હતા પરંતુ ત્યારબાદ તેઓ આ સ્થાનેથી નીચે સરકતા ગયા. આ વર્ષે ૧૮ અબજ ડોલર એકત્ર કર્યા છે અને ૭૬.૯ અબજ ડોલરની સંપત્તિ સાથે વિશ્વના ટોચના ધનકુબેરોની યાદીમાં ૧૧મા ક્રમે છે. એમેઝોનના ચીફ જેફ બેઝોસે વર્ષના વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ તરીકે શરૂઆત કરી અને આ વર્ષે તેની સંપત્તિમાં ૭૭ અરબ ડોલરનો ઉમેરો કર્યો. રોગચાળાએ વિશ્વભરમાં ઈ-કોમર્સનું વલણ વધ્યુ અને બેઝોસે તેનો મોટો લાભ લીધો. એક સમયે બેઝોસની કુલ સંપત્તિ ૨૦૦ અબજ ડોલરને વટાવી ગઈ હતી, પરંતુ આ સમયે તેની કુલ સંપત્તિ ૧૯૨ અબજ ડોલર છે. આ વર્ષ એલન મસ્ક માટે યાદગાર રહ્યું. બ્લૂમબર્ગ અબજોપતિ યાદી અનુસાર, એલને આ વર્ષે ૧૩૩ અબજ ડોલરની કમાણી કરી, ૩૩ અબજોપતિઓને પાછળ છોડી અને વિશ્વનો બીજો સૌથી ધનિક વ્યક્તિ બન્યો. નવેમ્બરમાં, માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સને ત્રીજા સ્થાને ધકેલી દીધા. તેની કુલ સંપત્તિ હાલમાં ૧૬૦ અબજ ડૉલર છે. વિશ્વના ટેક દિગ્ગજ કંપની માઈક્રોસોફટના સ્થાપક બિલ ગેટ્સે આ વર્ષે ૧૯ અબજ ડોલરની કમાણી કરી છે.

## કોરોનાની સ્થિતિને પહોંચી વળવા ખર્ચ વધારીને કેન્દ્રીય બજેટનું કદ વધારવામાં આવશે

નવી દિલ્હી : કોરોનાને કારણે સર્જાયેલી સ્થિતિને પહોંચી વળવા મોદી સરકાર ૨૦૨૧ના બજેટમાં એક મોટું પગલું લેવા જઈ રહી છે. બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર, ૨૦૨૦-૨૧ના બજેટમાં સરકારે ખર્ચા પર ખાસ્સો કાબૂ રાખ્યો હતો, પરંતુ તેની વિરુદ્ધ હવે આગામી વર્ષના બજેટમાં સરકાર ખર્ચ વધારવા જઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, નાણાં મંત્રાલય દ્વારા ૮૦થી વધુ વિભાગો અને મંત્રાલયોમાં ખર્ચાને લગતા નિયંત્રણો મૂકાયા હતા, જેમાં આ ક્વાર્ટરમાં જ છૂટછાટ અપાઈ છે. હાલનું બજેટ ૩૦ લાખ કરોડ રુપિયા છે, જેનું કદ ૨૦૨૧-૨૨માં વધારવામાં આવશે. ૧ ફેબ્રુઆરીએ બજેટ રજૂ થવાનું છે. બજેટ સાથે સંકળાયેલા સૂત્રોએ પોતાની ઓળખ જાહેર ના કરવાની શરતે જણાવ્યું હતું કે ખર્ચ વધારવાની નીતિથી સરકાર પાસે વધુ નાણાં ઉપલબ્ધ બનશે.

# ઈન્સ્પેક્ટર હાથ લંબાવીને એકાએક અટકી ગયા

(ગતાંકથી શરૂ)

'વૉટ હૅપન્ડ ?' ઈન્સ્પેક્ટરે પૂછ્યું.

ફોટોગ્રાફરે પગ બતાવતાં ફર્શ પર નજર કરી અને વાંકા વળી આંગળી ફેરવતાં કાંઈક શોધી કાઢ્યું. ફરીથી ઊભો થતાં એણે શોધી કાઢેલો કાચનો ટુકડો ઈન્સ્પેક્ટરની હથેળીમાં મૂક્યો.

ઈન્સ્પેક્ટરે ધ્યાનપૂર્વક કાચનો ટુકડો હથેળીમાં રાખી જોયા બાદ નજર ઉઠાવીને ભીંત પરના વેન્ટિલેટર પર ફેંકી. કાચના ટુકડાનો રંગ લીલો હતો અને વેન્ટિલેટર પણ લીલા કાચનું હતું, પણ વેન્ટિલેટર ક્યાંયથી પણ તૂટેલું દેખાતું નહોતું.

કાચના ટુકડાને એક જરૂરી પુરાવા તરીકે સાચવવા બાજુમાં ઊભેલા કૉન્સ્ટેબલને સોંપતાં તેઓ બાથરૂમમાં પ્રવેશ્યા, પણ વેન્ટિલેટર ઠીક ઠીક ઊંચું હતું. નાનકડું ટેબલ મંગાવીને અન્ય પુરાવાઓને નુકસાન ન થાય એ રીતે ટેબલ ગોઠવ્યું. એની ઉપર ઊભા રહી વેન્ટિલેટરને સ્પર્શ્યા વિના જ એનું નિરીક્ષણ કર્યું. બરાબર ઊંડી નજર ફેંકતાં એક ખૂણા પરથી વેન્ટિલેટરનો કાચ તૂટ્યો હોય એવું સ્પષ્ટ વર્તાતું હતું. વેન્ટિલેટરને જોસભેર બંધ કરતાં પછાડવાથી કાચની કચ્ચર ઊડી હશે એમ કલ્પના માટે પૂરતાં કારણો હતાં.

'ખૂનીએ પોતાનું કામ આ વેન્ટિલેટરની બારીમાંથી કર્યું છે.' ઈન્સ્પેક્ટર ટેબલ પર ઊભા ઊભા જ બોલ્યા. ધીમે રહીને તેઓ નીચે ઊતર્યા. શાલીનનો મૃતદેહ નિર્વસ્ત્ર હોઈ લીલા અને મંજી બાથરૂમમાંથી થોડેક દૂરના પૅસેજ પાસે ઊભાં હતાં.

'વેન્ટિલેટરની સ્ટોપર પણ અંદરથી ભીડેલી નથી.' બબડતાં ઈન્સ્પેક્ટર ખુદ ટેબલ ઉઠાવતા બહાર આવ્યા. એ જોઈ કૉન્સ્ટેબલે દોડીને એમના હાથમાંથી ટેબલ ઊંચકી લીધું.

'મિસિસ મહેતા ! બાથરૂમની પાછળની બાજુ જવાનો રસ્તો ?' ઈન્સ્પેક્ટરે પૂછ્યું.

લીલા ઘડીભર કાંઈ બોલી નહીં.

મંજીએ સહેજ ખચકાતાં રસ્તો બતાવ્યો. પૅસેજની નીચે ઊતરી પાછલા કંપાઉન્ડમાં જઈ લાકડાની જાળી ધરાવતા બીજા પૅસેજ ભણી સૌને દોરી ગઈ.

'આ બાથરૂમની પાછલી ભીંત.' કહેતાં મંજીએ ભીંત બતાવી.

ઈન્સ્પેક્ટરે નજર કરી તો એ જ વેન્ટિલેટર અહીં દેખાતું હતું. એમણે ટેબલ ગોઠવ્યું અને ઉપર ચડ્યા. ખિસ્સામાંથી પેન કાઢી. વેન્ટિલેટરને આંગળીનો સ્પર્શ ન થાય એ રીતે પેન કાચ પર દબાવી તો વેન્ટિલેટર અંદરની દિશા તરફ ખૂલ્યું. અંદર નજર કરી તો શાલીનનો મૃતદેહ સાફ વર્તાતો હતો. ખૂનીની યોજનાને પારખી ગયા હોય એ રીતે થોડોક આનંદ અનુભવતા ઈન્સ્પેક્ટર નીચે ઊતર્યા અને ફિંગરપ્રિન્ટ એક્સપર્ટને વેન્ટિલેટર પરનાં આંગળાંની છાપ લેવા નિશાની કરી.

ફિંગરપ્રિન્ટ એક્સપર્ટ ટેબલ પર ચડ્યો અને ત્યાં જ...

'ઈન્સ્પેક્ટર સાહેબ ! ઈન્સ્પેક્ટર સાહેબ !' કોઈ ચીસ પાડી રહ્યું.

ઈન્સ્પેક્ટરે ચોંકીને ચારે બાજુ નજર કરી પણ કોઈ જ દેખાયું નહીં.

ફરીથી બૂમ આવી : 'ઈન્સ્પેક્ટર !'

લીલા પૅસેજ પર બેભાન થઈ ઢળી પડી હતી.

એના કપાળે પરસેવાનાં ટીપાં બાઝ્યાં હતાં. જોસભેર શ્વાસ લઈ વારે વારે સ્થિર થઈ જતું એનું ઉર અંદરની અમૂંઝવણ સ્પષ્ટ કરતું હતું.

ઈન્સ્પેક્ટરે એમનો એક હાથ એની તરફ લંબાવ્યો અને એકાએક અટકી ગયા. વૈધવ્યના આંચળા હેઠળ અકબંધ રહેલું એનું યૌવન દૃષ્ટિપાત થતાં શાયદ એમને સંકોચ થયો. ચાલાક મંજી પરિસ્થિતિને પામી ગઈ. જે કામ ઈન્સ્પેક્ટર કરવા માગતા હતા એ કામ મંજીએ કરી નાખ્યું. લીલાની છાતી પર ગજવેલના બંધે ભિડાયેલ બ્લાઉઝના ઉપર એક બટનને ખોલી નાખ્યું... જેથી તે સરળતાથી શ્વાસ લઈ શકે અને મૂંઝવણ ઘટે. એક કૉન્સ્ટેબલ પાણી લઈ આવ્યો. ઈન્સ્પેક્ટરે ગ્લાસ પોતાના હાથમાં લીધો અને હથેળીમાં પાણીની છાલક લઈ લીલાના મોં પર છાંટવા જાય છે ત્યાં જ...

એમનો હાથ થોડીક ક્ષણો સુધી હવામાં જ રહી ગયો. નજર ઔચિત્યનો ભંગ કરીને પણ ખુલ્લી થયેલી લીલાની છાતી પર ચોંટી ગઈ અને કેટલીયે વાર સુધી બેશરમ બનેલી. ઈન્સ્પેક્ટરની દૃષ્ટિ ત્યાંથી ખસી નહીં – હથેળીમાંનું પાણી પણ આંગળાં વચ્ચે થઈ ટીપે ટીપે નીચે સરી પડ્યું. આજુબાજુ ઊભેલા કૉન્સ્ટેબલો પણ સાહેબની આ અદા પર મુસ્કુરાયા.

મંજી પણ સહેજ શરમાઈને પંખો લેવાના બહાને અંદરના ખંડ ભણી ચાલી ગઈ.


પરંતુ ઈન્સ્પેક્ટરનું બૌદ્ધિક સ્તર અન્ય કૉન્સ્ટેબલો જેટલું સામાન્ય કક્ષાનું નહોતું. મંજી માનતી હતી એટલું એમનું મન ચંચળ પણ નહોતું બલકે એ દૃષ્ટિ તીવ્ર અને સંશોધનાત્મક હતી. લીલાના ઉર પર ઉપસેલા કોઈ મર્માળાં નિશાન સુધી એ નજર પહોંચી ગઈ હતી. એ નિશાન કોઈના દાંતનાં હતાં.

આ વાત માની શકાય એવી નહોતી કેમ કે લીલા વિધવા હતી. એને માટે કોઈ દાંપત્યજીવન નહોતું. છતાંયે લીલાના દેહનો રસભંડાર કોઈક લૂંટી ચૂક્યું હતું એ હકીકત હતી – ઈન્સ્પેક્ટર માટે આ કોયડો બન્યો. પરંતુ એ કોયડો ઊકલે તો ખૂનનું રહસ્ય ઉકેલવામાં ઘણી સરળતા થાય એ પણ સ્પષ્ટ હતું.

હજુયે ઈન્સ્પેક્ટરની નજર ત્યાં જ ઠરેલી હતી. બેઠેલા દાંતના ગોળાકારની વચ્ચે બાઝી ગયેલા લોહીથી લીલું ચાઠું પડી ગયેલું હતું. કૉન્સ્ટેબલો એટલું જ જોઈ આનંદ પામતા હતા – પણ ઈન્સ્પેક્ટરની નજર વધુ ઊંડી હતી. એમાંથી પણ એક કડી સાંપડી હતી.

એક લાંબો શ્વાસ લેતાં ભીના હાથે સહેજ પણ સંકોચ પામ્યા વિના લીલાના બ્લાઉઝને સરખું કરી દીધું અને ફરીથી પાણીની છાલક લઈ લીલાના ચહેરા પર છાંટ્યું. એટલામાં મંજી પંખો લઈ ત્યાં આવી. ઈન્સ્પેક્ટરે પાણીનો ગ્લાસ મંજીને સોંપ્યો અને ઊઠીને તેઓ એકાએક બાથરૂમ ભણી ચાલ્યા.

ઊઠીને ચાલી જવાની રીત જોઈ સૌ ત્યાં જ ઊભા બૂટની એડીના અવાજને સાંભળતા એ પીઠ તરફ તાકી રહ્યા.




**નાનકડું ટેબલ મંગાવીને અન્ય પુરાવાઓને નુકસાન ન થાય એ રીતે ટેબલ ગોઠવ્યું. એની ઉપર ઊભા રહી વેન્ટિલેટરને સ્પર્શ્યા વિના જ એનું નિરીક્ષણ કર્યું. બરાબર ઊંડી નજર ફેંકતાં એક ખૂણા પરથી વેન્ટિલેટરનો કાચ તૂટ્યો હોય એવું સ્પષ્ટ વર્તાતું હતું. વેન્ટિલેટરને જોસભેર બંધ કરતાં પછાડવાથી કાચની કચ્ચર ઊડી હશે એમ કલ્પના માટે પૂરતાં કારણો હતાં.**

બાથરૂમમાં પ્રવેશી શાલીનના મૃતદેહને એક ક્ષણ જોઈ લીધો. ત્યારબાદ ધીમેથી એના મોં પાસે જોઈ એક આંગળી શાલીનના જડ બની ગયેલ મોંમાં નાખી અને ભિડાઈ ગયેલી બત્રીસીમાં ફેરવી. કેટલીયે વાર સુધી એ આંગળી ફેરવ્યા જ કરી – ફેરવ્યા જ કરી.

'તો શાલીન સિવાય બીજું કોણ હોઈ શકે ?' ઈન્સ્પેક્ટર એકલા એકલા બબડ્યા.

લોહીવાળી થયેલી આંગળીને બાજુના વૉશબેસીનમાં ધોઈ નાખી તેઓ બહાર આવ્યા. તે દરમિયાન લીલા ભાનમાં આવી ચૂકેલી હતી.

હાથ લૂછતાં લૂછતાં ઈન્સ્પેક્ટરે એક નજર લીલાના ચહેરા તરફ કરી. લીલાની આંખોમાં ક્ષોભ હતો પરંતુ 'ગિલ્ટી' હતી કે કેમ તે નક્કી કરી શકાયું નહીં.

ઈન્સ્પેક્ટરની નજર ઊઠીને મંજી તરફ ગઈ. મંજી સહેજ ગભરાઈને લીલા તરફ સરકી. એનો એક હાથ લીલાના ખભે વળગી રહ્યો. તે લગભગ લીલાની પાછળ જ લગોલગ ઊભી રહી.

એકાએક ઈન્સ્પેક્ટરે ચાલવા માંડ્યું. જાણીબૂઝીને પણ અજાણતામાં જ પોતાના બૂટની એડી મંજીના પગનાં આંગળાં છૂંદાય એ રીતે મૂકી અને મંજી એક ચીસ પાડી ઊઠી.

'ઓ... મા...!!'

ઈન્સ્પેક્ટરે ત્વરાથી એને પડતાં બચાવી લઈ મંજીના ખૂલેલા મોંમાં નજર ફેંકી લીધી. મંજી હજુયે બૂમો પાડતી હતી. ઈન્સ્પેક્ટરને મંજીનું મોં જોવાની બે-ત્રણ વધુ તકો સાંપડી.

●●●

મોડી સાંજે.

પોલીસ સ્ટેશનમાં બેઠા બેઠા ઈન્સ્પેક્ટર જાડેજા ઊંડા વિચારમાં ગરકાવ થયેલા હતા.

એલિસબ્રિજ પોલીસ મથકના ઈન્સ્પેક્ટર વાસવાણી પણ આ રસ્તે પસાર થતાં 'હલો' કહેવા આવ્યા હતા.

'ક્યા સોચમેં પડ ગયે હો, જાડેજા ?' વાસવાણીએ પૂછ્યું.

'કુછ નહીં... આજ સુબહમેં એક મર્ડર કેસ કો ડીલ કરને ગયા થા...

વહાં એક નયા રહસ્ય મીલા. એક વિધવા કી છાતી પરસે દાંત કે નિશાન મિલે.'

'ક્યા બાત કરતે હો યાર ?' વાસવાણીને રસ પડ્યો.

'હા... યાર, યે તો માના કિ વહ સ્ત્રી યુવા હૈ... યે સબ કુછ હો સકતા હૈ, લેકિન વહ દાંત કે નિશાન લડકી કે થે.'

'ક્યા બકતે હો, ભઈ ?'

'સચ કહ રહા હું. વિધવા કી એક નૌકરાની હૈ – ઉસીકે દાંત કે નિશાન હૈ.'

'લેકિન આપને કૈસે જાના કી વહ નિશાન નૌકરાની કે હી હૈ – વહ આપકે, મેરે યા કિસી ઔર કે ભી હો સકતે હૈ.' વાસવાણી ઊંડા ઊતર્યા.

'યહી તો મેરા સંશોધન હૈ... ઉસ વિધવા કી છાતી પર જો નિશાન મોજૂદ થે ઉનમેં જો સબસે લંબા ઔર તીક્ષ્ણ દાંત હોતા હૈ – ઉસકા નિશાન હી ન થા.

ઉસકા મતલબ યે હુઆ કિ દાંત બીઠાનેવાલા કા એક દાંત કમ હોગા. મૈંને ઈનડીરેક્ટલી જાંચ કી તો મેરા શક સહી નીકલા – ઉસકી નૌકરાની કો ભી એક દાંત (રાક્ષસી દાંત) કમ હૈ. મતલબ સાફ હૈ કિ...'

'વહી નૌકરાની ઔર વિધવા સજાતીય પ્રેમી હૈ, લેસ્બીયન લવર્સ.'

'યસ મિ. વાસવાણી. નૌકરાની જિસકા નામ મંજી હૈ – બડી સખ્ત લડકી હૈ. શાયદ વહ નહીં ચાહતી થી કી ઉસકી માલકિન કિસી ઔર કે સાથ શાદી કરે – એશ કરે. ઈસ જલન કે વજહ સે મંજીને પાંચ સાલ પહલે માલકિન કે પતિકા ખૂન કિયા હોગા – ઔર અબ મિ. શાલિન કા... જો રોજ રોજ વહાં આયા કરતા થા ઔર મંજી કો ડર થા કી વહ સંભવતઃ અપની માલકિન સે શાદી કર લેગા. ઈસલિયે મંજીને શાયદ ઉસે ભી ખત્મ કર દિયા... એક સ્ત્રી ભી દૂસરી સ્ત્રી સે ઈસ હદ તક પ્યાર કર સકતી હૈ ઐસા કેસ પહલી મર્તબા દેખા.'

'સાહેબ... ફિંગરપ્રિન્ટ બરાબર મળી જાય છે. વેન્ટિલેટર પરનાં આંગળાંની છાપ અને મિસ મંજીનાં આંગળાંની છાપ એકસરખી આવે છે.'

ફિંગરપ્રિન્ટ એક્સપર્ટે વચ્ચેથી જ માથું મારતાં પોતાનો અહેવાલ રજૂ કર્યો.

'વેરી ગુડ... હમારા શક સહી નીકલા, વાસવાણી સાહબ.' કહેતા ઈન્સ્પેક્ટર જાડેજા મંજીની ધરપકડ કરવા જવા ઊભા થયા.

'અરે ભઈ ચાય-બાય તો પિલાવ.' વાસવાણીએ કહ્યું.

'ઈસ વક્ત નહીં... શાયદ ખૂની ભાગ જાય.' કહેતાં જાડેજાએ બે-ચાર કૉન્સ્ટેબલોને લઈને વાસવાણીની રજા લઈ ચાલવા માંડ્યું.

મંજીને પકડી લેવાઈ. તેણે ગુનો કબૂલ કર્યો, પણ જે લોખંડના સળિયા વડે એણે વેન્ટિલેટરમાંથી બે ખૂનો કર્યાં હતાં તે સળિયો ક્યાં મૂક્યો છે એ તમારે જાણવું હોય તો જેલમાં જઈ એને જ પૂછી લેજો.

દેવેન્દ્ર પટેલ
સંપર્ક
+91 98792 07102

## જાણવા જેવું

### શનિ ગ્રહને સુંદર બનાવતા વલય



ગેસના બનેલા વિરાટ ગ્રહોની આસપાસ વલયો હોય છે. વલય એટલે ગ્રહની ફરતે રચાયેલી રિંગ જેવી રચના જેમાં રજકણો અને વાયુઓ હોય. બધા જ ગ્રહોમાં શનિના વલયો અનોખા છે. તે સ્પષ્ટ, ચમકદાર અને નયનરમ્ય છે. આ વલયો શનિનાં આભૂષણ કહેવાય છે. ઇ.સ. ૧૬૧૦માં ગેલીલીયોએ દૂરબીનમાં શનિના વલયો જોયા હતાં. ઇ.સ.૧૬૫૫માં ક્રિશ્ચિયન હયુજીને વધુ શક્તિશાળી દૂરબીનથી શનિના વલયો જોયા અને તેને રકાબી સાથે સરખાવ્યા. ઇ.સ.૧૬૭૫માં જીવોવાની કેસીની નામના વિજ્ઞાનીએ શનિના વલયો અનેક છે અને વચ્ચે જગ્યા હોવાની શોધ કરી. આ વલયો પાણી અને બરફના કણોના બનેલા છે. શનિના મુખ્ય વલયોમાં ૧૪ જેટલી ખાલી જગ્યા છે. તેને સબડિવિઝન કહે છે. આ જગ્યામાં કેટલાક નાના વલય છે તેને રિંગલેટ કહે છે. શનિના કેટલાક વલયો ખાડા ટેકરા સ્વરૂપે છે. એક વલયમાં તો બે મોટા ચંદ્ર પણ પ્રદક્ષિણા કરે છે. શનિનો સૌથી મોટો ચંદ્ર એન્સલેડસ છે તેના જ્વાળામુખીને કારણે એક વલય બન્યું છે. શનિના વલયો રંગબેરંગી છે.

# એસ્ટ્રાઝેનેકાની કોવિશિલ્ડ રસીને બ્રિટનની લીલીઝંડી, જાન્યુ.ની બેઠકમાં ભારતમાં મંજૂરી મળવાની શક્યતા

## બ્રિટને કોવિશિલ્ડના ૧૦૦ મિલિયન ડોઝનો ઓર્ડર આપ્યો, નવા વર્ષના પ્રારંભથી એસ્ટ્રાઝેનેકાની રસી આપશે

લંડન, નવી દિલ્હી : બ્રિટનની ઓક્સફર્ડ યુનિવર્સિટી અને ફાર્મા કંપની એસ્ટ્રઝેનેકા દ્વારા વિકસાવવામાં આવેલી કોરોના રસી કોવિશિલ્ડના ઈમર્જન્સી ઉપયોગ માટે બ્રિટનની મેડિસિન્સ એન્ડ હેલ્થકેર પ્રોડક્ટ્સ રેગ્યુલેટરી એજન્સીએ મંજૂરી આપી દીધી છે. આમ એસ્ટ્રાઝેનેકાની કોરોના રસીને પરવાનગી આપનારો બ્રિટન વિશ્વનો પહેલો દેશ બની ગયો છે. બ્રિટનના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે, સરકારે ઓક્સફર્ડ અને એસ્ટ્રાઝેનેકાની કોરોના રસીના ઉપયોગ માટે MHRA દ્વારા કરાયેલી ભલામણને સ્વીકારી લીધી છે. એસ્ટ્રાઝેનેકા કંપનીએ જણાવ્યું હતું કે, રસીના બે ડોઝ રિજાઈમ માટે મંજૂરી માગવામાં આવી હતી જેને ઈમર્જન્સી ઉપયોગ માટે અધિકૃત કરાઈ છે. બ્રિટને કોવિશિલ્ડના ૧૦૦ મિલિયન ડોઝનો ઓર્ડર આપ્યો છે. બ્રિટનમાં નવા વર્ષના પ્રારંભ સાથે જ એસ્ટ્રાઝેનેકાની રસી આપવાનું શરૂ કરી દેવાશે.

કોવિશિલ્ડને બ્રિટનમાં મળેલી મંજૂરી ભારત માટે અત્યંત મહત્ત્વની છે કારણ કે પૂણે સ્થિત સીરમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયાએ ભારતમાં કોરોના રસીના ઉત્પાદન અને વિતરણ માટે એસ્ટ્રાઝેનેકા સાથે કરાર કરેલા છે. એક સરકારી




અધિકારીના જણાવ્યા અનુસાર બ્રિટનની મંજૂરીના પગલે ડ્રગ્સ કન્ટ્રોલર ઓફ ઈન્ડિયાની સબ્જેક્ટ એક્સ્પર્ટ કમિટીની બેઠક બુધવારે યોજાઈ હતી. કમિટીએ ઓક્સફર્ડની કોરોના વેક્સિનના ભારતમાં ઈમર્જન્સી ઉપયોગ માટે સીરમ ઈન્સ્ટિટયૂટ દ્વારા મંગાયેલી મંજૂરીની અરજી પર વિચારણા કરી હતી. સૂત્રોના મતે બુધવારની બેઠકમાં આ અંગે નિર્ણય લેવાયો નહોતો, હવે પહેલી જાન્યુઆરીની બેઠકમાં મંજૂરી મળે તેવી શક્યતાઓ છે. સબ્જેક્ટ એક્સ્પર્ટ કમિટીએ બેઠક બાદ તેની ભલામણ ડ્રગ કન્ટ્રોલર ઓફ ઈન્ડિયાને મંજૂરી માટે મોકલી હતી. ભારતમાં વેક્સિનની મંજૂરી સાથે સંકળાયેલા એક વૈજ્ઞાનિકે જણાવ્યું હતું કે, કમિટી બ્રિટનમાં ઈમર્જન્સી ઉપયોગ માટે કોવિશિલ્ડને અપાયેલી મંજૂરીના આધાર પર ડેટાની સમીક્ષા કરશે. વધુમાં કોરોના વાયરસનો નવો સ્ટ્રેન મળી આવ્યાનાં કારણે બ્રિટન માટેની ફ્લાઈટ પર અચોક્કસ મુદત માટેનો પ્રતિબંધ વધુ સમય માટે લંબાવવા અંગે નાગરિક ઉડ્ડયન પ્રધાન હરદીપ સિંહ પુરીએ કહ્યું કે મને લાગે છે કે આ હંગામી પ્રતિબંધ હજું લાંબા સમય સુધી રહેશે. કોવિડ-૧૯ વેક્સિનનાં પરિવહનમાં એર ઈન્ડિયાનાં ડિસઈન્વેસ્ટમેન્ટ પર નાગરિક ઉડ્ડયન મંત્રાલયનાં સચિવ પ્રદિપસિંહ ખરોલાએ કહ્યું કે હજું સુંધી અમારી સમક્ષ ઘણા પ્રકારનાં પ્રસ્તાવોથી રૂચી દર્શાવવામાં આવી છે.

### વોશિંગ્ટન : ઓક્સફર્ડની વેક્સિનથી ૧૦૦ ટકા સુરક્ષા મળશે, નવા સ્ટ્રેનની સામે પણ અસરકારક

વોશિંગ્ટન : ઓક્સફર્ડ યુનિવર્સિટી અને અસ્ટ્રાજેનેકા દ્વારા વિકસિત કરવામાં આવેલી કોવિશીલ્ડ રસી કોરોના વાયરસનાં નવા સંક્રમણ માટે પણ અસરકારક છે, બ્રિટનનાં એક મિડિયા રિપોર્ટમાં આ કહેવામાં આવ્યું છે. કંપનીનાં સીઇઓ પાસ્કલ સોરિયોટે આ નિવેદન આપ્યું છે, તેમણે કહ્યું કે આ વેક્સિન ૧૦૦ ટકા સુરક્ષિત છે, સોરિયોટે તે પણ કહ્યું કે વેક્સિનને આ જ સપ્તાહે બ્રિટિશ આરોગ્ય નિયામક પાસે મંજુરી મળી છે, તેમણે આશા વ્યક્ત કરી કે આ વેક્સિન કોરોના વાયરસનાં આ નવા સંક્રામક સ્ટ્રેન વિરૂધ્ધ પણ અસરકારક સાબિત થશે. પાસ્કલે કહ્યું કે જ્યાં સુંધી એક તરફ ફાઇઝર-બાયોએનટેક વેક્સિન ૯૫ ટકા અને મોડર્નાં ૯૪.૫ ટકા અસરકારક છે, ત્યાં અમારી આ વેક્સિન ૧૦૦ ટકા ગંભીર રોગીઓની સુરક્ષા કરવામાં સક્ષમ થશે.

### જીનીવા : અંતિમ મહામારી નહીં હોય કોરોના વાઈરસ, દુનિયાએ તૈયાર રહેવું પડશે : ડબ્લ્યુએચઓ

જિનીવા : વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના પ્રમુખ ટેડ્રોસ અધનોમ ઘેબ્રેસિયસે રવિવારે કહ્યુ કે કોરોના વાઈરસ સંકટ અંતિમ મહામારી નથી અને માનવ સ્વાસ્થ્યમાં સુધારના પ્રયાસ, જલવાયુ પરિવર્તન અને પશુ કલ્યાણના પડકારોથી છુટકારો મેળવ્યા સિવાય તમામ પ્રયાસ બેકાર છે. ઘેબ્રેસિયસે રવિવારે પહેલા આંતરરાષ્ટ્રીય મહામારી તૈયારી દિવસના અવસરે એક વીડિયો સંદેશમાં મહામારી પર રૂપિયા ફેંકવા પરંતુ આગામી મહામારીથી છુટકારો મેળવવાની તૈયારી ન કરવા માટે દુનિયાભરના દેશોની ટીકા કરી. ડબ્લ્યુએચઓના ડાયરેક્ટરે કહ્યુ કે આ કોવિડ-૧૯ મહામારીથી શીખ શીખવાનો સમય છે. તેમણે કહ્યુ કે ઘણા લાંબા સમય માટે દુનિયાએ આતંક અને ઉપેક્ષાના એક ચક્ર પર કામ કર્યું છે.

### ટોકિયો : જાપાનમાં નવા સ્ટ્રેન બાદ વિદેશી નાગરિકોના પ્રવેશ પર અસ્થાયી પ્રતિબંધ લાદી દેવાયો

બ્રિટનમાં કોરોના વાઈરસની નવી સ્ટ્રેન સામે આવ્યા બાદ દુનિયાના દરેક દેશો આ ખતરનાક વાઈરસના સંક્રમણથી બચવા માટે બ્રિટનથી આવતી ફ્લાટ્સ પર પ્રતિબંધ લગાવી દીધો છે. આ ક્રમમાં જાપાનની સરકાર પણ સાવચેતીના ભાગરૂપે પોતાના દેશમાં વિદેશી નાગરિકોના પ્રવેશ પર અસ્થાયી પ્રતિબંધ લગાવવાની જાહેરાત કરી છે. કોરોના વાઈરસના નવા રૂપ વિશે એવું કહેવામાં આવે છે કે આ વધારે સંક્રામક છે. વિદેશ મંત્રાલયે શનિવારે એક નિવેદનમાં જણાવ્યું કે આ પ્રતિબંધ સોમવારથી લાગૂ થશે અને હાલ આ ૩૧ જાન્યુઆરી સુધી અમલી રહેશે. જાપાને ગત સપ્તાહે બ્રિટન અને દક્ષિણ આફ્રિકાથી આવનારા તે લોકોના પ્રવેશ પર પ્રતિબંધ લગાવી દીધો હતો જે જાપાનના રહેવાસી નથી.

### યુકેમાં વૈજ્ઞાનિકોએ લોકડાઉન મુકવા માગણી કરી

બ્રિટનમાં ગંભીર થઈ રહેલી કોરોનાના સંક્રમણની સ્થિતિને પગલે યુકેના વૈજ્ઞાનિકોએ સરકાર સમક્ષ માંગણી કરી છે કે દેશમાં લોકડાઉન લાગુ કરવું જોઈએ. દરમિયાન ફ્રાન્સમાં વેક્સિનેશનનો આરંભ થયો હતો. રવિવારે ફાઇઝર અને બાયોએનટેક દ્વારા ડેવલપ કોવિડ વેક્સિનનો પ્રથમ ડોઝ ૭૮ વર્ષની વૃદ્ધાને આપવામાં આવ્યો હતો.

## બેલ્જિયમમાં કોરોના સંક્રમિત સાંતાક્લોઝને કારણે ૧૫૭ લોકો થયા બિમાર, ૧૮ના મોત

બ્રસેલ્સ : ક્રિસમસમા સાંતા ક્લોઝ ખુશી અને ગિફ્ટ લઈને આવે છે, પરંતુ બેલ્જિયમના એક કેર હોમમા કોરોના સંક્રમિત સાંતા ક્લોઝના કારણે ત્યાં રહેતા ૧૨૧ લોકો અને સ્ટાફના ૩૬ વ્યક્તિ કોરોના સંક્રમિત થઈ ગયા. ત્યારબાદ સંક્રમિત થનાર લોકોમાંથી ૧૮ના મોત નીપજ્યા. એક રિપોર્ટ અનુસાર, બે અઠવાડિયા પહેલા સાંતા ક્લોઝ પોતાના કર્મીઓની સાથે બેલ્જિયમના એન્ટવર્પના કેર હોમમા ગયા હતા. ત્યારબાદ કોરોનાના કેસો વધતા આ સાંતા ક્લોઝને જ સુપર સ્પ્રેડર કરાર આપવામા આવ્યા છે. ૨૪ અને ૨૫ ડિસેમ્બરના રોજ કેર હોમમા ૫ લોકોના મૃત્યુ થયા, જ્યારે અન્ય એક વ્યક્તિને ઓક્સિજન પર રાખવામા આવ્યા છે. કેર હોમમાં આવ્યાના ત્રણ દિવસ બાદ સાંતા ક્લોઝ પોતે કોરોના પોઝીટીવ થઈ ગયા હતા.

સ્થાનિક મેયરે કહ્યુ કે, કેર હોમ માટે આ એક કાળો દિવસ છે. તેમણે કહ્યુ કે, આગામી ૧૦ દિવસ મુશ્કેલભર્યા રહેશે. સાંતા ક્લોઝે કેર હોમ જવા દરમિયાન નિયમોનુ પાલન કર્યુ હતુ, પરંતુ ત્યારબાદ તેમના ફોટોના આધારે જાણકારી મળી કે નિયમોનુ પાલન કર્યુ નથી. જો કે, બેલ્જિયમના એક પ્રમુખ વાયરોવોજિસ્ટએ કહ્યુ કે, તેમને શંકા છે કે સાંતા ક્લોઝના કારણે જ મોટા પ્રમાણમા લોકો સંક્રમિત થયા છે.

### વુહાનની સ્થિતિનો ચિતાર આપનાર મહિલા પત્રકારને કેદ

વુહાનથી કોરોના વાઇરસનો રોગચાળો ફાટી નીકળ્યો હોવાનો અહેવાલ આપનાર એક મહિલા જર્નાલિસ્ટને એક ચાઇનીઝ કોર્ટ દ્વારા ચાર વર્ષની સજા ફટકારવામાં આવી છે. ૩૭ વર્ષની ઝાંગ ઝાન એવા કેટલાક લોકોમાની એક હતી જેમણે પોતાના અહેવાલમાં જણાવ્યું હતું કે સત્તાવાર આંકડાની સરખામણીએ ખરેખર પરિસ્થિતિ ઘણી વિકરાળ હતી.

## સાત દેશોમાં ૩૫ લાખ ડોઝ અપાયા, સૌથી મોટી રસીકરણ કાર્યક્રમ શરૂ

બોસ્ટન/લંડન : મોરેડ્નાની રસી લીધા પછી અમેરિકી શહેર બોસ્ટનના ડૉક્ટરને રિએક્શન આવ્યું હતું. ડૉ. હુસૈન સાદરાઝદેહે રસી લીધી એ પછી તુરંત તેમના હૃદયના ધબાકારા વધી ગયા હતા. ડૉ. હુસૈન પોતે બોસ્ટન મેડિકલ કોલેજ સાથે સંકળાયેલા છે. જોકે રિએક્શનનું કારણ રસીની ખામી નહીં પરંતુ તેમની પોતાની એલર્જી હતી. તબીબી નિષ્ણાતો અગાઉ વારંવાર ચેતવણી આપી ચૂક્યા છે કે જો અમુક પ્રકારની એલર્જી હોય તો રસીનું રિએક્શન આવી શકે છે.

### વિશ્વભરમાં લાખો દર્દીઓને રસી અપાઈ, તેમાંથી રિએક્શનના માંડ દસેક કિસ્સા નોંધાયા

આખા જગતમાં ઈતિહાસનો સૌથી મોટો રસીકરણ કાર્યક્રમ આરંભાઈ ગયો છે. બ્લૂમબર્ગની ગણતરી પ્રમાણે ૨૬ તારીખ સુધીમાં સાત દેશોએ ૩૫ લાખ ડોઝ રસી આપી દીધી હતી. આ દેશોમાં અમેરિકા, ચીન, યુ.કે., ઈંગ્લેન્ડ, રશિયા, ઈઝરાયેલ અને કેનેડાનો સમાવેશ થાય છે. અમેરિકામાં સવા બાર લાખ ડોઝ અપાયા છે. અમેરિકાએ ફાઈઝયર બાયોએનટેક અને મોડેર્ના એમ બે રસીને મંજૂરી આપી છે. મોડેર્ના અમેરિકાએ મંજૂરી આપ્યા પછી આ રસીના રિએક્શનનો આ પ્રથમ કિસ્સો છે. કોરોનાની દસેક રસીઓ પૈકી અડધો ડઝન જેટલી રસીઓ વિવિધ દેશમાં વપરાતી થઈ છે. તેમાં આવા એકલ-દોલક રિએક્શનના કેસ નોંધાઈ રહ્યા છે. બ્રાઉન યુનિવર્સિટી સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થના ડીન ડૉ. આશિષ ઝાએ જણાવ્યુ હતુ કે આખા જગતમાં રસીના લાખો ડોઝ અપાયા છે.

## ચીનમાં કોરોનાના સાચા આંકડા દસ ગણા, જ્યારે રશિયામાં ૩ ગણા વધારે

વુહાન : ચીન અને રશિયાએ આજે કોરોના મહામારીમાં થયેલી ખુવારી અનેકઘણી વધારે હોવાની કબૂલાત કરી હતી. જ્યાંથી કોરોના ફેલાયો તે વુહાન શહેરમાં એપ્રિલ મહિનામાં કરવામાં આવેલા સેરોલોજિકલ સર્વે અનુસાર શહેરમાં કોરોના મહામારી સત્તાવાર અંદાજ કરતાં અનેકગણી વધારે ખરાબ જણાઈ હતી.

### ચીને વુહાનમાં ઇમરજન્સી રસીકરણ શરૂ કર્યું, યુકેમાં કોરોનાના દર્દીઓથી હોસ્પિટલો ફરી ઉભરાઈ

તાજેતરમાં જાહેર કરવામાં આવેલા આ સર્વેના પરિણામો સૂચવે છે કે ૧૧ મિલિયનની વસ્તી ધરાવતાં આ શહેરમાં ૪.૪ ટકા લોકોમાં એન્ટીબોડીઝ વિકસી ચૂક્યા હતા. જેના આધારે અનુમાન લગાવી શકાય કે આરોગ્ય અધિકારીઓએ જણાવ્યા કરતાં દસ ગણો વધારે કોરોનાનો ચેપ ફેલાયો હતો. ચીનના કોરોના મહામારીનો અંકુશમાં લેવાના પ્રયાસોની દુનિયાભરમાં ટીકા થઈ ત્યારે ચીને આક્રમક વલણ અપનાવ્યું હતું. બીજી તરફ ચીને સત્તાવાર રીતે કોઈ રસીને મંજૂર ન કરી હોવા છતાં વુહાન શહેરમાં ઈમરજન્સી રસીકરણ શરૂ કરવામાં આવ્યું છે. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને રશિયાએ કોરોના મહામારીને ખાળવામાં પશ્ચિમિ દેશો કરતાં બહેતર કામગીરી બજાવી હોવાની શેખી મારી હતી પણ કેટલાક રશિયન નિષ્ણાતો પહેલેથી જ સરકાર કોરોના મહામારી મામલે ઢાંકપિછોડો કરી રહી હોવાનું જણાવ્યું હતું.



## આઈસીસીની દશકાની શ્રેષ્ઠ ટીમ જાહેરઃ સ્ટિવ સ્મિથ, રાશિદ ખાન અને એલિસ પેરી પણ સન્માનિત

# કોહલી દશકાનો સર્વશ્રેષ્ઠ વન-ડે ક્રિકેટર

દુબઈઃ ભારતીય સુકાની વિરાટ કોહલીને આઈસીસીએ દશકાના સર્વશ્રેષ્ઠ મેન્સ ક્રિકેટર તથા દશકાના સર્વશ્રેષ્ઠ વન-ડે મેન્સ ક્રિકેટર તરીકે પસંદ કર્યો છે. આઈસીસીએ ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ બેટ્સમેન સ્ટિવ સ્મિથને દશકાના સર્વશ્રેષ્ઠ ટેસ્ટ મેન્સ ક્રિકેટર તથા અફઘાનિસ્તાનના લેગ સ્પિનર રાશિદ ખાનને દશકાના સર્વશ્રોષ્ઠ ટીર૦ મેન્સ ક્રિકેટર તરીકે પસંદ કર્યા છે. ભારતના ભૂતપૂર્વ તથા વર્લ્ડ કપ વિજેતા સુકાની મહેન્દ્રસિંહ ધોનીને એક વિશેષ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યો છે. તેને દશકાના ખેલભાવના પુરસ્કાર માટે પસંદ કરાયો છે. કોહલીએ



છેલ્લા ૧૦ વર્ષમાં ટેસ્ટ, વન-ડે તથા ટીર૦માં કુલ ૫૬.૯૭ની સરેરાશથી ૨૦,૩૯૬ રન બનાવ્યા છે.

ઓસ્ટ્રેલિયાના સ્ટિવ સ્મિથે છેલ્લા ૧૦ વર્ષમાં ૬૫.૭૯ની સરેરાથી ટેસ્ટ ક્રિકેટમાં ૭૦૪૦ રન બનાવ્યા હતા. તેણે ૨૬ સદી તથા ૨૮ અડધી સદી નોંધાવી હતી. તેને ટેસ્ટના બેસ્ટ ખેલાડી તરીકે પસંદ કરાયો છે. અફઘાન સ્પિનર રાશિદે છેલ્લા ૧૦ વર્ષમાં ટીર૦ ફોર્મેટમાં સર્વાધિક ૮૯ વિકેટ ઝડપી છે. તેની સરેરાશ ૧૨.૬૨ની રહી છે અને તેણે ત્રણ વખત ટીર૦માં ચાર વિકેટ તથા બે વખત પાંચ વિકેટ ઝડપવાની સિદ્ધિ મેળવી છે.

ક્રિકેટના મેદાનમાં ધોની હંમેશાં શાંત રહેવા માટે જાણીતો છે. આઈસીસીએ તેને ૨૦૧૧માં ઈંગ્લેન્ડ સામે રમાયેલી ટેસ્ટ મેચ દરમિયાન બનેલી ઘટનાના આધારે દશકાનો બેસ્ટ સ્પિરિટ ઓફ ધ ક્રિકેટ એવોર્ડ આપવામાં આવ્યો છે.

ઓસ્ટ્રેલિયન મહિલા ઓલરાઉન્ડર એલિસ પેરીને પણ દશકાની બેસ્ટ મહિલા ખેલાડી તરીકે પસંદ કરાઈ છે. તેને દશકાની બેસ્ટ મહિલા ટીર૦ તથા વન-ડે ખેલાડી તરીકે પણ પસંદ કરવામાં આવી છે. પેરીએ ૨૦૧૧થી ૨૦૨૦ની વચ્ચે વન-ડે અને ટીર૦ ઈન્ટરનેશનલમાં કુલ ૪૩૪૯ રન બનાવ્યા હતા. આ બંને ફોર્મેટમાં તેણે કુલ ૨૧૩ વિકેટ પણ હાંસલ કરી હતી.

## ભારે રસાકસી બાદ પાક. સામે ન્યૂઝીલેન્ડનો રોમાંચક વિજય

માઉન્ટ મોનંગાનુઈઃ ન્યૂઝીલેન્ડે પાકિસ્તાન સામેની પ્રથમ ટેસ્ટ મેચમાં પાંચમા દિવસે ભારે રસાકસી બાદ ૧૦૧ રનથી રોમાંચક વિજય મેળવ્યો હતો. એકસમયે ફવાદ આલમ અને મોહમ્મદ રિઝવાન ક્રિઝ પર ઊભા હતા ત્યારે લાગતું હતું કે મેચ ડ્રોમાં ખેંચી જવામાં પાકિસ્તાન સફળ થશે. યજમાન ટીમે આ સિઝનમાં સ્થાનિક ટેસ્ટ મેચોમાં જીતની હેટ્રિક લગાવી છે અને બે મેચની સિરીઝમાં હવે ૧-૦ની લીડ પણ મેળવી લીધી છે. આ વિજય સાથે ન્યૂઝીલેન્ડની ટીમ ટેસ્ટ રેન્કિંગમાં નંબર વનનાં સ્થાન માટે પ્રબળ દાવેદાર પણ થઈ ગઈ છે. જો કે આ મેચમાં પાકિસ્તાને ન્યૂઝીલેન્ડને જોરદાર ટક્કર આપી હતી અને આ સિઝનમાં સૌપ્રથમવાર એવું બન્યું છે કે ન્યૂઝીલેન્ડની કોઈ ટેસ્ટ પાંચમા દિવસ સુધી ખેંચાઈ હોય.

પાકિસ્તાનની ટીમને બીજી ઈનિંગમાં જીત માટે ૩૭૩ રનનું લક્ષ મળ્યું હતું અને ચોથા દિવસે ૭૧ રન પર પહેલી ત્રણ વિકેટ ગુમાવનાર પ્રવાસી ટીમ છેલ્લા દિવસે ૨૭૧ રન પર ઓલઆઉટ થઈ ગઈ હતી. આ અગાઉ પ્રથમ ઈનિંગમાં પાકિસ્તાનને ૨૩૯ રનમાં આઉટ કરીને ન્યૂઝીલેન્ડે ૧૯૨ રનની લીડ મેળવી હતી. છેલ્લા દિવસે સવારે ટ્રેન્ટ બોલ્ટે દિવસના ત્રીજા જ બોલ પર અઝહર અલીને ૩૮ રન પર આઉટ કરી દીધો હતો.

# બોક્સિંગ-ડે ટેસ્ટ : ઓસી.ને આઠ વિકેટે હરાવી ભારતે શ્રેણી ૧-૧થી સરભર કરી

## મેલબોર્નમાં બુમરાહનું સર્વશ્રેષ્ઠ બોલિંગ પ્રદર્શન, 33 રન આપીને છ વિકેટ લીધી

મેલબોર્ન : ભારતીય ટીમે ઓલરાઉન્ડ પ્રદર્શન કરીને ઓસ્ટ્રેલિયાને મેલબોર્ન ખાતે રમાયેલી બોક્સિંગ-ડે ટેસ્ટમાં આઠ વિકેટે કારમો પરાજય આપીને ચાર ટેસ્ટ મેચની શ્રોણીને ૧-૧થી સરભર કરી દીધી હતી. ભારતીય ટીમ છેલ્લા છ વર્ષમાં ઓસ્ટ્રેલિયા સામે બોક્સિંગ-ડે ટેસ્ટ મેચમાં હારી નથી. છેલ્લે ૨૦૧૮ના ડિસેમ્બરની મેલબોર્ન ટેસ્ટમાં ભારતે ઓસ્ટ્રેલિયાને ૧૩૭ રનથી પરાજય આપ્યો હતો. આ પહેલાં ૨૦૧૪ના ડિસેમ્બરમાં રમાયેલી બોક્સિંગ-ડે ટેસ્ટ ડ્રો રહી હતી. મેચમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરનાર ઓસ્ટ્રેલિયન ટીમે ૧૯૫ રન બનાવ્યા હતા. ત્યારબાદ ભારતે ૩૨૬ રન બનાવીને ૧૩૧ રનની સરસાઈ મેળવી હતી. ઓસ્ટ્રેલિયાએ બીજા દાવમાં ૧૦૩.૧ ઓવરમાં ૧.૯૪ના રનરેટથી ૨૦૦ રન બનાવ્યા હતા અને ભારતને ૭૦ રનનો ટાર્ગેટ મળ્યો હતો. જે ભારતે બે વિકેટના ભોગે હાંસલ કરી લીધો હતો. રહાણેને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. ૧૯૭૮ બાદ ઓસ્ટ્રેલિયાએ પોતાના હોમગ્રાઉન્ડમાં ૮૦ કરતાં વધારે ઓવર રમી હોય પરંતુ તેનો રનરેટ આટલો લોએસ્ટ રહ્યો હોય તેવું પ્રથમ વખત બન્યું છે.

ભારતીય પેસ બોલર જસપ્રીત બુમરાહે બોક્સિંગ-ડે ટેસ્ટમાં ૩૩ રન આપીને કુલ છ વિકેટ હાંસલ કરી હતી. મેલબોર્નમાં ગ્રાઉન્ડમાં આ તેનું અત્યાર સુધીનું સર્વશ્રોષ્ઠ પ્રદર્શન રહ્યું હતું. આ પહેલાં બુમરાહે એમસીજી ખાતે ૫૩ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી. બુમરાહે મેલબોર્નમાં કુલ સાત ટેસ્ટ મેચ રમી છે અને તેણે ૧૩.૦૬ની સરેરાશથી ૧૫ વિકેટ હાંસલ કરી હતી.



### રોહિત શર્મા ટીમ સાથે જોડાયો

નવીદિલ્હી : મેલબોર્ન બીજી ટેસ્ટમાં ભારતે ઓસ્ટ્રેલિયા સામે જ્વલંત વિજય મેળવતા હવે પલ્લુ ૧–૧થી બરાબર પર છે. ત્રીજી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયન ટીમમાં ઓપનર વોર્નર સામેલ થતાં યજમાન ટીમની મજબૂતાઈ વધશે તો સામે ભારત તરફથી પણ રોહિત શર્માની એન્ટ્રીથી ટીમનું બળ વધશે. જો કે રોહિત શર્માના ટીમ પ્રવેશ અંગે કોચ રવિ શાસ્રીએ જણાવ્યું હતું કે રોહિત શર્મા બુધવારથી ટીમ સાથે જોડાઈ ગયો છે ત્યારે હવે જોવાનું રહેશે કે તે શારીરિક રૂપથી કેવો છે. ક્વોરન્ટાઇન બાદ તે કેવું ફીલ કરે છે. આ બધુ જોવાયા બાદ કોઈ નિર્ણય કરવામાં આવશે.

### સ્લો ઓવર રેટ માટે ઓસી. ટીમને ૪૦ ટકા મેચ ફીનો દંડ, ચાર WTC પોઇન્ટ કપાયા

મેલબોર્નઃ ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમને ભારત સામે મંગળવારે સમાપ્ત થયેલી બીજી ટેસ્ટ મેચમાં સ્લો ઓવર રેટના કારણે ૪૦ ટકા મેચ ફીનો દંડ ફટકારવામાં આવ્યો છે અને આ સાથે આઇસીસીની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ચાર પોઇન્ટ પણ કાપી લેવામાં આવ્યા છે. આઇસીસી મેચ રેફરી ડેવિડ બૂને ઓસ્ટ્રેલિયન ટીમે નિર્ધારિત સમયમમાં બે ઓછી ઓવર ફેંકવાના કારણે દંડ ફટકાર્યો છે. ટિમ પેઇનેનની ટીમને આ સજા કરવામાં આવી હતી.

## બાંગ્લાદેશના પ્રવાસ માટે વિન્ડીઝની ટીમ જાહેર : સ્ટાર ખેલાડીઓ બાકાત

નવી દિલ્હીઃ વેસ્ટ ઈન્ડિઝની ટીમ આગામી મહિને ત્રણ વન-ડે અને બે ટેસ્ટ મેચ રમવા માટે બાંગ્લાદેશના પ્રવાસે જઈ રહી છે. કેરેબિયન ટીમનો આ પ્રવાસ ૨૦ જાન્યુઆરીથી વન-ડે સિરીઝ સાથે શરૂ થશે જે ફેબ્રુઆરી સુધી ચાલશે. ટીમ ૧૦ જાન્યુઆરીએ બાંગ્લાદેશ પહોંચશે. આ પ્રવાસ માટે વેસ્ટ ઈન્ડિઝે ટીમની જાહેરાત કરી છે. જો કે આ ટીમમાં જેસન હોલ્ડર, કાયરન પોલાર્ડ, ડેરેન બ્રેવો, શેલ્ડન કોટરેલ જેવા સ્ટાર ખેલાડી નજર નહીં આવે. વેસ્ટ ઈન્ડિઝના કુલ ૧૨ ખેલાડીઓએ વ્યક્તિગત કારણોસર આ પ્રવાસ માટે ઉપલબ્ધ ના હોવાનું જણાવ્યું છે.

**વેસ્ટ ઇન્ડિઝ ટેસ્ટ ટીમઃ** ક્રેગ બ્રેથવટ, જેર્મેન બ્લેકવૂડ, બોનર, જોન કેમ્પબેલ, રહકીમ કોર્નવાલ, જોશુઆ ડી સિલ્વા, શેનોન ગેબિયલ, કેવેમ હોગ, બલ્જારી જોસેફ, ફાઈલ મેયર, શાઈની મોસેલ, પરમોલ, કેમાર રોચ, રેમન રિફર અને જોમેલ વારિકોન

**વેસ્ટ ઇન્ડિઝ વન-ડે ટીમ :** જેસન મોહમ્મદ, સુનીલ એમ્બ્રિસ, બોનર, જોશુઆ ડી સિલ્વા, જેહમર હેમિલ્ટન, કેમાર હોલ્ડર, અકીલ હોસૈન, અલ્જારી જોસેફ, ફાઈલ મેયર, આંદ્રે મેકાર્થી, કઝર્ન ઓટલે, રોમન પોવેલ, રેમન રેફર, રોમારિયો શેફર્ડ, હેડન વાલ્શ જુનિયર



## મેસ્સીને પછાડી રોનાલ્ડો પ્લેયર ઓફ ધ સેન્ચ્યુરી બન્યો

### લેવાન્ડોવસ્કીને પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ

દુબઇઃ પોર્ટુગલ તથા જુવેન્ટ્સના સ્ટાર સ્ટ્રાઇકર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોને ગ્લોબ સોકર એવોર્ડ્સમાં પ્લેયર ઓફ ધ સેન્ચ્યુરીથી સન્માનિત કરવામાં આવ્યો છે. તેણે ૨૦૦૧થી ૨૦૨૦ સુધી લીગ અને ઇન્ટરનેશનલ ફૂટબોલમાં કરેલા શાનદાર પ્રદર્શનના કારણે તેને આ એવોર્ડનું સન્માન મળ્યું છે. તેણે આર્જેન્ટિનાના સ્ટાર લાયોનલ મેસ્સીને પાછળ રાખી દીધો હતો. બાયર્ન મ્યૂનિચના રોબર્ટો લેવાન્ડોવસ્કીને પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ અપાયો હતો. દુબઇમાં યોજાયેલી એવોર્ડ સેરેમનીમાં પાંચ વખતના બેલોન ડી ઑર વિજેતા રોનાલ્ડોએ ચાલુ વર્ષે આ બીજો એવોર્ડ જીત્યો છે. આ પહેલાં ડિસેમ્બરમાં જ તેને ગોલ્ડન ફૂટનો એવોર્ડ મળ્યો હતો. ગોલ્ડન ફૂટ એવોર્ડ કોઈ ૨૮ વર્ષ કે તેનાથી વધારે વયના ખેલાડીઓને તેમની કારકિર્દીમાં માત્ર એક જ વખત આપવામાં આવે છે. માન્ચેસ્ટર સિટીના કોચ પેપ ગાર્ડિયોલાને કોચ ઓફ ધ સેન્ચ્યુરીના એવોર્ડથી સન્માનિત કરાયા હતા. ગાર્ડિયોલા અગાઉ માન્ચેસ્ટર સિટી પહેલાં બાર્સેલોના તથા બાયર્ન મ્યૂનિચના પણ કોચ રહી ચૂક્યા છે. ૨૦૨૦ના સિઝનમાં ફીફા બેસ્ટ પ્લેયરને એવોર્ડ હાંસલ કરી ચૂકેલા લેવાન્ડોવસ્કીએ મેસ્સી અને રોનાલ્ડોને પાછળ રાખીને ગ્લોબ સોકર પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ જીત્યો હતો.

## સાઉથ આફ્રિકાએ શ્રીલંકાને એક ઈનિંગ્સ અને ૪૫ રનથી હરાવ્યું



સેન્ચ્યુરિયનઃ યજમાન સાઉથ આફ્રિકાએ ઈજાઓથી ખોડંગાયેલી શ્રીલંકન ટીમને પ્રથમ ટેસ્ટ મેચમાં મંગળવારે એક ઈનિંગ્સ અને ૪૫ રનના માર્જિનથી હરાવીને બે મેચની શ્રોણીમાં ૧-૦ની લીડ મેળવી હતી. શ્રીલંકાના પાંચ ખેલાડીઓ ઈજાગ્રસ્ત છે જેમાંથી ધનંજય ડી સિલ્વા બીજા દાવમાં બેટિંગમાં પણ આવ્યો નહોતો. ચોથા દિવસે શ્રીલંકાનો બીજો દાવ લંચ બાદ ૧૮૦ રનના સ્કોરે સમેટાઈ ગયો હતો. આ મેચ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો હિસ્સો છે અને સાઉથ આફ્રિકાને વિજયના કારણે ૬૦ પોઈન્ટ મળ્યા છે.

શ્રીલંકાએ પ્રથમ દાવમાં ૩૯૬ રનનો સંગીન સ્કોર નોંધાવ્યો હતો. જેના જવાબમાં સાઉથ આફ્રિકાએ ડુ પ્લેસિસના ૧૯૯ રનની મદદથી ૬૨૧ રનનો જંગી સ્કોર ખડક્યો હતો.

# બાઈડેનની જીતને પલટાવવાનો પ્રયાસ, ઉપરાષ્ટ્રપતિની ભૂમિકા ગેરબંધારણીય

વોશિંગ્ટન : અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ બાઈડેનની જીતને હારમાં ઉલ્ટાવી નાંખવાના પ્રયાસોમાં રિપબ્લીકન પાર્ટી સાથે સંબધ ધરાવતા કેટલાક લોકોએ ઉપ રાષ્ટ્રપતિ માઈક પેન્સની વિરૂધ્ધ કેસ દાખલ કર્યા હતા. બાઈડેનની જીતને જાહેર કરવા સંસદની છ જાન્યુઆરીની સુચિત બેઠકમાં પેન્સની ભૂમિકા અંગે અરજીઓ કરાઈ હતી. ટેક્સાસના આઠ વખતના સાંસદ લુઈ ગોહર્ટ અને એરિઝોના નિવાસી ૧૧ લોકોએ કેસ દાખલ કર્યો હતો.આમાં ૧૧ લોકોને પ્રાંતિય રિપબ્લીકન પાર્ટીએ ઈલેક્ટ્રોલ મનોનીત કર્યા હતા.

અરજીમાં ૧૮૮૭ ઈલેક્ટ્રોલ કાઉન્ટ એક્ટને પડકારવામાં આવ્યો હતો. આ કાયદો પરિણામની ઔપચારિક જાહેરાત કરવામાં ઉપરાષ્ટ્રપતિની ભૂમિકા નિર્ધારિત કરે છે. ઉપ રાષ્ટ્રપતિ તરીકે પેન્સ વિરૂધ્ધ કરવામાં આવેલો કેસ ટેક્સાસના એક ફેડરલ ન્યાયધિશને કાનુની રીતે ગેરબંધારણ જાહેર કરવાની માગ કરાઈ હતી.જો કે ચૂંટણીમા નિષ્ણાંતોના મતે આ કેસમાં કોઈ જ દમ નથી. કોર્ટમાં આ કેસ ટકશે નહીં. કેસમાં પેન્સને એ અધિકાર આપવાની માગ કરાઈ હતી કે જ્યાં કટોકટની લડાઈ થઈ હતી ત્યાં ટ્રમ્પની હારને પલટાવી શકે. ચૂંટણીના વિશેષજ્ઞાો માને છે કે કેસમાં જરાય દમ નથી. કોઈ પણ કોર્ટમાં આ કેસ ટકી શકશે નહીં. ઉપ રાષટ્રપતિ પાસે એ સત્તા જ નથી કે તેઓ પ્રાંતના મતોની ગણતરી કરે.ઓહાયા યુનિ.ના પ્રોફેસર એડવર્ડ ફોલીએ ક્હયું હતું કે કેટલાક લોકો માને છે કે પેન્સ પાસે એ સત્તા છે કે ક્યાં પ્રાંતના મત ગણે અને ક્યા પ્રાંતના મત ના ગણે.જો કે હવે તો સંયુક્ત સંસદમાં બાઈડેન અને ટ્રમ્પના મતોને અંતિમ રીતે ગણાશે.

# લાંચના કેસમાં સેમસંગના વડા લીને નવ વર્ષની સજાની માગ

સિઓલ : લાંચ કેસની ફરીથી શરૂ થયેલી ટ્રાયલ દરમિયાન સેમ્સંગના કથિત વડા લી જાઈ યોંગને નવ વર્ષની સજા કરવાની દક્ષિણ કોરિયાના ફરીયાદ પક્ષે માગ કરી હતી. આ કેસ ૨૦૧૬ના લાંચ કૌભાંડમાં એક ખુબ મહત્ત્વની કડી છે જેના કારણે મહિનાઓ સુધી લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને પ્રમુખને સત્તા છોડવી પડી હતી.

સેમ્સંગ ઈલેક્ટ્રોનિક્સના ચેરમેન લી કુન-હી વર્ષો સુધી હોસ્પિટલમાં રહ્યા પછી ૭૮ વર્ષની વયે ઓકટોબરમાં ગુજરી જતાં સેમ્સંગની સત્તા પરિવર્તન કરવા લી ને જોરદાર દબાણનો સામનો કરવો પડે છે. ખાસ સરકારી વકીલ પાર્ક યંગ સુએ સિઓલ હાઈ કોર્ટમાં લીને જેલ મોકલવાની માગ કરી હતી.તેમણે કહ્યું હતું કે ૨૦૧૬ કૌભાંડના સંદર્ભમાં અન્ય વેપાર કરતાં સેમ્સંગે વધુ લાભ લીધો હતો. દક્ષિણ કોરિયાની સૌથી મોટી કંપની સેમ્સંગે દેશમાંથી ભ્રષ્ટાચાર દૂર કરવા એક ઉદાહરણ પુરૂં પાડવું જોઈએ. સેમ્સગ પર કબજો કરવા પોતાના દાવાને ટેકો આપવા સરકારની મદદ લેવા સેમ્સગ ઈલટ્રોનિકના ચેરમેન ૫૨ વર્ષના લીને પૂર્વ પ્રમુખ પાર્ક ગુએન હાયને અને તેમના એક સાથીને ૨૦૧૭માં ૭૦ લાખ ડોલરની ઓફર કરવા બદલ પાંચ વર્ષની સજા કરવામાં આવી હતી.

# યુરોપિયન સંઘ સાથેના બ્રેક્ઝિટ કરારને યુકેના સાંસદોની મંજૂરી

**• સંસદના બંને ગૃહમાં પસાર કરાયા પછી અંતિમ સ્વીકૃત્તિ માટે બિલને રાણી એલિઝાબેથને મોકલાશે**

લંડન : બ્રિટનની સંસદના સભ્યોએ બુધવારે ૫૨૧ વિરૂધ્ધ ૭૩ મતે બ્રેક્ઝિટની તરફેણમાં મત આપ્યા હતા. બ્રિટનના વડા પ્રધાન બોરિસ જોન્સને નાતાલની રજાઓ હોવા છતાં યુરોપીયન સંઘ સાથેના બ્રેક્ઝિટ મૂક્ત વેપાર કરારને બિલને બહાલી આપવા સંસદનુંસત્ર બોલાવ્યું હતું. તેમણે પહેલી જાન્યુઆરી એ ડેડલાઈન પુરી થાય તેની પહેલાં (ઈયુ ફયુચર રિલેશનશીપ બિલ)ને તમામ સંસદીય તબક્કે મંજૂરી આપતા હવે તે કાયદો બની જશે. ગયા સપ્તાહે છેલ્લી મિનિટે ઈયુ સાથે કરાયેલો કરાર પછી ૮૦ પાનાના બિલને ૩૧ ડિસેમ્બર પહેલાં ફાઈનલ કર્યુ હતું. જોન્સને તમામ સાંસદોને આ ઐતિહસિક બિલને મંજૂરી આપવા વિનંતી કરી હતી જેના અંગે તેમણે કહ્યું હતું કે આ કંઈ ભંગાણ નથી, બલકે યુરોપીયન પાડોશીઓ સાથેયુકેના સબંધોનો એક ઠરાવ છે.સાંસદોએ આમ સભામાં તેની ખુબ ચર્ચા કરી હતી અને ત્યાર પછી ઉમરાવ સભામાં તેની ચર્ચા થઈ હતી. આ બિલને બહાલી મળી ગયા પછી અંતિમ સ્વીકૃત્તિ માટે તેને બ્રિટનનના રાણી એલીઝાબેથને મોકલવામાં આવશે.

# અમેરિકાના ઈલીનોઈસમાં બંદુકધારીનો બેફામ ગોળીબાર : ૩નાં મોત, ૩ ઘાયલ

**• બોલિંગ એલીમાં ઘૂસીને આડેધડ ગોળીબાર કર્યો, માર્યા ગયેલાઓમાં બે તરૂણોનો સમાવેશ**



રોકફોર્ડ : ઈલિનોઈસના એક બોલીંગ એલીમાં ઘુસીને એક બંદુકધારીએ આડેધડ ગોળીબાર કરતા ત્રણ જણા માર્યા ગયા હતા અને અન્ય ત્રણને ઈજા થઈ હોવાનું સત્તાવાળાઓએ કહ્યું હતું. જો કે તેમણે આ હુમલાને હળવાશથી લઈ કહ્યું હતુ કે આ તો એક અડસટ્ટે કરાયેલો હુમલો હતો. ડોન કાર્ટર લેન્સ, રોકફોર્ડમાં શનિવારે ફાયરિંગ પછી ૩૭ વર્ષના એક શંકાસ્પદની ધરપકડ કરવામાં આવી હતી, એમ સોશિયલ મીડિયામાં રોકફોર્ડ પોલીસે કહ્યુ હતું. માર્યા ગયેલાઓમાં બે તરૂણ હતા, એમ પોલીસ વડાએ કહ્યુ હતું. તેમણે પકડાયેલા શખ્સ અને માર્યા ગયેલાઓની વધુ વિગતો આપી ન હતી.તેમણે આ ઘટનાને માત્ર મર્યાદિત ઘટના ગણાવી કહ્યુ હતુ કે ગોળીબાર કરનાર પર કોઈ પોલીસ અધિકારીએ ફાયરિંગ કર્યુ નહતું. રોકફોર્ડ શહેર શિકાગોથી ઉત્તરપશ્ચિમે ૧૩૦ કિમી દૂર આવેલું છે. મેયર ટોમ મેકનામારાએ એક અખબારી યાદી જારી કરી કહ્યું હતુ કે હું આ ઘટનાથી દુખી અને ગુસ્સો થયો હતો. એક છાપાએ લખ્યું હતુ કે વર્ષ ૨૦૨૦ આ શહેર માટે સૌથી વધારે ઘાતક રહ્યો હતો. ૧૯૬૫ પછીથી આ વર્ષમાં સૌથી વધુ હત્યાઓ થઈ હતી.

# ચીનની ૪ ટેકનોલોજી કંપનીને બે દિવસમાં અધધધ રૂપિયા ૧૫ લાખ કરોડનું નુકસાન

**• અલીબાબાના શેર એક જ દિવસમાં ૮ ટકા ઘટયો કંપનીને ત્રણ મહિનામાં ૨૦ લાખ કરોડનું નુકસાન**

બેઈજિંગ : ચીનમાં સરકાર ટેકનોલોજી અને ઈન્ટરનેટ કંપનીઓ પર નિયંત્રણો વધારી રહી છે. જેના કારણે અલીબાબાના માલિક જેક મા સહિત અનેક ટેક કંપનીઓ ખરાબ દિવસોમાંથી પસાર થઈ રહી છે.

ચીનની સરકારે જેક માના બિઝનેસ સામ્રાજય પર નિયંત્રણો વધારી દીધા છે. ચીનના માર્કેટ રેગ્યુલેટરે ઈ કોમર્સ ક્ષેત્રની દિગ્ગજ કંપની અલીબાબા ગ્રુપની વિરૂદ્ધ એકાધિકાર વિરોધી તપાસ (એન્ટીટ્રસ્ટ લો) શરૂ કરવાની જાહેરાત કરી છે. જેની અસર અલીબાબા સહિત અન્ય કંપનીઓ ઉપર પણ જોવા મળી છે. અન્ય ટેક કંપનીઓને પણ લાગે છે કે તેમની પણ એન્ટીટ્રસ્ટ લો હેઠળ તપાસ થઈ શકે છે. જેના કારણે ચીનની ટેકનોલોજી કંપનીઓને બે દિવસમાં લગભગ ૧૫ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. અલીબાબાના સ્ટોકમાં આજે ૮ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

આજે સતત બીજા દિવસે એન્ટીટ્રસ્ટ લોને કારણે અલીબાબાની સાથે તેમની હરીફ કંપની ટેનસેન્ટ હોલ્ડિંગ સહિતના કંપનીઓના શેરમાં જોરદાર વેચવાલી જોવા મળી હતી. ઓક્ટોબરથી લઈને અત્યાર સુધી ચીનના રેગ્યુલેટર્સા નિયંત્રણોને કારણે ૨૭૦ અબજ ડોલર એટલે કે ૨૦ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. બીજી તરફ આજે ટેનસેન્ટ અને મેઈટિયુઅન બંને કંપનીઓના શેરમાં ૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

# અમેરિકામાં ગાંધીજી-માર્ટિન લ્યુથરના સયુંક્ત અભ્યાસ માટે ફોરમની સ્થાપના

વોશિંગ્ટન : ગયા વર્ષે ટ્રમ્પે ફંડ મંજૂરી પર સહી ન કરતા અમેરિકી સરકારને અમુક દિવસ પુરતી શટડાઉન કરવી પડી હતી. એટલે કે અનિવાર્ય સિવાયના તમામ વિભાગો બંધ થયા હતા. આ વખતે પણ એવી સ્થિતિ આવતા આવતા રહી ગઈ હતી. કેમ કે કોરોના માટે મંજૂર થયેલા ૯૦૮ અબજ ડૉલરના પેકેજ પર સહી કરવા ટ્રમ્પ રાજી ન હતા. આ સહી કરવાની અંતિમ તારીખ શનિવાર હતી. અંતે સંસદના દબાણથી ટ્રમ્પે સહી કરી આપી હતી. આ ઉપરાંત ટ્રમ્પે 'ગાંધી-કિંગ સ્કોલરલી એક્સચેન્જ ઈનિશિયેટિવ' લૉ પર પણ સહી કરી હતી. આ ફોરમ દ્વારા બન્ને દેશના નેતાઓ ગાંધીજી અને માર્ટિન લ્યુથર કિંગ જુનિયરની પરંપરા-વારસાનો અભ્યાસ કરશે. એ માટે બન્ને દેશમાંથી વિદ્વાનો પસંદ થશે. અમેરિકામાં અશ્વેતોના રંગભેદ સામે લડનારા માર્ટિન લ્યુથર જુનિયર પર ગાંધીની ઊંડી અસર હતી. ટ્રમ્પે સહી કરેલા રાહત પેકેજ અંતર્ગત કોરોના બેકારોને દર અઠવાડિયે ૬૦૦ ડૉલરનું ભથ્થું મળનાર છે. જોકે ટ્રમ્પ ઈચ્છતા હતા કે દરેક બેકારને ૬૦૦ નહીં ૨ હજાર ડૉલરનું ભથ્થુ મળે. તેમના મતે ૬૦૦ ડૉલરની રકમ ઓછી હતી. માટે ટ્રમ્પ સહી ન કરવાની જિદ લઈને બેઠા હતા.

# અમેરિકામાં જો બાઈડનની ડિજિટલ ટીમમાં કાશ્મીરની આયશા શાહનો સમાવેશ

વોશિંગ્ટન : અમેરિકાના નવા વરાયેલા પ્રમુખ જો બાઈડનની ડિજિટલ ટીમમાં મૂળ કશ્મીરમાં જન્મેલી અને અમેરિકામાં ઊછરેલી આયેશા શાહનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આયેશાને ડિજિટલ વિભાગમાં સિનિયર પોસ્ટ પર લેવામાં આવી હોવાની જાહેરાત સોમવારે વ્હાઈટ હાઉસે કરી હતી.

લાઉઝિયાનામાં મોટી થયેલી આયેશા પ્રમુખપદની ચૂંટણી દરમિયાન જો બાઈડન-હેરીસની ટીમમા ંડિજિટલ પાર્ટનરશીપ મેનેજર તરીકે કામ કરી ચૂકી હતી. એટલે આ બંને નેતાઓ બાઈડન અને હેરીસ એની પ્રતિભાથી પરિચિત હતાં. આયેશા વ્હાઈટ હાઉસની ડિજિટલ સ્ટ્રેટેજી ટીમમાં કામ કરશે. આ ટીમના ડાયેરક્ટર રૉબ ફ્લેહ્ટ્રી છે. હાલ આયેશા સ્મિથસોનિયન સંસ્થામાં ડિજિટલ સ્પેશ્યલિસ્ટ તરીકે કામ કરે છે.

# યમનના પીએમ-મંત્રીઓના વિમાનને નિશાન બનાવી બ્લાસ્ટ, ૨૬ના મોત

**• ૭૦થી વધુ ઘાયલ : યમન પીએમ અને મંત્રીઓનો આબાદ બચાવ**

અદન : અરબ દેશ યમનમાં અદન એરપોર્ટ પર એક તિવ્ર વિસ્ફોટ થયો છે. જેને પગલે ૨૬ લોકો માર્યા ગયા છે. સાઉદી અરબથી આવેલી યમનની નવી સરકારનું વિમાન હજુ આ એરપોર્ટ પર ઉતર્યુ જ હતું ત્યાં આ વિસ્ફોટ થયો હતો. વિમાનની બિલકુલ નજીક ધમાકો થયો. યમન સરકારનો દાવો છે કે આ હુમલા પાછળ હુથી બળવાખોરો જવાબદાર છે. જેમનો ટાર્ગેટ યમનની નવી સરકારને ઉડાવવાનો હતો. જે વિમાન હુમલાખોરોના ટાર્ગેટ પર હતું તેમાં યમનના નવા પ્રધાન મંત્રી મીન અબ્દુલ મલિક સહિત તેમના મંત્રીમંડળના મંત્રીઓ સવાર હતા. આ વિમાન હજુ લેન્ડ કર્યુ જ હતું ને બ્લાલ્ટ થયો હતો. જોકે હુમલામાં એરપોર્ટ પર હાજર આમ નાગરિકો માર્યા ગયા હતા પણ નિશાના પર હતા તે પ્રધાન મંત્રી અને તેમના મંત્રીઓ બચી ગયા હતા. જેમને બાદમાં સુરક્ષીત સ્થળે લઈ જવાયા હતા. આ હુમલામાં ઘાયલોની સંખ્યા ૭૦થી ૮૦ની આસપાસ છે તેથી મૃત્યુઆંક પણ વધી શકે છે. સમગ્ર ઘટનાની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. સાઉદી અરેબિયામાં રહેતા યમનના રાષ્ટ્રપતિ અબેદ રબ્બો મંસૂરીએ હાલમાં જ સરકારમાં ફેરફાર કર્યા હતા,

# 'ગેમ ઑફ થ્રોન'ની ગેમ બનાવનારા ઉદ્યોગપતિની ઝેર આપી હત્યા કરાઈ

શાંઘાઈ : લોકપ્રિય વેબ સિરિઝ ગેમ ઓફ થ્રોન પરથી મોબાઈલ ગેમ બનાવનારા ચીની ઉદ્યોગપતિ લીન ચીની ઝેર આપી હત્યા કરી દેવાઈ છે. તેમણે ગેમ ઓફ થ્રોનઃ વિન્ટર ઈઝ કમિંગ નામની ગેમ બનાવી હતી. આ ગેમ ખાસ્સી લોકપ્રિય થઈ હતી. ૧૬મી ડિસેમ્બરે તેમને ઝેર અપાયું હતું અને ત્યારથી તેઓ હોસ્પિટલાઈઝ્ડ હતા. ૨૫મી તારીખે તેમનું અવસાન થયુ હતુ. શાંઘાઈ પોલીસે જણાવ્યુ હતુ કે શરીરમાંથી ઝેર મળી આવ્યુ હતુ. હત્યાના શકમંદ તરીકે સાથી કર્મચારી ઝૂ યાહોની ધરપકડ કરી લેવાઈ છે. જોકે ઝૂ અંગે પોલીસે વધારે વિગત જાહેર કરી નથી. નિધનના સત્તાવાર સમાચાર જાહેર થયા પછી કંપની ઓફિસે કર્મચારીઓ અંજલિ આપવા ઉમટી પડયા હતા. લી પોતે યૂઝુ મોબાઈલ કંપનીના સીઈઓ હતા અને તેમની સંપત્તિ અંદાજે ૧અબજ ડૉલર જેટલી હતી.


WELCOME !
GENERAL & COSMETIC FAMILY DENTISTRY
Dr. Salim Kapadia DDS
Dr. Salim Kapadia DDS
Dental Centre
SK
Shagofa Azizi RDH
Get Free Quote for All Dental Needs.
FREE and Convenient On-site Parking & Wi-Fi
Languages Spoken:
English, Gujarati, Hindi, Punjabi, Bengali, Urdu & Farsi
Evening and weekend appointments available.
Friendly and caring staff.
We cater to all Insurance Plans.
FREE LASER WHITENING
Complete range of Dental services available.
Emergencies seen right away.
Dental Implants start to Finish.
FOR APPOINTMENT PLEASE CALL
416-321-3268
Email: info@drsalimkapadiadental.com
Website: www.drsalimkapadiadental.com
Dr. Salim Kapadia Dental Centre
1825 Markham Rd Suite #102, Toronto, Ontario M1B 4Z9
Hours: Monday-Friday 9:00am-8:00pm
Saturday 9:00am-5:00pm | Sunday as per request


VICTORIA SUPERMARKET
JANUARY 01-07, 2021 COUPON FLYER
OPEN EVERYDAY FROM 9AM-10PM, 1400 VICTORIA PARK AVE, TORONTO WWW.VICTORIASUPERMARKET.CA
GALA APPLES SALE 1.09 LB REGULAR $1.49
GREEN MANGO SALE 1.89 LB REGULAR $2.49
FRESH METHI BUNCH SALE .99 EACH REGULAR $1.99
COCONUT WRAP SALE 1.85 EACH REGULAR $2.49
ROHU 3KG AND UP SALE 2.49 LB REGULAR $2.99
BASA FILLET 3.75 LB SALE 6.99 EACH REGULAR $9.99
ASSORTED SURATI SNACKS SALE 1.79 EACH REGULAR $2.49
KCB 200G NAN KHATIE SALE 1.49 EACH REGULAR $2.25
GITS 200G KHAMAN DHOKLA MIX SALE .99 EACH REGULAR $1.79
KEMCHHO PLAIN KHARI SALE 1.49 EACH REGULAR $2.49
LAMB SHANK SALE 4.99 LB REGULAR $5.49
CHICKEN DRUMSTICKS SALE 2.29 LB REGULAR $2.99
RANI 4LB BESAN SALE 2.99 EACH REGULAR $4.99
RANI 4LB TOOR DAL SALE 4.49 EACH REGULAR $5.99
RANI 400G PEANUTS SALE 1.19 EACH REGULAR $3.99
RANI 10 LB PREMIUM BASMATI RICE SALE 7.99 EACH REGULAR $14.99
CRISPY METHI ROTI 15 PACK SALE 2.25 EACH REGULAR $3.29
LAZEEZ PLAIN / GARLIC NAAN 5 PACK SALE 2.49 EACH REGULAR $2.99
RANI 1KG JAGGERY SALE 1.79 EACH REGULAR $2.99
SURATI UNDHIYU MIX SALE 1.49 EACH REGULAR $2.49
SURATI MOONGDAL KACHORI SALE 2.99 EACH REGULAR $4.49
AASHIRVAAD ATTA 9 KG SALE 11.49 EACH REGULAR $13.99
LAZEEZ ONION PARATHA 5 PACK SALE 1.00 /4 4 FOR $1.00
LAZEEZ 12 PACK SPRINGROLL/ SAMOSA SALE 1.99 EACH REGULAR $2.99
SOME CONDITIONS MAY APPLY
ORDER ONLINE. FREE DELIVERY.
HALAL MEAT
WE CLEAN YOUR IN HOUSE FISH FOR .50/LB AT THE FISH CORNER
FRESH HOT FOOD TO GO INSIDE